હેલ્થ કોન્સિયસ વિશ્વ હવે 'શાકાહાર' તરફ | યુદ્ધમાં સળગ્યો વિશ્વ વારસો | અલવિદા આશાતાઈ | આધુનિક સ્ત્રીનું શિલ્પરૂપ શાંતા સરવૈયાની કલા | USAમાં યોજાઈ શાનદાર ઈવેન્ટ 'એશિયન અમેરિકન હૉટેલ ઓનર્સ એસો.'



સેવા અને સંપત્તિને બેલેન્સ કરતાં અનંત અંબાણી


શ્રી

ઝંખના કેવળ સત્યને પામવાની


# ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

એપ્રિલ ૨૦૨૬ | કિંમત ₹ ૫૦/-

Global Edition

Read online : www.feelingsmultimedia.com

## વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો અદ્ભૂત સમન્વય

# જૈનિઝમ

## નવકારના નાદમાં વહ્યો 'વિશ્વ શાંતિ'નો સંદેશ

*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**
Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.



**S.S. White Technologies** Milton Keynes, UK



**S.S. White Technologies** Wadhwan, Gujarat, India



**S.S. White Technologies Inc. Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com

Celebrating 28 YEARS POSITIVE MEDIA

ઝંખના કેવળ સત્યને પામવાની

# ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

Feelings GLOBAL MEDIA
Interview | Talk Show
Current Affair

# આવી રહ્યો છે...

# ફીલિંગ્સ

# ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય સ્થાપના દિન વિશેષાંક 1લી મે 2026

ગુજરાત અને મહારાષ્ટ્રની વિકાસ ગાથા, તેની સંસ્કૃતિ, રાજકારણ, રમત-જગત અને સાંપ્રત ઘટનાઓ જેવા અનેક વિષયો પર જાણીતા લેખકોની કલમે લખાયેલા વિવિધ આર્ટિકલ્સનો વૈભવ

એટલે

**આ માહિતીસભર વિશેષ અંક**



# અનુક્રમણિકા


'Feelings'-International Gujarati Family Magazine


ઝંખના કેવળ સત્યને પામવાની

ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન



**૧૦**
જૈન દર્શન
જીવનને ઉજાસ આપતો
આધ્યાત્મિક માર્ગ



**૧૨**
સમગ્ર વિશ્વમાં ગુંજ્યો
'નવકાર મંત્ર'નો નાદ
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ
નવમી એપ્રિલને 'નવકાર દિવસ' જાહેર કરેલ



**૧૬**
જૈનિઝમ અને વિજ્ઞાન
તર્ક, પ્રયોગ અને આધ્યાત્મનો સમન્વય
- ચાણક્ય



**30**
'આશાદીપ' બુઝાયો....
પણ સ્વરસૃષ્ટિની જ્યોત
પ્રજ્વલિત રહેશે
- યજ્ઞેશ આચાર્ય



**૩૨**
સફળતા એ નથી કે તમે શું કમાયા છો?
સફળતા એ છે કે,
તમે સમાજને શું પાછુ આપો છો :
અનંત અંબાણી
- ફીલિંગ્સ ટીમ



**૪૨**
આધુનિક સ્ત્રીનું શિલ્પરૂપ
શક્તિ, સંઘર્ષ અને સૌંદર્ય
શાંતા સરવૈયાની કલા
- સુમતિ ગંગોપાધ્યાય




૦૮ આપણી જિંદગીનો વિરોધાભાસ
- ડૉ. આઈ. કે. વીજળીવાળા

૨૦ દરેક ભારતવાસીઓને આકર્ષતું સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ કોબા તીર્થ - ફીલિંગ્સ ટીમ

૨૨ વઢવાણની પાવનભૂમિ આજે પણ ભગવાન મહાવીરના પવિત્ર પગલાંને સાચવીને બેઠી છે
- ફીલિંગ્સ ટીમ

૨૪ 'શાકાહાર' તરફ વળી રહેલું 'હેલ્થ કોન્સિયસ વિશ્વ'

૨૬ લાખો જીવોના જીવનમાં પરિવર્તનનું માધ્યમ બને છે 'સમસ્ત મહાજન' - આત્મીય

૨૯ બુઝાયેલ આંખોમાં આશાનો પ્રકાશ પાથરતા માનવતાના મહાન સેવક જશવંત મહેતા
- મુકેશ પારેખ

33 એક સંવેદનશીલ સહધર્મચારિણીની સ્મરણયાત્રા..... અતૂટ પ્રેમનો દસ્તાવેજ

3૪ મુંબઈ સમાચાર આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'માં છવાયો માતૃભાષા ભક્તિનો અનોખો રંગ... - ફીલિંગ્સ ટીમ

3૬ જૂનાગઢથી વિશ્વ સુધી કેસર કેરીની સુગંધિત સફર
- દીપક જગતાપ

3૮ નવી પેઢીનાં ખેડૂતપુત્રો એગ્રો ઈન્ડસ્ટ્રિયાલિસ્ટનો દરજ્જો મેળવે - ડૉ. નાનક ભટ્ટ

૪૦ મૂર્ધન્ય સાહિત્યકાર ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ': સ્મરણાંજલિ - પ્રદીપ ત્રિવેદી

૪૪ યુદ્ધની આગમાં સળગ્યો વિશ્વ વારસો!
- નરેશ અંતાણી

૪૬ ફરમાઈશી સપના - બધિર અમદાવાદી

૪૮ રાશી ભવિષ્ય - ગણેશા સ્પીક્સ

૪૯ USA ફિલાડેલ્ફીયામાં 'એશિયન અમેરિકન હૉટેલ ઓનર્સ એસો.' (AAHOA)નું વાર્ષિક સંમેલન ભવ્યતાથી યોજાયું - Nalini Raja Patel

૫૨ ફીલિંગ્સ મિર્ચી


II Shree Satya II
DAMODARDAS
JEWELLERS
DMC Group SINCE 1961
લગ્નનો શણગાર, અદ્વિતીય સૌંદર્ય સાથે
અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭
એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧

# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

## પ્રતિભાવ મોકલાવો આ રીતે

**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**


૧૦૨-03-૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ-મેલ દ્વારા**
info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ /ઈ-મેગેઝિન દ્વારા**
www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**

**@feelingsmultimedia**


Very good publication, Atulbhai. I read all the magazines sent by you. I liked all the articles, each having different flavors. Truly enjoyed them.

**– Anil Patel (Toranto, Canada)**

Felt so proud after reading the April-26 issue of Feelings. The topics are highly impressive, informative and thoughtfully presented. I also gave it to my teenage son to read and he thoroughly enjoyed it. It's great to see such quality content that appeals to both adults and the younger generation. Keep up the excellent work!

**- Malini Vaidhya (Abu Dhabi - U.A.E.)**

ફીલિંગ્સનો એપ્રિલ-૨૬નો અંક વાંચ્યો-ખૂબ મજા આવી. 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા' એવોર્ડ ૨૦૨૬નું કવરેજ ખૂબ સરસ છે. મનમોહક ફોટોગ્રાફ્સ અને સુંદર લે-આઉટ અંકની ગુણવત્તામાં ચાર ચાંદ લગાવે છે.

**– ઉજમસિંહ ઠાકોર, ચૈતન્યસિંહ ઠાકોર (ધોળકા)**

'મુંબઈની અંધારી આલમ' વિષયક આર્ટિકલ, જે ફીલિંગ્સના એપ્રિલ-૨૬ના અંકમાં પ્રકાશિત થયો છે, વાંચીને વર્ષો




પહેલાંના મુંબઈના 'ભાઈલોગ'ની આ દિલધડક વાતો જીવંત બની ગઈ હોય એવું લાગ્યું. આવી જોરદાર વાતો આપતા રહેશો.

**– શબ્બીરખાન પઠાણ, રૂકસાર પઠાણ રીઝવાન પઠાણ (અમદાવાદ)**

ફીલિંગ્સ દરેક અંકમાં કંઈક નવું લઈને આવે છે. આ એપ્રિલ-૨૬ના અંકમાં એન.એસ.ઈ. મુંબઈ અંગેની પાવરફૂલ માહિતી ખૂબ ગમી. આર્થિક રાજધાની મુંબઈને સો-સો સલામ! ફીલિંગ્સની આખી ટીમનો આભાર.

**– અરૂણ જાદવ, નિશા કેલકર, બંટી મ્હાત્રે (કુર્લા, મુંબઈ)**

એપ્રિલ-૨૬ના અંકમાં દીપક જગતાપ દ્વારા લખાયેલો વિશ્વને દઝાડતા ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા વચ્ચેના યુદ્ધ અંગેનો આર્ટિકલ વાંચીને અને તેના હૃદયદ્રાવક ફોટોગ્રાફ્સ જોઈને ખૂબ દુઃખ થયું. આ યુદ્ધ જલ્દી સમાપ્ત થાય અને વિશ્વમાં શાંતિ સ્થાપિત થાય તેવી પ્રભુ પ્રાર્થના છે.

**– રોનક પટેલ, મૈત્રી પટેલ, ભાવના પટેલ (રાજકોટ)**

ડૉ. મુકેશ જોશીની કલમે એપ્રિલ-૨૬ના અંકમાં લખાયેલો 'પાણીદાર' નરેન્દ્રભાઈ સાચા અર્થમાં 'પાણીદાતા' વાળો આર્ટિકલ ખૂબ જ જોરદાર લાગ્યો. આટલી સુંદર માહિતી સાથેનો આ લેખ અમને ખૂબ ગમ્યો. ફીલિંગ્સ દરેક અંકમાં આવા પાવરફૂલ આર્ટિકલ્સ લઈને આવે છે તે આનંદદાયક છે. અંકનું સુંદર પ્રિન્ટિંગ અને આકર્ષક ફોટોગ્રાફ્સ પણ મનમોહક લાગ્યા. આભાર!

**– જૈમિન રાણા, ઉત્તમ ચૌહાણ, રોમિત પટેલ (સુરત)**

ક્રિકેટ જગતમાં આજકાલ ભારતીય મહિલા ક્રિકેટર્સની લોકપ્રિયતા ખૂબ વધી છે. આ અંકમાં મુંબઈની દમદાર મહિલા ક્રિકેટર્સ વિષયક આર્ટિકલ વાંચીને અમારા ટેલેન્ટ ગ્રુપની દરેક યુવતીમાં ક્રિકેટ પ્રત્યે વધુ રસ જાગ્યો છે. હવે અમે પણ આ ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરિત થયા છીએ. ફીલિંગ્સનો ખૂબ આભાર.

**– કૈરવી પંડ્યા, શ્રુતી મકવાણા, નિકીતા પટેલ (નવસારી)**

ફીલિંગ્સનો એપ્રિલ-૨૬નો અંક વાંચતા તેમાં દલિત મહિલા ઉષા ચૌમાર અંગેનો આર્ટિકલ વાંચીને આંખોમાં આંસુ આવી ગયા. સંઘર્ષથી લઈને પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત કરવા સુધીની તેઓની જીવનયાત્રા પ્રેરણાદાયક છે. ગમે તેવી મુશ્કેલીમાં પણ હિંમત ન હારવી તેવો સંદેશ મળે છે.

**– માર્ટિન જોસેફ, લીના જોસેફ (થાણે, મુંબઈ)**

ફીલિંગ્સના દરેક અંકમાં સમાજના વિવિધ પાસાઓને સ્પર્શતા લેખો હોય છે. આ અંકમાં પણ સામાજિક મુદ્દાઓને જે રીતે રજૂ કરવામાં આવ્યા છે તે ખૂબ જ સરાહનીય છે.

**– અંજલી દેસાઈ, મિતેશ દેસાઈ, ભાવના દેસાઈ (વડોદરા)**

ફીલિંગ્સનો આ અંક ખાસ કરીને યુવાનો માટે પ્રેરણાદાયક છે. સફળ લોકોની સંઘર્ષગાથા વાંચીને યુવાનોનો આત્મવિશ્વાસ વધે છે. આવી પ્રેરણાદાયક વાચન સામગ્રી માટે ફીલિંગ્સનો ખૂબ આભાર.

**– કિશન સોલંકી, હિના સોલંકી (ભરૂચ)**

ફીલિંગ્સના એપ્રિલ-૨૬ના અંકનું પ્રિન્ટિંગ, ડિઝાઈન અને લેઆઉટ ખૂબ જ ક્લાસિક લાગ્યા. દરેક પેજમાં વાંચન સાથે સાથે દેખાવમાં પણ આકર્ષક લાગે છે. ફીલિંગ્સ આવા જ જ્ઞાનવર્ધક લેખો આપતું રહે તેવી અપેક્ષા.

**– અમિત પંડ્યા, નેહા પંડ્યા આદિત્ય પંડ્યા (ભાવનગર)**


**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ-વાયુ પરિવર્તનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ-વૃદ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવેલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઈ-મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

Whatsapp No
+91-98253 28488

Email
feelingsfoundation2010@gmail.com


CELEBRATING
50 YEARS
OF TRUST AND LIFETIME BOND
RAJANI®
GROUP
Since : 1975
દરેક ઘૂંટમાં વારસાનો અનોખો સ્વાદ... મનમોહક સુગંધ અને
લાજવાબ સ્વાદ સાથે બને દરેક પળ ખાસ અને યાદગાર.
ચા ના ચાહકો માટે,
રાજાણી પ્રીમિયમ ચા ની વિશેષ શ્રેણી
ગુણવત્તા, સ્વાદ અને વિશ્વાસ નું પરફેક્ટ બ્લેન્ડ.
RAJANI GROUP
PREMIUM
CHAI
RAJANI TEA
Since : 1975
Premium Tea
250 g

'Feelings'-International Gujarati Family Magazine

ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| એડવાઈઝર | : મહેન્દ્ર શાહ |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

**ઈન્ટરનેશનલ ઓફિસ**

**FEELINGS MULTIMEDIA LTD**

**USA**

**Atlanta Georgia**

**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304

**Email** - khyatishah88@gmail.com

**New Jersey** : Sanjeev Pandya

Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392

**California (West Coast)** : Vijay Shah Journalist

**Chicago** : 2609 W. Devon Avenue, Chicago IL 60659

**U.K.** : Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909

**KENYA OFFICE :**

P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**

૫૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઈરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૬. મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ**

બ્યુરો ચીફ : જિજ્ઞા પુજારા - મો. ૯૦૯૯૦ ૧૦૩૦૯

સુરેશ ઠક્કર - મો. ૯૮૨૫૦ ૦૮૫૭૭,

જર્નાલિસ્ટ : અપુર્વ ઠક્કર - મો. ૭૪૩૫૦ ૧૭૮૫૦

**ગાંધીનગર** - કેતન નાણાવટી - મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

**સુરત** - મો. ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :

માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો. ૯૮૨૫૨ ૫૮૪૫૧

પ્રદીપસિંહ જાડેજા - મો. ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - મો. ૭૬૦૦૭ ૬૮૧૨૦

મેગેઝિન વર્લ્ડ - ફો. ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**વાર્ષિક લવાજમ**

ભારતમાં : રૂા. ૧૧૦૦/-

વિદેશમાં : **100 US Dollars**

**આજીવન સભ્યપદ**

ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**

ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.**ના નામે મોકલવો

**એપ્રિલ – ૨૦૨૬**

**વર્ષ-૨૮ સળંગ અંક : ૫૭૧**

**મુખ્ય કાર્યાલય**

**FEELINGS**
MULTIMEDIA LIMITED

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**

80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486

Member

INS THE INDIAN NEWSPAPER SOCIETY


## તંત્રીસ્થાનેથી



# ‘નવકાર’ના નાદમાં શાંતિનો સંદેશ

ઈરાન-અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ હજી ક્યારે બંધ થશે તે કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી. બંને પક્ષે હવે ‘ખમૈયા’ થાય તે અતિ આવશ્યક છે અન્યથા તેના નકારાત્મક પરિણામો ભારત જેવા ઘણાં-બધાં વિકસિત રાષ્ટ્રોને અસર કરશે. પેલેસ્ટાઈન કવિ મહેમુદ દરવેશની આ કવિતામાં વણાયેલી વેદના આપણી સંવેદનાને ઝંકૃત કરે છે.

કવિ કહે છે કે,

**‘युद्ध समाप्त होगा, नेता हाथ मिलायेंगे,**
**बुढ़ी औरत अपने शहीद बेटे का इंतजार करती रहेगी,**
**और वह लड़की अपने प्रिय पति का इंतजार करती रहेगी,**
**बच्चे अपने वीर पिता का इंतजार करेंगे.**
**मुझे नहीं पता कि वतन किसने बेचा!**
**लेकिन मैंने देखा कि किंमत किसने चुकाई.’**


આનો જવાબ પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક પર્વે નવમી એપ્રિલે ‘નવકાર દિવસ’ નિમિત્તે સમગ્ર વિશ્વમાં ગુંજેલા ‘નવકાર મહામંત્ર’ના નાદમાં સમાયેલો છે. ફીલિંગ્સ તેના એપ્રિલ-૨૬ના અંકમાં વિવિધ આર્ટિકલ્સના માધ્યમથી લાવ્યું છે જૈન દર્શનના અજવાળામાં જિન શાસનના સત્ય-પ્રેમ-કરુણા અને અહિંસાના અનમોલ સિદ્ધાંતોને. યુદ્ધથી ત્રસ્ત વિશ્વમાં હવે શાંતિનું સામ્રાજ્ય સ્થપાય તે માટે ‘વસુધૈવ કુટુંબકમ્’ની ભાવનાને ઉજાગર કરવાનો ‘ફીલિંગ્સ’નો આ નમ્ર પ્રયાસ છે.

સાથો-સાથ પ્રદીપ ત્રિવેદીની કલમે મૂર્ધન્ય સાહિત્યકાર ‘ધૂમકેતુ’ની સ્મરણાંજલિમાં પણ સહભાગી થવા જેવું છે. બીજી તરફ નવી પેઢીના ખેડૂતપુત્રોએ હવે એગ્રો ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ બનવું પડશે તેની મજેદાર વાતો ઉપરાંત મોજીલા મુંબઈમાં આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહની માતૃભાષા ભક્તિ પણ વંદનીય છે.

ઉનાળો હવે આકરો બન્યો છે ત્યારે જૂનાગઢથી લઈને આખા વિશ્વમાં પોતાની સુગંધ ફેલાવતી કેસર કેરીની સફરનો આનંદ માણ્યા પછી અનંત સેવાના અનુરાગી અનંત અંબાણીની ‘જનસેવા એ જ પ્રભુસેવા’ને પણ કેમ ભૂલી શકાય?

અંતમાં, વિષાદ યોગ.... ૯૨ વર્ષની જૈફ વયે આશા ભોંસલેજીનો જીવન દીપ બુઝાયો પરંતુ તેમની સ્વર સૃષ્ટિની જ્યોત સદૈવ પ્રજ્વલિત રહેશે એ ચોક્કસ વાત છે.. અલવિદા આશા તાઈ....

એડિટર





AsoPalav®

Celebrating 50 Years

50 Years • 5 Eras • One Legacy

An ode to the Women who chose
Us through the Years

AHMEDABAD I SURAT I VADODARA

asopalav.com I follow us on

ido-graph

ડૉ.આઈ.કે.વીજળીવાળા



# આપણી જિંદગીનો વિરોધાભાસ

આપણી પાસે મકાનો ઊંચાં છે, પણ વિચારો નીચા છે. વાહનો માટે રસ્તાઓ પહોળા છે, પણ દિલની ગલીઓ સાંકડી બની ગઈ છે. પૈસા ખૂબ જ ખર્ચીએ છીએ પણ શું જોઈએ છે એની ખબર જ નથી. ખરીદી ઢગલો થાય છે, પણ મજા ઓછી આવે છે. ઘરો વિશાળ થઈ ગયા, પણ કુટુંબ નાનું થઈ ગયું છે.

પહેલાં કરતાં સુખસગવડો ખરેખર વધી છે, પણ એ માણવા માટેનો સમય ખૂબ ઘટી ગયો છે. ભણતર વધ્યું છે, પણ ગણતર ઘટ્યું છે. જ્ઞાનનો વિપુલ ભંડાર ઊભો થયો છે પણ નિર્ણાયક શક્તિ ઘટી ગઈ છે.

દરેક ક્ષેત્રમાં નિષ્ણાતો વધ્યાં છે તો સામે પ્રશ્નો પણ એટલા જ વધ્યા છે. દવાઓ અને સારવાર વધ્યાં છે તો માંદગીઓ પણ વધી છે. પીએ છીએ ઘણું બધું, પણ પાણી સિવાય! ફેફસામાં ધુમાડો ભરીએ છીએ, એ સિગારેટનો હોય કે પછી પ્રદૂષણનો, પણ શુદ્ધ હવા માટે જરાય પ્રયત્ન કરતા નથી.

ખર્ચો ધૂમ કરી શકીએ છીએ, પણ જરૂરિયાતવાળા માણસોને આપવા માટે આપણી પાસે પૈસા જ નથી! લાખો રૂપિયાની તાણ ભોગવીએ છીએ, પણ જેની કંઈ પણ કિંમત નથી એવું હાસ્ય નથી રેલાવી શકતા. ભયંકર ઝડપે વાહન દોડાવીએ છીએ (ભટકાડીએ પણ છીએ!) પણ ધીમે ધીમે વાહન ચલાવીને કુદરતે રસ્તાઓની બંને તરફ પાથરેલા સૌંદર્યને આપણે માણી શકતા નથી.

વાતવાતમાં મગજ ગુમાવી દઈએ છીએ, પણ ધીરજથી બે ઊંડા શ્વાસ નથી લઈ શકતા. રાત્રે મોડા સૂઈએ છીએ, થાકેલા ઊઠીએ છીએ, હદ બહાર ટેલિવિઝન જોઈએ છીએ પરંતુ મિત્રો કે સગાં-વહાલાં સાથે બેસીને આનંદ-વિનોદની ક્ષણો પસાર નથી કરી શકતા.

આપણી પાસેની વસ્તુઓ વધારી છે, પણ આપણી પોતાની કિંમત ઘટાડી છે. બોલીએ છીએ ખૂબ જ, પણ ધીરજથી બીજાને સાંભળવાની શક્તિ ખોઈ બેઠા છીએ. સાચા દિલથી પ્રેમ કરવાનું આપણે ભાગ્યે જ શીખીએ છીએ. આપણા અસ્તિત્વના અણુઅણુમાં નફરતનાં ઝૂંડના ઝૂંડ ઉગાડી દીધાં છે. સત્યનો પ્રયોગ ક્યારેક જ કરીએ છીએ જૂઠના આધારે જિંદગી ચલાવતાં આપણે બરાબર શીખી લીધું છે

જીવનનિર્વાહ કરવાનું તો આપણને આવડી ગયું છે પણ જીવનને કેમ જીવવું તે નથી આવડતું. જિંદગીમાં આપણે વરસો ઉમેર્યાં છે પરંતુ વરસોમાં જિંદગીનું સત્ત્વ નથી ઉમેરી શક્યા. ચંદ્ર અને મંગળ સુધીની સફર કરી શકીએ છીએ પણ આપણા અને પાડોશીના ઘરની વચ્ચેની દીવાલ નથી ઓળંગી શકતા. બે દેશ વચ્ચેની સરહદ નથી મિટાવી શકતા.

પૃથ્વીની બહારનાં રહસ્યોનો તાગ મેળવવા મથ્યા કરીએ છીએ પણ આપણી અંદરનાં રહસ્યો અંગે હજુ ગોથાં જ ખાઈએ છીએ. મોટાં મોટાં કાર્યો કરી નાંખ્યાંની બડાશ ખૂબ મારીએ છીએ પણ એમાંથી ઉપયોગી કાર્યો તો બહુ ઓછા હોય છે. વેક્યુમ ક્લીનરથી ઘરને બિલકુલ સાફસૂથરું રાખીએ છીએ, પણ આત્મા પર ચડી ગયેલા મેલના થર આપણને ક્યારેય દેખાતા નથી.

અણુનું વિભાજન કરી એના ભૂક્કા બોલાવી શક્યા છીએ પરંતુ ઈર્ષ્યા, રાગ, દ્વેષ, ક્રોધ વગેરે દુર્ગુણોની એક કાંકરી પણ ખેરવી શક્યા નથી. થોથાંઓ મોટાં મોટાં લખીએ છીએ, પણ શીખવામાં પાછા પડતા જઈએ છીએ. યોજનાઓ ખૂબ જ બનાવીએ છીએ, પણ એ પૂરી કરવાની દરકાર ભાગ્યે જ કરીએ છીએ.

અહીં તહીં દોડાદોડ કરવામાં આખો દિવસ કાઢીએ છીએ, પણ થોડી વાર માટે નાનકડી લાઈનમાં નથી ઊભા રહી શકતા. સંખ્યાબળ ખૂબ વધ્યું છે, પણ ગુણવત્તા ઘટી ગઈ છે. આવકનો ગ્રાફ ઊંચો ગયો છે, પણ નૈતિકતાનો ગ્રાફ નીચે ઊતર્યો છે. અનાજ ઢગલાબંધ છે પણ એ પચાવવાની શક્તિ સાવ ખાડે ગઈ છે. વાનગીઓ વિવિધ પ્રકારની ઉપલબ્ધ બની છે, પણ પોષકતત્ત્વનું પ્રમાણ ખૂબ ઘટી ગયું છે.

આપણા સૌ પાસે સ્થાવર અને જંગમ મિલકતો ઘણી વધી છે પણ ઉત્તમ ખજાનો કહી શકાય એવા સાચા મિત્રો ઘટયા છે. પ્રયત્નો ખૂબ જ કરીએ છીએ પણ પામીએ છીએ ખૂબ જ ઓછું. કૉમ્પ્યૂટરની મદદથી હજારો પાનાં એક દિવસમાં છાપી શકીએ છીએ, પણ સ્નેહીજનોને ખુશીખબરના અને લાગણીના બે શબ્દો લખેલું પોસ્ટકાર્ડ કે અંતર્દેશીય પત્ર પણ નથી લખી શકતા.

આપણી શારીરિક ઊંચાઈ વધતી જાય છે પણ ચારિત્ર્ય ટૂંકું થતું જાય છે. આપણે વાતો વિશ્વશાંતિની કરીએ છીએ પણ ઘરના બે માણસ વચ્ચેના સંબંધોમાં ચંપાયેલો પલીતો ઠારી નથી શકતા. મશીનોએ આપણી ઘણી જફા ઘટાડી છે, તો પણ કંટાળો વધ્યો છે, મજા ઓછી આવે છે.

દુનિયાની સહેલ ફક્ત પંદર દિવસમાં કરી લઈએ છીએ પણ એકેય સ્થળને મુક્ત મને માણી શકતા નથી. અત્યારે દરેક પ્રકારની દવા ઉપલબ્ધ છેઃ મૂડ લાવવા માટે, શાંત થવા માટે, ઊંઘી જવા માટે અરે! મરી જવા માટે પણ! છતાં એવું કંઈક જીવનમાં બાકી રહી જાય છે જે દવાની ગોળીઓથી નથી મળતું અને એ ઊણપનો અહેસાસ આપણને વલોવ્યે જ રાખે છે.

ટૂંકમાં, જિંદગીના શો-રૂમમાં બીજાને બતાવવા માટેનું આપણે બધું જ ગોઠવી શક્યા છીએ, પણ ગોડાઉનમાં બધું જ ખાલી થઈ ગયું છે!

આ વિરોધાભાસ જો ગળે ઊતરે તો ઉપર લખેલાં વાક્યો, અરે! બધાં નહીં તો થોડાંક વાક્યો પણ ઊલટાવીને જીવવાની કોશિશ કરીએ તો જિંદગીમાં વરસો ઉમેરેલાં નહીં લાગે પરંતુ વરસોમાં ઉમેરાતી જિંદગીનો અનુભવ ચોક્કસ થશે.

# ચપટી હીંગનો ચમત્કાર...

अन्नपूर्णा®

बांधानी हींग

100% Veg.

॥ ચપટી હીંગનો ચમત્કાર ॥
લાવે સ્વાદ અને સોડમ અનેરી
અન્નપૂર્ણા હીંગ
દાળ-શાક હોય કે હોય અથાણું
મહેંકી ઉઠશે આપનું ભાણું




EXPORT PACK

Khada Powder

Yellow Powder

Since... 1976

## ANNAPURNA HING PVT. LTD.

AHMEDABAD, GUJARAT (INDIA)

E-mail : annapurnahing@yahoo.co.in


For Product Inquiry : +91-91046 49140

Export Inquiry Solicited ● એક્ષપોર્ટ પૂછપરછ આવકાર્ય

# જૈન દર્શન

## જીવનને ઉજાસ આપતો આધ્યાત્મિક માર્ગ

જૈન આગમો અને બૌદ્ધ ત્રિપિટકોના આધારે કહી શકાય કે પ્રાચીન ભારતમાં મુખ્યત્વે બે ધાર્મિક પરંપરાઓ હતી – બ્રાહ્મણ પરંપરા અને શ્રમણ પરંપરા. બ્રાહ્મણ પરંપરા વૈદિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરતી હતી, જ્યારે શ્રમણ પરંપરામાં અહિંસાને વિશેષ મહત્વ આપવામાં આવતું હતું. બ્રાહ્મણ ધર્મમાં ગૃહસ્થ જીવનને કેન્દ્રસ્થાને રાખવામાં આવતું હતું, જ્યારે શ્રમણ ધર્મમાં ગૃહત્યાગ (પ્રવ્રજ્યા)ને મુખ્ય માનવામાં આવતો હતો.



**મહાવીર પ્રભુ પહેલાં ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ થયા હતા. તેમણે ચાર મહાવ્રતો - અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહનો ઉપદેશ આપ્યો હતો. મહાવીર પ્રભુએ તેમાં બ્રહ્મચર્યને પાંચમા મહાવ્રત તરીકે ઉમેર્યું.**

બ્રાહ્મણ ધર્મ પ્રવૃત્તિપ્રધાન હતો અને તેનું અંતિમ લક્ષ્ય સ્વર્ગસુખ તથા મોક્ષ માનવામાં આવતું હતું, જ્યારે શ્રમણ ધર્મ નિવૃત્તિપ્રધાન હતો અને તેનો મુખ્ય ઉદ્દેશ દુ:ખમાંથી સંપૂર્ણ મુક્તિ એટલે કે મોક્ષ હતો. બ્રાહ્મણ ધર્મ સૃષ્ટિના સર્જક ઈશ્વરમાં વિશ્વાસ રાખે છે, જ્યારે શ્રમણ ધર્મ સૃષ્ટિને અનાદિ-અનંત માની ઈશ્વરના સર્જનને સ્વીકારતો નથી.

શ્રમણ પરંપરાની અનેક શાખાઓમાંથી એક 'નિર્ગ્રંથ' પરંપરા આજે જૈન ધર્મ તરીકે ઓળખાય છે. 'જિન'નો અર્થ રાગ, દ્વેષ અને મોહ ઉપર વિજય મેળવનાર એવો થાય છે, અને આવા વિતરાગ પુરુષોના અનુયાયીઓને જૈન કહેવામાં આવે છે.

જૈન દર્શન મુજબ કાળચક્ર સતત ફરતું રહે છે અને તેને ઉત્સર્પિણી તથા અવસર્પિણી એમ બે ભાગોમાં વહેંચવામાં આવ્યું છે. દરેક ભાગમાં ૨૪ તીર્થંકરો થાય છે. વર્તમાન અવસર્પિણીમાં અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર હતા, જેમનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૯૯માં થયો હતો.

મહાવીર પ્રભુનો જન્મ વૈશાલી નજીકના કુન્ડગ્રામમાં થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલા હતું. બાળપણમાં તેમનું નામ વર્ધમાન હતું. ૩૦ વર્ષની વયે તેમણે સંસારનો ત્યાગ કરીને દીક્ષા લીધી અને સાડા બાર વર્ષ સુધી કઠોર સાધના કરીને સર્વજ્ઞતા પ્રાપ્ત કરી.

ત્યારબાદ તેમણે લગભગ ૩૦ વર્ષ સુધી ઉપદેશ આપીને જૈન સંઘની સ્થાપના કરી. ૭૨ વર્ષની વયે, ઈ.સ. પૂર્વે ૫૨૭માં, તેઓ નિર્વાણ પામ્યા.

મહાવીર પ્રભુના ઉપદેશનો મુખ્ય આધાર અહિંસા, ત્યાગ અને વૈરાગ્ય છે. તેમણે જણાવ્યું કે સર્વ દુ:ખનું મૂળ તૃષ્ણા છે. તૃષ્ણા ક્યારેય સંતોષ પામતી નથી, તેથી તેને નિયંત્રિત કરવી જરૂરી છે.

મહાવીર પ્રભુએ આત્મજયને સર્વોચ્ચ ગણાવ્યો છે. તેઓ કહે છે કે, 'હજારો યુદ્ધો જીતવા કરતાં પોતાના મન અને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવો વધુ શ્રેષ્ઠ છે.' ક્રોધ, માન, માયા અને લોભ જેવા કષાયોનો નાશ કરવો એ આધ્યાત્મિક પ્રગતિનો મુખ્ય માર્ગ છે.

તેમણે જાતિવાદનો વિરોધ કર્યો અને જણાવ્યું કે મનુષ્ય જન્મથી નહીં, પરંતુ કર્મથી ઊંચો કે નીચો બને છે. તેમણે બાહ્ય આડંબર અને ક્રિયાકાંડને બદલે આંતરિક શુદ્ધિને વધુ મહત્વ આપ્યું.

જૈન ધર્મમાં નવકાર મંત્રનું વિશેષ મહત્વ છે, જેમાં પાંચ પરમેષ્ઠી – અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરવામાં આવે છે.

જૈન તત્ત્વચિંતન અનુસાર જગત છ દ્રવ્યોમાંથી બનેલું છે – જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આત્મા (જીવ) ચેતન તત્ત્વ છે અને તેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત શક્તિ રહેલી છે.

કર્મસિદ્ધાંત જૈન ધર્મનો મુખ્ય આધાર છે. આત્મા પોતાની ક્રિયાઓના આધારે કર્મોને બાંધે છે અને તે કર્મોના ફળનો ભોગ પણ પોતે જ કરે છે. કર્મોના બંધને રોકવું (સંવર) અને બંધાયેલા કર્મોને નાશ કરવો (નિર્જરા) એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.

જૈન ધર્મમાં અહિંસા સર્વોચ્ચ ધર્મ માનવામાં આવે છે. દરેક જીવ પ્રત્યે કરુણા અને સમભાવ રાખવો એ જ સાચો ધર્મ છે.

જિનશાસનના ત્રણ મુખ્ય તત્વો – સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક ચારિત્રને રત્નત્રય કહેવામાં આવે છે, જે મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત આવશ્યક છે.



'અનેકાંતવાદ' જૈન ધર્મની આગવી વિશેષતા છે. તે અનુસાર દરેક દ્રષ્ટિકોણ આંશિક સત્ય હોય છે, તેથી બધા દ્રષ્ટિકોણોને સમન્વયથી જોઈએ. આ દ્રષ્ટિ સહિષ્ણુતા જોવા અને અહિંસાને પ્રોત્સાહન આપે છે, જે 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને ઉજાગર કરીને વિશ્વમાં શાંતિ અને ભાઈચારો સ્થાપિત કરી શકે છે.

આજે ભારતમાં માત્ર એક ટકો વસ્તી ધરાવતો જૈન સમુદાય ભલે લઘુમતીમાં હોય, છતાં દેશના સર્વાંગી વિકાસમાં તેનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. આ સમુદાય રોજગારી માગનાર નહીં, પરંતુ રોજગારી આપનાર તરીકે ઓળખાય છે. તેથી જ ભારતમાં સૌથી વધુ આવકવેરો ચૂકવનાર સમુદાયોમાં તેનો સમાવેશ થાય છે.

માનવસર્જિત કે કુદરતી આપત્તિના સમયે પણ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના સિદ્ધાંતને અનુસરી માનવસેવા તેમજ અબોલ જીવો માટેની અનેક જીવદયા પ્રવૃત્તિઓ દ્વારા ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં લાખો અબોલ જીવોને અભયદાન આપી શાતા પહોંચાડતો જૈન ધર્મ સાચા અર્થમાં જીવનને ઉજાસ આપતો આધ્યાત્મિક રાજમાર્ગ છે.

નવકાર મંત્રના જપની ત્રણ પદ્ધતિ છે. બધા સાંભળી શકે તેમ મોટે અવાજે જપ કરવાની ક્રિયાને ભાષ્ય જપ કહેવાય છે. બીજાઓ સાંભળી ન શકે તેવો, પણ અંદરથી રટણરૂપ હોય અને જીભ તથા હોઠ થોડા હાલતા હોય તેને ઉપાંશુ જપ કહેવામાં આવે છે. જે માત્ર મનોવૃત્તિ વડે થાય તેને માનસ જપ કહેવામાં આવે છે. તેનો અનુભવ સાધકને પોતાને જ થાય છે. આમાં ભાષ્ય જપ અધમ કહ્યો છે, કારણ કે આ પ્રકારનો જપ વશીકરણ જેવા દુષ્ટ કાર્યો માટે પણ થઈ શકે છે. ઉપાંશુ જપ મધ્યમ ગણાયો છે, જ્યારે માનસ જપ કષ્ટસાધ્ય હોવા છતાં શાંતિકાર્ય માટે અત્યંત ઉત્તમ માનવામાં આવે છે. નવકારનો માનસ જપ સૌથી વિશેષ ફળદાયી છે, તેમ શ્રી પાદલિપ્તસૂરિજીએ પ્રતિષ્ઠા પદ્ધતિમાં જણાવ્યું છે.

આ રીતે માનવ જ નહીં, પરંતુ પ્રાણીમાત્રનો ભૂલોક અને પરલોકમાં સૌથી મોટો રક્ષક કે માર્ગદર્શક તરીકે નવકાર મહામંત્ર દ્વારા વ્યક્તિ પોતાના અંતિમ લક્ષ્ય સમાન આત્માની વિશુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી શકે છે, અને આ જ આ મહામંત્રનું ચરમ લક્ષ્ય છે.

આમ, નવકાર એટલે –

**સ્થૂળથી સૂક્ષ્મની યાત્રા,**
**દેહથી પ્રાણની યાત્રા,**
**શબ્દથી અશબ્દની યાત્રા,**
**ગોચરથી અગોચરની યાત્રા,**
**માનસથી અતિમાનસની યાત્રા,**
**તર્કદષ્ટિથી શ્રદ્ધાભક્તિની યાત્રા,**
**આત્માથી પરમાત્માની યાત્રા,**
**અહંકારથી અરિહંત સુધીની યાત્રા,**
**અને તેમાંથી સર્જાય છે તારકમંત્રથી તીર્થંકર સુધીની યાત્રા.**

**એથી જ શ્રીમદ્ રાજચંદ્રજીએ ગાયું છેઃ**

**શુભ ભાવ વડે મન શુદ્ધ કરો,**
**નવકાર મહાપદને સમરો,**
**નહીં એ સમાન સુમંત્ર કહો,**
**ભજીને ભગવંત ભવંત લહો.**


Read online : www.feelingsmultimedia.com

# સમગ્ર વિશ્વમાં ગુંજ્યો 'નવકાર મંત્ર'નો નાદ

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ
## નવમી એપ્રિલને 'નવકાર દિવસ' જાહેર કરેલ



नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं
एसो पंच नमोक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवई मंगलम्

''મન શાંત છે, સ્થિર છે–માત્ર શાંતિની એક અદ્ભૂત અનુભૂતિ છે. શબ્દો અને વિચારોની પાર, નવકાર મહામંત્રનો મધુર ગુંજારવ મારા મસ્તકમાં ગુંજી રહ્યો છે.

'નમો અરિહંતાણં' એક સ્વર છે, એક પ્રવાહ છે–એવી ઊર્જા છે જેમાં કોઈ ઉતાર–ચઢાવ નથી; માત્ર સ્થિરતા અને સમભાવ છે. આ એક એવી ચેતના છે, જેનો એક જ લય છે, એક જ પ્રકાશ છે, અને તે મારા અંતરમાં વ્યાપી રહ્યો છે.

નવકાર મહામંત્રની આ આધ્યાત્મિક શક્તિનો અનુભવ હું આ ક્ષણે પણ મારા અંતરમાં કરી રહ્યો છું.''

– પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી

# JITO દ્વારા વિશ્વભરમાં શાંતિ માટે દેશ–વિદેશમાં નવકાર મહામંત્ર દિવસની સામુહિક ઉજવણી કરાઈ

નવકાર મંત્ર (નમસ્કાર મહામંત્ર) જૈન ધર્મનો સર્વોચ્ચ અને પાયાનો મંત્ર છે, જે આત્મશુદ્ધિ, પાપનાશ અને અશુદ્ધ કર્મો દૂર કરવા માટે પાંચ પરમેષ્ઠિ (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)ને વંદન કરે છે. આ શાશ્વત મંત્ર ૩૫ મૂળ અને ૪ ચૂલિકાના મળી કુલ ૬૮ અક્ષરો ધરાવે છે, જેનું સ્મરણ ભૌતિક સુખ નહિ, પણ આધ્યાત્મિક પ્રગતિ માટે અનિવાર્ય માનવામાં આવે છે.



"ભારતમાં અનેક ધર્મો છે અને દરેકનો પોતાનો મંત્ર છે. મંત્રનું પઠન જીવનને ઉર્ધ્વગતિ આપે છે, ચૈતન્યને જાગૃત કરે છે અને શુભ સંકલ્પોને મજબૂત બનાવે છે. જ્યારે અનેક લોકો શ્રદ્ધાપૂર્વક એક જ નવકાર મંત્રનું પઠન કરે છે, ત્યારે તે માત્ર વ્યક્તિગત કલ્યાણ પૂરતું નથી રહેતું, પરંતુ સમગ્ર દેશ અને વિશ્વના કલ્યાણમાં પણ યોગદાન આપે છે.

આજના સમયમાં વિશ્વને શાંતિની અત્યંત જરૂર છે. આવી સ્થિતિમાં કરોડો લોકો દ્વારા કરવામાં આવતું સામૂહિક નવકાર મંત્ર પઠન માત્ર વાતાવરણને શુદ્ધ નથી બનાવતું પરંતુ દરેકના મનને શાંત કરે છે અને એકબીજાને સમજવાની ક્ષમતા પણ વધારી આપે છે."

– કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ

**નવકાર મંત્ર જૈન શાસનમાં શાશ્વત મંત્ર ગણાય છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ ૯ એપ્રિલને 'નવકાર દિવસ' તરીકે જાહેર કરેલ હોઈ સમગ્ર વિશ્વમાં આનંદ ઉલ્લાસથી આ નવકાર દિવસની ઉજવણી સંપૂર્ણ શ્રદ્ધા અને ભક્તિભાવથી કરવામાં આવે છે. આ દિવસે નવકાર જાપ સાથે વિવિધ અનુષ્ઠાનો પણ ઉજવાય છે તેમજ જીવદયાના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન પણ જૈન સમુદાય દ્વારા કરવામાં આવે છે.**



હિન્દુસ્તાનને સુપર ઈકોનોમિક તાકાત બનાવવા માટે સૌથી ઉત્તમ કાચો માલ સામાન જો ઉપલબ્ધ હોય તો તે જૈન સમાજમાં છે એવું મારું માનવું છે.

જૈનોના ડી.એન.એ.માં જ કેટલીક એવી વાતો છે જે સ્વભાવિકપણે એમનામાં આવી જ જાય. એટલે જૈનોને બિઝનેસ શીખવાડવો નથી પડતો એમના લોહીમાં વણાયેલો છે.

જૈન સમુદાય નોકરી માંગવાવાળો સમુદાય નથી નોકરી આપવાવાળો છે.

– શ્રી નિતીન ગડકરી (કેન્દ્રીય મંત્રી)



જાણીતા નવલકથાકાર અને પત્રકાર **શ્રી ખુશવંત સિંહ**ના શબ્દો:

'કોઈ પણ ધર્મની કેન્દ્રીય માન્યતામાં જે એક સિદ્ધાંત ગોવો જોઈએ તે અહિંસા છે, જેમાં કોઈ પણ જીવ કે મનુષ્યને હાનિ પહોંચાડવાની વાત છે.'

પ્રાણીઓને ખાવા માટે મારવાં એ સભ્યતાનું લક્ષણ નથી. મેં બધા ધર્મોને ત્યજી દીધા છે, પરંતુ હું જૈન ધર્મની સૌથી નજીક હોઉં એવી લાગણી મને થાય છે. આમ, કરુણા અને અહિંસાને જીવનમાં સ્થાન હોવું જોઈએ.



કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીતભાઈ શાહ સાથે JITO ચેરમેન શ્રી પૃથ્વીરાજ કોઠારી




જીતો દ્વારા (વડોદરામાં) વિશ્વ શાંતિ માટે આયોજિત નવકાર મંત્ર દિવસની ઉજવણીના કાર્યક્રમો ખૂબ જ ઉલ્લાસ અને ભક્તિપૂર્ણ વાતાવરણમાં આત્મીય ધામ માંજલપુર, સયાજી નગરગૃહ અકોટા તથા સ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ ખાતે ખૂબ જ સુંદર રીતે ભક્તિભાવથી સંપન્ન થયેલ.

કાર્યક્રમના કન્વીનર પ્રશાંત શાહ તથા JITOના પ્રમુખ શ્રી પુખરાજ દોશીએ આ કાર્યક્રમનો ઉદ્દેશ અને મહત્વ ખૂબ સરસ રીતે ઉપસ્થિત ભાવિકજનોને સમજાવ્યું હતું.

આજે વિશ્વમાં જ્યારે યુદ્ધ અને અશાંતિની આગ ફેલાઈ છે ત્યારે આ 'નવકાર મંત્ર'નો પ્રભાવ જ વિશ્વમાં શાંતિ સ્થાપી શકે તેમ છે. આ પાવન અવસરે ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત ધર્મધુરંધર સુરિ મહારાજ અને ગચ્છાધિપતિ આચાર્ય નિત્યાનંદ સુરિ મહારાજે માંગલિક વચન ફરમાવ્યા હતા તથા પૂ. મોક્ષાનંદજી મહારાજે તમામ જૈનોને એક થવા હાકલ કરી હતી. આચાર્ય આગમરત્ન મહારાજ સાહેબે 'નવકાર મહામંત્રના રટણ'નો અદ્‌ભૂત મહિમા સમજાવતા કહ્યું હતું કે, 'નવકારના રટણથી કેન્સર જેવી જીવલેણ બીમારી પણ દૂર થાય છે.' નવકાર કુંભની શોભાયાત્રાએ તથા સંગીતકાર દીપ શાહ અને જયેશ ચુડગરે વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું તથા કર્ણિક શાહે નવકાર મંત્રના સ્તવનોની રમઝટ જમાવી હતી. આ પાવન પ્રસંગે ફીલિંગ્સના સીએમડી એડિટર અતુલ શાહ તથા મ્યુ. કાઉન્સીલર મનોજ પટેલ અને રાખી શાહે હાજરી આપી સમારંભની શોભા વધારી હતી.




SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE
PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE
सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा
NOVEL
SWASTHYA SETU IS THE NEW NORMAL
Amines® Biotech Pvt. Ltd.
Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in
Customer Care No.:
+91 97237 07339
Follow us:
Available at:
JPOINT




# જૈનિઝમ અને વિજ્ઞાન

## તર્ક, પ્રયોગ અને આધ્યાત્મનો સમન્વય

સનાતન ભારતીય સંસ્કૃતિમાં વિજ્ઞાન સહજ રીતે વણાયેલું છે. આપણી મોટાભાગની પરંપરાઓ પાછળ કોઈને કોઈ વૈજ્ઞાનિક અભિગમ રહેલો છે. વિદ્વાનો કહે છે કે ભગવાન મહાવીરે વિજ્ઞાનની બહારની કોઈ વાત કરી જ નથી; દરેક વાત સંપૂર્ણ તાર્કિક છે. ફરક માત્ર એટલો છે કે કેટલીક વાતોને વૈજ્ઞાનિકોએ પ્રયોગો દ્વારા સિદ્ધ કરી દીધી છે, જ્યારે કેટલીક વાતો આવનારા વર્ષોમાં વિજ્ઞાન દ્વારા સિદ્ધ થતી નજરે પડશે. જૈન ધર્મ સાથે સંકળાયેલા વિજ્ઞાનને હવે થોડું ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ.

આજે વૈજ્ઞાનિક અને ધાર્મિક અભિગમ ધરાવતા લોકો બંને સ્વીકારવા લાગ્યા છે કે વિજ્ઞાન અને ધર્મ એક જ સિક્કાની બે બાજુઓ છે જે આનંદની વાત છે. આઈન્સ્ટાઈન જેવા પ્રતિભાશાળી વૈજ્ઞાનિકે કહ્યું છે કે, 'ધર્મ વિના વિજ્ઞાન પંગુ છે અને વિજ્ઞાન વિના ધર્મ અંધ છે.' વિજ્ઞાન લોજિક, એટલે કે તર્કબદ્ધ પ્રયોગો અને પરિણામો પર આધારિત છે. તેમાં માત્ર શ્રદ્ધા ચાલતી નથી પરંતુ શ્રદ્ધાપૂર્વક કરેલા પ્રયોગોથી મળતી સાબિતી માન્ય ગણાય છે. જોકે, વિજ્ઞાન મુખ્યત્વે ભૌતિક સત્યો શોધવાની દિશામાં સક્રિય રહે છે અને પાંચ ઈન્દ્રિયો દ્વારા મળતા ઉપરછલ્લા જ્ઞાનને કારણે વૈજ્ઞાનિકોના અવલોકનોમાં સમયાંતરે ફેરફાર જોવા મળે છે.

જૈન વિજ્ઞાની આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિશ્વરજી મહારાજ જણાવે છે કે, 'ભારતીય સંસ્કૃતિ પ્રાચીન કાળથી વિજ્ઞાનના ક્ષેત્રમાં અગ્રેસર રહી છે. પાશ્ચાત્ય વિશ્વમાં જ્યાં વિજ્ઞાનનો પાયો મૂકાઈ રહ્યો હતો, ત્યારે ભારતમાં તે સંપૂર્ણ રીતે વિકસિત થઈ ચૂક્યું હતું. જૈન આગમોની ભાષા ભગવાન મહાવીરના સમયની છે અને તેઓ જે પ્રદેશમાં વિહાર કરતા હતા, ત્યાં બોલાતી લોકબોલી-અર્ધમાગધી ભાષામાં તે રચાયા છે. ત્યારબાદના આચાર્યોએ તેનું સંસ્કૃતમાં વિવેચન કર્યું છે. આ સમગ્ર સાહિત્યમાં ઘણા એવા વૈજ્ઞાનિક સિદ્ધાંતો છે જે આધુનિક વિજ્ઞાને માત્ર છેલ્લા ચારસો-પાંચસો વર્ષમાં શોધ્યા છે.'



ડૉ. બિપિન દોશી

છેલ્લા બાવીસ વર્ષથી મુંબઈ યુનિવર્સિટીના જૈનોલોજી વિભાગના વડા અને એમબીબીએસ ડોક્ટર તરીકે કાર્યરત ડૉ. બિપિન દોશી જૈન ધર્મની વૈજ્ઞાનિકતા વિશે કહે છે કે, 'ભગવાન મહાવીરને માત્ર વૈજ્ઞાનિક કહેવું એટલે કંપનીના સીઈઓને પ્યુન કહેવા જેવું છે. પ્રભુ મહાવીરનો દરજ્જો ખૂબ ઊંચો હતો.

તેમણે કહેલી વાતો આજે વૈજ્ઞાનિકો સિદ્ધ કરે છે એ તો એક બાયપ્રોડક્ટ છે. તેમણે બે-ચાર બાબતોનું નહીં, પરંતુ આપણા સમગ્ર અસ્તિત્વનું વિજ્ઞાન આપ્યું છે. તેમણે દરેક જીવના સુખ અને દુઃખ પાછળનાં કારણો સમજાવ્યાં, સુખી થવાનો માર્ગ દર્શાવ્યો અને જીવમાત્રની મુક્તિનો રસ્તો બતાવ્યો. આ સાથે જોડાયેલી અન્ય બાબતો આજના વૈજ્ઞાનિકો માટે 'સર્વસ્વ' સમાન છે પરંતુ સર્વજ્ઞ માટે એ નગણ્ય હતી. તેમ છતાં, તેમણે કહેલી દરેક વાત તર્કબદ્ધ હોવાથી વિજ્ઞાનની કસોટી પર પણ સચોટ પુરવાર થઈ છે અને ભવિષ્યમાં પણ થતી રહેશે.'

આ પૂર્વભૂમિકા પછી હવે વિજ્ઞાનના માપદંડ પર ખરા ઉતરેલા કેટલાક સચોટ સિદ્ધાંતોની ચર્ચા કરીએ-જેમાંથી કેટલાક સિદ્ધાંતો વૈજ્ઞાનિકો દ્વારા પહેલેથી જ સિદ્ધ થઈ ચૂક્યા છે અને કેટલાક આવનારા સમયમાં નિશ્ચિતરૂપે સાબિત થશે.

**૧ : લૉ ઑફ કન્ઝર્વેશન**

આજના આધુનિક વિજ્ઞાનની વાતને ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં જ સ્પષ્ટ રીતે સમજાવી હતી. ડૉ. બિપિન દોશી કહે છે, 'દર્શનની દૃષ્ટિએ જડ અને ચેતનનું અસ્તિત્વ અનાદિથી છે-તે પહેલેથી જ હતું, છે અને રહેશે. એટલે કે જે છે તે છે જ અને રહેશે પણ. ફરક માત્ર એટલો છે કે આપણે તેમાં થતા પરિવર્તનોને જોતા રહીએ છીએ.

કેવળજ્ઞાન પછી ભગવાન મહાવીરે ત્રણ મહત્ત્વના શબ્દો કહ્યા, જેમાં પણ આ જ


Read online : www.feelingsmultimedia.com

સિદ્ધાંતની વાત છે અને જેના આધારે તમામ શાસ્ત્રોની રચના થઈ. ઉપ્પન્ને ઈ વા એટલે કે ઉત્પન્ન થતું, વિગમે ઈ વા એટલે કે નષ્ટ થતું અને ધુવે ઈ વા એટલે કે ત્યાર પછી પણ સ્થિર રહેતું. આ રીતે 'કન્ઝર્વેશન' ભગવાન મહાવીર દ્વારા આપવામાં આવેલો એક મહત્ત્વનો સિદ્ધાંત છે.'

**૨ : આહારવિજ્ઞાન**

આધુનિક વિજ્ઞાન આહારમાં રહેલાં ઘટક દ્રવ્યોના આધારે આહારના પ્રકાર દર્શાવે છે. એ માટે વિટામિન, ખનિજ, ચરબી, કાર્બોહાઈડ્રેટ્સ વગેરે મહત્ત્વનાં ગણાય છે; જ્યારે પ્રાચીન પરંપરામાં આહારના ઘટક દ્રવ્યો કરતાં, તેને આહાર તરીકે ગ્રહણ કર્યા પછી આપણા શરીર તેમજ મન પર થતી અસરના આધારે આહારના પ્રકાર દર્શાવવામાં આવ્યા છે.

૧. સાત્વિક આહાર

૨. રાજસિક આહાર

૩. તામસિક આહાર

જે આહાર લીધા પછી અન્યનું ભલું કરવાની ભાવના ઊપજે, ક્રોધ વગેરે દુર્ગુણો ઓછા થાય, તે સાત્વિક આહાર કહેવાય છે. જે આહાર લીધા પછી સંસારના મોજશોખ કરવાની, સંસાર ભોગવવાની અથવા સારી-સારી ચીજવસ્તુઓ વાપરવાની ઈચ્છા થાય, તે રાજસિક આહાર કહેવાય છે. જ્યારે જે આહાર લીધા પછી ક્રોધાદિ કષાયો ઉદ્દીપ્ત થાય, મારામારી કરવાની ભાવના જાગે અને વાસનાઓ ભડકે, તે તામસિક આહાર કહેવાય છે.

કંદમૂળ તામસિક આહાર હોવાને કારણે સાધુ, સાધક તેમજ ગૃહસ્થએ તેનો ત્યાગ કરવો જોઈએ, એવું જણાવતાં આચાર્યશ્રી વિજયનંદિઘોષસૂરિજી કહે છે કે આ પ્રકારનાં કંદમૂળ વગેરેમાં હાલતા-ચાલતા સૂક્ષ્મ જીવ પ્રાયોગિક રીતે માઈક્રોસ્કોપમાં જોવા મળ્યા છે. અલબત્ત, પેથોલોજિકલ લેબમાં વપરાતા સામાન્ય માઈક્રોસ્કોપમાં તેઓ દેખાતા નથી; તેના માટે વધુ શક્તિશાળી માઈક્રોસ્કોપ જરૂરી છે. આવું શક્તિશાળી અને વીડિયો રેકોર્ડિંગ કરવાની સુવિધાવાળું માઈક્રોસ્કોપ મુંબઈના ઘાટકોપર સ્થિત મધુ સંઘવીની પ્રયોગશાળામાં ઉપલબ્ધ છે. બજારમાં લારી-ગલ્લા પર મળતા અથવા હોટેલોમાં મળતા અન્ય ખાદ્ય પદાર્થોનું પણ માઈક્રોસ્કોપિક પરીક્ષણ કરવામાં આવ્યું છે અને તેમાં અસંખ્ય પ્રકારના જીવાણુઓ જોવા મળ્યા છે. તેથી બહાર મળતા ચટાકેદાર ખાદ્ય પદાર્થો આરોગ્ય માટે હાનિકારક છે અને જૈન પરંપરામાં તેમને ત્યાજ્ય ગણાવવામાં આવ્યા છે.

જૈન પરંપરામાં મહિનામાં ૫, ૧૦ અથવા ૧૨ પર્વતિથિએ લીલોતરીનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તેનું કારણ સમજાવતાં તેઓ કહે છેઃ પર્વતિથિ દર બે દિવસના અંતરે આવે છે. આપણા શરીરમાં આશરે ૭૦ ટકા પાણી અને ૩૦ ટકા ઘન પદાર્થ છે. તેથી બે દિવસ લીલા શાકભાજીનો ઉપયોગ કરીને એક દિવસ તેનો ત્યાગ કરવો યોગ્ય ગણાયો છે. લીલોતરી પિત્તવર્ધક અને કઠોળ વાયુકારક માનવામાં આવે છે; જ્યારે કઠોળ કફનો નાશ કરે છે. આ રીતે વાત, પિત્ત અને કફના સંતુલન માટે દર બે દિવસે એક દિવસ લીલોતરીનો ત્યાગ કરીને કઠોળનો ઉપયોગ કરવાની પ્રથા છે. આ માટે જ પર્વતિથિનું આયોજન કરવામાં આવ્યું છે. ચાતુર્માસ દરમિયાન વાતાવરણમાં ભેજ વધુ હોવાથી પાણીની જરૂરિયાત પણ ઓછી રહે છે.

તે જ રીતે, જૈન ધર્મમાં અનેક પ્રકારના ત્રસજીવો ઉત્પન્ન થવાને કારણે દ્વિદળ આહાર અર્થાત્ કાચા દૂધ અથવા દહીં સાથે કઠોળ કે દાળનું સંયોજન-વર્જિત ગણાયું છે. આયુર્વેદમાં પણ આ પ્રકારનો આહાર 'વિરુદ્ધ આહાર' તરીકે માન્ય છે. ચોમાસામાં મેથી, કોથમીર, સૂવા જેવી લીલી ભાજી અને ડ્રાયફ્રૂટ્સનો પરિહાર કરવામાં આવે છે. લીલી ભાજી ચોમાસામાં ન ખાવાની સલાહ આધુનિક મેડિકલ સાયન્સના ડોક્ટરો પણ આપે છે, કારણ કે આ ઋતુમાં લીલી ભાજી જેવા રંગના કેટલાક જીવાણુઓ ઉત્પન્ન થાય છે, જે પાચનતંત્રને નુકસાન પહોંચાડી શકે છે.

**૩ : મનોવિજ્ઞાન**

ભગવાન મહાવીર સ્વામીએ 'અહિંસા', 'અનેકાંતવાદ' અને 'અપરિગ્રહવાદ'ના સિદ્ધાંતો આપ્યા છે. તેનો સીધો સંબંધ સાઈકોલોજી સાથે પણ છે. ડૉ. બિપિન કહે છે, માનસિક અશાંતિના મુખ્ય ત્રણ કારણો છે-વસ્તુ, વિચાર અને વ્યક્તિ. તમે અપરિગ્રહી હો તો વસ્તુનો મોહ તમને નડે નહીં, એટલે તેને લઈને તમે કોઈ પણ વિવાદમાં પડતા નથી. તમે અનેકાંતવાદમાં માનતા હો તો બીજાના અભિગમને આપમેળે આદર આપો છો. કોઈના વિપરીત અભિગમ તમને અકળાવતા નથી. વિચારભેદના વિવાદ ટળી જાય છે, તેથી સ્વાભાવિક છે કે માનસિક શાંતિ મળે જ. અહિંસાને પણ ભગવાન મહાવીરે સૂક્ષ્મ અને વ્યાપક અર્થમાં સમજાવી છે.

જ્યારે પણ તમે હિંસાત્મક પ્રવૃત્તિ કરો છો ત્યારે સાઇકોલોજિકલી તેની ઘેરી અસર મગજ પર પડે છે. વધુમાં, મન, વચન અને કાયાથી હિંસા ન કરવાની નીતિના કારણે વ્યક્તિ પ્રત્યેનો દ્રોહભાવ આપોઆપ શમી જાય છે. આ રીતે આ ત્રણેય સિદ્ધાંતો તમને આપમેળે માનસિક સ્વસ્થતા આપે છે.

આપણા પર્યાવરણવાદના અન્ય કેટલાંક શાસ્ત્રીય પાસાઓ સમજાવતા આચાર્યશ્રી વિજયનંદિઘોષસૂરીશ્વરજી કહે છે, હિંસા ઓછી થાય તો માંસાહાર ઘટે છે. માંસાહાર ઓછો થાય એટલે પશુઓની કતલ ઘટે છે, અને તેના પરિણામે પશુઓ દ્વારા વપરાતી વનસ્પતિ, અનાજ વગેરેનો બચાવ થાય છે, જે મનુષ્યો માટે વધુ સુલભ બને છે. આજે ગ્રીન ગેસથી થતા પ્રદૂષણ વિશે આખી દુનિયામાં ચિંતા વ્યક્ત થઈ રહી છે, અને કુદરતને બચાવવા માટે શાકાહાર તરફ વળવાની દિશા સૂચવાઈ રહી છે-જે વાત ભગવાન મહાવીરે પહેલેથી જ પોતાના સિદ્ધાંતોમાં કહી છે. આ રીતે પર્યાવરણના રક્ષણ સાથે અન્ય જીવોના સુખનો પણ જૈન આચારમાં વિચાર કરવામાં આવ્યો છે.

ચોરી ન કરવી, કોઈની આપેલી પરવાનગી વિના કંઈ ન લેવું-આ વ્રત પણ અન્ય જીવોના મનને ન દુભાય તે માટે છે. જૈન પરંપરામાં 'જીવ અદત્ત' અને 'અજીવ અદત્ત'ની પણ વાત આવે છે. અર્થાત્, વનસ્પતિ કે પુષ્પ વગેરેને વૃક્ષ પરથી લેતા પહેલાં તેનાં જીવની અનુમતિ લેવી જરૂરી માનવામાં આવી છે. જો વૃક્ષ અથવા પુષ્પના જીવની અનુજ્ઞા લેવામાં આવી ન હોય, તો તે પણ એક પ્રકારની ચોરી ગણાય છે.

તે જ રીતે, નિર્જિવ વસ્તુ પણ તેના માલિક અથવા તે જે સજીવ પદાર્થમાંથી બની હોય તેની મનોમન પરવાનગી લઈને જ ગ્રહણ કરવી જોઈએ. આયુર્વેદમાં પણ ઔષધિ માટે વનસ્પતિનાં મૂળ કે પાંદડાં લેવાં હોય, તો તેની પરવાનગી લેવાનું જરૂરી માનવામાં આવ્યું છે. અને આ રીતે, જે તે જીવની સંમતિથી લેવામાં આવેલી ઔષધિ વધુ અસરકારક સાબિત થાય છે. આ સિદ્ધાંત પણ ખૂબ જ મહત્ત્વનો માનવામાં આવે છે.

**૪ : જીવશાસ્ત્ર**

જૈન પરંપરાનું જીવવિજ્ઞાન પણ આશ્ચર્ય પમાડે એવું છે. આચાર્યશ્રી વિજયનંદિઘોષસૂરીશ્વરજી કહે છે, વનસ્પતિમાં જીવ છે એવું સર જગદીશચંદ્ર બોઝે છેક વીસમી સદીમાં કહ્યું હતું જ્યારે જૈન પરંપરામાં તો એ વાત ૨૫૦૦ વર્ષ પૂર્વે જ કહેવાઈ ગઈ હતી. માઈક્રોસ્કોપ વિના કંદમૂળમાં રહેલા અનંત જીવની પણ તેમણે ચર્ચા કરી છે. વળી, જૈન પરંપરા પ્રમાણે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુમાં પણ જીવ છે એવું જણાવાયું છે, જે

વિજ્ઞાનને હજી પ્રયોગાત્મક રીતે સિદ્ધ કરવાનું બાકી છે. જોકે પ્રાચીન આચાર્યોએ તાર્કિક રીતે આ બધામાં જીવત્વની સ્થાપના કરી છે, આધુનિક વિજ્ઞાન તેને પ્રયોગ દ્વારા સમજવાનો પ્રયત્ન કરે છે.

ખાસ કરીને પાણીમાં, પાણીથી અલગ જીવાણુઓ હોવાની વાત વિજ્ઞાને સાબિત કરી છે, પરંતુ પાણીના અણુ $H_2O$ પોતે જ સજીવ છે-એવો અભિપ્રાય જૈન દર્શન સિવાય અન્યત્ર જોવા મળતો નથી. જાપાનના વિજ્ઞાની ડૉ. મસારૂ ઈમોટોએ પોતાના પુસ્તક 'હિડન મેસેજિસ ઈન વોટર'માં વિવિધ પ્રયોગોના પરિણામો રજૂ કર્યા છે, જેના આધારે પાણીના દરેક અણુમાં જીવત્વ હોવાની સંભાવના દર્શાવવામાં આવી છે. આ વિષય પર ભાવનગરના ડૉ. પ્રવીણભાઈ શાહે પણ પાણીના દરેક અણુમાં જીવ હોવાનો અભિગમ રજૂ કર્યો છે, જોકે આ વિચાર હજી આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક રીતે સ્વીકારાયો નથી.

**૫ : પર્યાવરણ વિજ્ઞાન**

વનસ્પતિ, જળ, પૃથ્વી અને હવા- આ ચારેય તત્ત્વોમાં ભગવાન મહાવીરે જીવ હોવાનું જણાવ્યું છે. એમ જણાવીને ડૉ. બિપિન કહે છે, અહિંસા કરવી હોય તો પાણી, હવા, જળ અને પૃથ્વીને હાનિ કેવી રીતે પહોંચાડી શકાય? તેમણે સર્વાઈવલ માટે જરૂરી હોય તેટલી ઓછામાં ઓછી હિંસા કરીને જીવવાની શીખ આપી છે.

જળનો બગાડ ન કરવો, વનસ્પતિની સંવેદનાને ડૉ. જગદીશચંદ્ર બોઝ સમજે તે પહેલાં જ પ્રભુ મહાવીરે એની વાત કરી હતી. પૃથ્વી એટલે કે માટીમાં અને હવામાં પણ સૂક્ષ્મ જીવ હોય છે, તેથી તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાની વાત કરવામાં આવી છે.

વનસ્પતિને કાચી ન ખાવી, અમુક ફળોને યોગ્ય રીતે સુધારીને અને અમુક સમય બાદ જ ખાવાં, પાણી ઉકાળી ઠારીને પીવું, હવામાં જીવની હાજરીને ધ્યાનમાં રાખીને સાવચેતીપૂર્વક શ્વસન કરવું, તેમજ બોલતી વખતે મુખ સામે રૂમાલ રાખવો-આવી પરંપરાઓ આ સિદ્ધાંતને જ આભારી છે.

**૬ : પરમાણુ વિજ્ઞાન**

નીલ્સ બોહરે છેક વીસમી સદીમાં પરમાણુ અંગેનું આધુનિક વૈજ્ઞાનિક મોડલ રજૂ કર્યું, જ્યારે જૈન આગમોમાં પરમાણુ વિશેની વાત ૨૫૦૦ વર્ષ પૂર્વે શ્રી મહાવીરસ્વામી દ્વારા કરવામાં આવી હતી. વિજ્ઞાનીઓ દ્વારા આપવામાં આવેલી પરમાણુની વ્યાખ્યા અને જૈન આગમોમાં દર્શાવેલી વ્યાખ્યા એકસરખી લાગે છે, પરંતુ તેમના અર્થમાં ઘણો તફાવત છે. આચાર્યશ્રી વિજયનંદિઘોષસૂરીશ્વરજી કહે છે: 'જૈન દર્શન મુજબ પુદ્ગલ દ્રવ્યનો સૂક્ષ્મતમ અંશ, જે કેવળજ્ઞાનીની દૃષ્ટિએ અવિભાજ્ય છે, તેને પરમાણુ કહેવામાં આવે છે. જ્યારે આધુનિક વિજ્ઞાન મુજબ દર્શાવાયેલ પરમાણુને ઈલેક્ટ્રોન, પ્રોટોન, ન્યૂટ્રોન અને એથી પણ સૂક્ષ્મ ક્વાર્ક જેવા કણોમાં વિભાજિત કરી શકાય છે. તેથી તે વાસ્તવમાં અંતિમ અવિભાજ્ય પરમાણુ નથી.'

પાશ્ચાત્ય અગ્રણી વિજ્ઞાનીઓ પણ સ્વીકાર કરે છે કે અણુવિજ્ઞાનનું મૂળ ભારતીય પ્રાચીન સાહિત્યમાં જોવા મળે છે અને તેના આધારે ઘણી નવી શોધો થઈ છે.

આ જ સંદર્ભમાં ડૉ. બિપિન દોશી કહે છે: 'જૈન શાસ્ત્રોમાં પુદ્ગલાસ્તિકાય નામનો વિશાળ વિષય છે, જેમાં ઍટમ સાયન્સની ચર્ચા કરવામાં આવી છે. પરમાણુના સૂક્ષ્મ સ્વરૂપ અંગેની વાત પ્રભુ મહાવીરે કરી છે. દરેક પરમાણુમાં અવાજ, પ્રકાશ, અંદરઘાર અને ગતિ જેવા ગુણો હોય છે - જે બાબત હવે વિજ્ઞાન પણ સ્વીકારે છે. ઍટમ્સ સતત ગતિમાં રહે છે.'

**૭ : ધ્વનિ વિજ્ઞાન**

ધ્વનિશાસ્ત્ર વિશે પણ પ્રાચીન શાસ્ત્રોમાં પાયાની માહિતી ઉપલબ્ધ છે. તેમાં પણ મંત્રવિજ્ઞાન સંપૂર્ણપણે ધ્વનિશાસ્ત્ર પર આધારિત છે. આ વિષયનું વધુ વિવરણ કરતાં આચાર્યશ્રી વિજયનંદિઘોષસૂરિશ્વરજી ઉમેરે છે, 'મંત્ર દ્વારા શસ્ત્રનું પણ સંચાલન કરવામાં આવતું અને તેને અવિદ્યા કહેવામાં આવતી. આ અવિદ્યા દ્વારા પ્રયોગમાં લેવાયેલા શસ્ત્રો જે તે વ્યક્તિ કે સ્થળ પર પ્રહાર કરીને ફરી પ્રયોક્તા પાસે પરત આવતા હતા. ઉપરાંત મંત્ર દ્વારા રોગોના ઉપચાર પણ કરવામાં આવતા. તેમાં સંગીતચિકિત્સા ધ્વનિશાસ્ત્રનું ઉત્તમ ઉદાહરણ છે.

'શ્રી અનુયોગદ્વાર' નામના જૈન આગમમાં શાસ્ત્રીય સંગીતની સંપૂર્ણ સમજ અર્ધમાગધી ભાષામાં લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં આપવામાં આવી છે. સંગીતના સાત સૂર દ્વારા વ્યક્તિના સ્વભાવ, આજીવિકા અને ભાગ્યનો નિર્દેશ પણ તેમાં મળે છે. ઉપરાંત વિવિધ પ્રકારના શાસ્ત્રીય સંગીતના રાગો મનુષ્યના શરીર અને મન પર કેવી અસર કરે છે તેનું પણ વર્ણન ભારતીય પ્રાચીન જૈન તથા જૈનેતર સાહિત્યમાં ઉપલબ્ધ છે. જ્યારે પશ્ચિમમાં આ વિષય પર વિચાર કરવાનું છેલ્લા ૨૦-૨૫ વર્ષથી શરૂ થયું છે.

તાનસેને દીપક રાગ દ્વારા દીપક પ્રગટાવ્યા હતા, જ્યારે તાના અને રીરીએ મેઘમલ્હાર રાગ ગાઈને તેની બળતરા શાંત કરી હતી. તેમજ બૈજુએ રાગ માલકૌંસ ગાઈને પથ્થર પણ પીગાળ્યો હતો.'

આધુનિક સમયમાં ધ્વનિ વિજ્ઞાનનો એક સચોટ દાખલો આપતાં ડૉ. બિપિન દોશી કહે છે કે, 'આપણે જે શબ્દો બોલીએ છીએ તે ઍટમનો જ એક ભાગ છે. જેમ ઍટમમાંથી ઍટમબોમ્બ બનાવી શકાય છે, તેમ સાઉન્ડમાં રહેલા ઍટમને કન્સન્ટ્રેટ કરીને કિડની સ્ટોનની સર્જરી કરવામાં આવે છે, જેને લિથોટ્રિપ્સી કહેવામાં આવે છે. જૈનોના જાણીતા સ્તોત્ર 'શ્રી ભક્તામર'ની રચનામાં પણ આ જ વિજ્ઞાનનો ઉપયોગ થયો હતો. માલકૌંસ રાગ અને શબ્દોની વિશિષ્ટ બાંધણી દ્વારા એવો ધ્વનિ ઉત્પન્ન થયો કે આ સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગસૂરિજીએ મંત્રના પ્રભાવથી પોતાના અંગ પરની લોખંડની બેડીઓ તોડી નાખી હતી-જે તર્ક હવે સ્વીકાર્ય લાગે છે.'

**ભગવાને ૧૨ ભાવના બતાવી છે, એમાં એક ભાવના છે 'અશરણ ભાવના'**

**ઘણા માનતા હોય છે કે, આના આધારે મને કાંઈ થશે નહીં, આના કારણે હું સુખી છું, મારી પાસે પુષ્કળ સંપત્તિ છે એટલે મારે મારી તબિયતની ચિંતા કરવા જેવું નથી, આના કારણે હું સુરક્ષિત છું, આ છે, તો મારું કોઈ કાંઈ બગાડી શકશે નહીં.**

**આ એક મિથ્યા માન્યતા છે.**

**આ જગતમાં સંરક્ષણ આપી શકે... કર્મોથી બચાવી શકે... એવું કોઈ તત્વ છે જ નહીં.**

# સીઝનલ ચટાકેદાર અથાણાં માટે મસાલા તો...માત્ર "શ્રીહરિ" નાં જ !



SINCE 2008

રસોઈ માટે તૈયાર...

શ્રી હરિ®

રેડી-ટુ-કૂક મસાલા

# અથાણાં મસાલા

**ખાટી કેરી અને ગોળ કેરી માટેનાં તૈયાર મસાલા.**






IMAGE MAKER-09327020557

NO onion garlic | NO tuber-roots | 100% natural product

**અગ્રગણ્ય પ્રોવિઝન / કિરાણા સ્ટોર્સમાં ઉપલબ્ધ**

## હવે ઑનલાઈન શૉપીગ કરો....

## www.shriharimasala.com

નોંધ: કેટરર્સ અને હોટલો માટે મોટા પેકીંગમાં પણ ઉપલબ્ધ...

Mfg. by: **SHRI HARI MASALA**, Halol, Gujarat, INDIA.
**Email:** shriharimasalahalol@gmail.com

**CUSTOMER CARE :**
**94092 00015 / 63536 87099**



ફીલિંગ્સ ટીમ
ફોટો ક્રેડિટ - બકુલ ત્રિવેદી

# દરેક ભારતવાસીઓને આકર્ષતું સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ કોબા તીર્થ

## વિરાસત, સંસ્કાર અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ

તાજેતરમાં મહાવીર જન્મ કલ્યાણકના પાવન અવસરે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા, ગાંધીનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે અને રાષ્ટ્રસંત પ. પૂ. આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં ભારતીય વિરાસત અને જૈન સંસ્કૃતિને સમર્પિત વિશ્વસ્તરીય ભવ્ય 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ થયું. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ ભારતના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

આ મ્યુઝિયમ ઈ.સ. પૂર્વે ૨૨૪થી ૨૧૫ દરમિયાન શાસન કરનાર જૈન ધર્મની મહાન વિભૂતિ, અહિંસાના પ્રચારક અને સમ્રાટ અશોકના પૌત્ર સમ્રાટ સંપ્રતિ મહારાજના પ્રેરણાદાયી જીવન અને મૂલ્યોને સમર્પિત છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરતું આ મ્યુઝિયમ ભાવિ પેઢી માટે પ્રેરણાસ્રોત બનશે. ટોરેન્ટ ગ્રૂપના યુ.એન.એમ. ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી નિર્માણ પામેલ 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ' એક અનોખું સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસ્યું છે.

આ મ્યુઝિયમ જૈન કલા અને સ્થાપત્યની અમૂલ્ય પરંપરાને રસપ્રદ રીતે રજૂ કરે છે. જેના કારણે તેને 'કલાતીર્થ' તરીકે વિશેષ સ્થાન પ્રાપ્ત થાય છે. અહીં કિંમતી અને અર્ધમૂલ્યવાન પથ્થરોમાંથી બનેલી કલાત્મક કૃતિઓ, કાંસ્ય, ધાતુ, લાકડું, ચંદન અને હાથીદાંતની રચનાઓનો વિશાળ સંગ્રહ છે.

**વડાપ્રધાને ભારતના વારસાના સંરક્ષણ માટે સંતોના અથાક પ્રયત્નોની પ્રશંસા કરી અને દિલ્હીમાં યોજાયેલા 'નવકાર મહામંત્ર દિવસ' કાર્યક્રમને યાદ કર્યો, જેમાં જૈન સંપ્રદાયના વિવિધ ફિરકાઓ એકત્રિત થયા હતા. આ પ્રસંગે આપેલા ૧૦ સંકલ્પોનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, ''પાણી બચાવવું, એક પેડ મા કે નામ, સ્વચ્છતા અભિયાન, વોકલ ફોર લોકલ, દેશ દર્શન, પ્રાકૃતિક ખેતી, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી, યોગ અને રમતગમતને પ્રોત્સાહન આપવું તથા ગરીબોની મદદ કરવી અને દસમો સંકલ્પ, જે જૈન સમુદાય દ્વારા ઉમેરાયો છે, તે છે 'ભારતના વારસાનું જતન કરવું.''**

**- માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી**

સાથે સાથે તાડપત્ર અને કાગળ પર લખાયેલી ચિત્ર સહિત પાંડુલિપિઓ, પ્રાચીન ચિત્રો, સ્ક્રોલ્સ, મુગલ બાદશાહોના ફરમાનો, મિનિયેચર ચિત્રો, જૂની કરન્સી અને સ્ટેમ્પ્સ તેમજ પરંપરાગત પૂજા સામગ્રી આ મ્યુઝિયમમાં સંરક્ષિત છે.

વિશેષરૂપે ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ દ્વારા ઉપયોગમાં લેવાયેલા સાધનોનું પણ અહીં સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું છે. જૈન ધર્મ, સંસ્કૃતિ અને કળાનું અનોખું સંકલન આ મ્યુઝિયમમાં જોવા મળે છે. સંગ્રહિત વસ્તુઓના સંરક્ષણ અને પુનઃસ્થાપન માટે અહીં આધુનિક પ્રયોગશાળા પણ કાર્યરત છે, જ્યાં વૈજ્ઞાનિક તથા પરંપરાગત પદ્ધતિઓ દ્વારા આ ધરોહરને સાચવવામાં આવે છે.

લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, 'આ મ્યુઝિયમ મૂલ્યોનું જતન, સંસ્કારોનું સંવર્ધન અને જ્ઞાનના પોષણનો 'ત્રિવેણી સંગમ' છે, જે ભારતીય સંસ્કૃતિનો પાયો છે. તેમણે ઉમેર્યું કે ભારતનો સમૃદ્ધ વારસો હવે આ મ્યુઝિયમ દ્વારા આવનારી પેઢીઓ માટે સુરક્ષિત રહેશે અને સતત પ્રેરણા આપતો રહેશે.'

વડાપ્રધાનશ્રીએ મ્યુઝિયમના સર્જનમાં સહયોગ આપનાર જૈન મુનિઓ અને સમર્પિત નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતાં. સમ્રાટ સંપ્રતિના ઐતિહાસિક મહત્ત્વ પર પ્રકાશ પાડતાં તેમણે જણાવ્યું કે, 'સમ્રાટ સંપ્રતિ માત્ર રાજા નહોતા, પરંતુ ભારતના દર્શન અને અધ્યાત્મને જોડતો એક સેતુ હતા.'

તેમણે મ્યુઝિયમની સાત ગેલેરીઓની વિશેષતા જણાવતાં કહ્યું કે, 'અહીં ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને સમૃદ્ધિનું દર્પણ જોવા મળે છે. જૈન વારસાની સાથે વૈદિક, બૌદ્ધ અને અન્ય ધાર્મિક પરંપરાઓનું પણ ગૌરવપૂર્ણ પ્રતિનિધિત્વ અહીં કરવામાં આવ્યું છે.'

વૈશ્વિક અસ્થિરતા અને અશાંતિના સંદર્ભમાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, 'આ મ્યુઝિયમનો સંદેશ સમગ્ર માનવજાત માટે મહત્ત્વપૂર્ણ છે.' તેમણે તક્ષશિલા યુનિવર્સિટી અને નાલંદા યુનિવર્સિટી જેવી પ્રાચીન વિદ્યાપીઠોની યાદ અપાવી, જ્યાં લાખો હસ્તપ્રતોનો નાશ થયો હતો, છતાં સામાન્ય લોકો આ ગ્રંથોને પેઢી દર પેઢી સાચવી રાખતા આવ્યા છે.

રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્યદેવ શ્રી





પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે દેશભરમાં વિહાર કરીને ત્રણ લાખથી વધુ હસ્તપ્રતો એકત્રિત કરી હતી, જે આજે આ મ્યુઝિયમમાં સુરક્ષિત છે. આ હસ્તપ્રતો ભારતના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય માટે પ્રેરણાસ્રોત છે.

વધુમાં વડાપ્રધાનશ્રીએ હસ્તપ્રતોના સંરક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં 'જ્ઞાન ભારતમ મિશન' દ્વારા ડિજિટાઈઝેશન, સંરક્ષણ અને ડિજિટલ આર્કાઈવિંગના પ્રયાસોની માહિતી આપતા કહ્યું કે, 'આજે ભગવાન મહાવીર સ્વામીના જન્મદિવસે કોબા ખાતેનો કાર્યક્રમ જડોથી જોડાવાનો છે, જ્યારે સાણંદ ખાતેનો બીજો કાર્યક્રમ જગત સાથે જોડાવાનો છે.'

સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમના લોકાર્પણ પ્રસંગે ભગવાન મહાવીર સ્વામીના જન્મદિન નિમિત્તે પ્રભુ ચરણોમાં કોટિ-કોટિ વંદન અર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે આપણી સંસ્કૃતિ, ધર્મ અને વારસાના ગૌરવને મજબૂત બનાવતી પરંપરા સ્થાપિત કરી છે.'

'પ્રાકૃત અને પાલી ભાષામાં સંગ્રહાયેલું જૈન સાહિત્ય ગહન વિચારોનો સમૃદ્ધ ખજાનો છે. વડાપ્રધાનશ્રીએ પાલી અને પ્રાકૃત ભાષાઓને ક્લાસિકલ ભાષાનો દરજ્જો આપીને જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથોના સંરક્ષણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. એટલું જ નહીં, તેમની પ્રેરણાથી સંસદના પ્રવેશદ્વાર પર સમેતશિખરનું ચિત્રણ કરવામાં આવ્યું હોય કે વિદેશમાંથી પ્રાચીન તીર્થંકરોની મૂર્તિઓને ભારત પરત લાવવામાં આવી હોય-આવી અનેક પહેલોથી જૈન દર્શનને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવામાં આવ્યું છે.'

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, 'જૈન ધર્મ માત્ર ઐતિહાસિક પરંપરા પૂરતો સીમિત નથી, પરંતુ તે અત્યંત ગહન અને દરેક યુગમાં પ્રસ્તુત એક જીવનદર્શન છે. વર્તમાન સમયમાં ભગવાન મહાવીર સ્વામીના વિચારો સમગ્ર વિશ્વને શાંતિનો માર્ગ દર્શાવી શકે છે.'

જૈન પ્રાર્થનાના કેન્દ્રમાં રહેલો નવકાર મંત્ર પવિત્ર ઉચ્ચારોનો સંચય છે-જે ઊર્જા, સ્થિરતા અને પ્રકાશનો લયબદ્ધ પ્રવાહ દર્શાવે છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ભારત ૨૦૪૭'ના નિર્માણ સાથે, વિરાસતના ગૌરવ અને સન્માનને જાળવી રાખીને વિકસિત ગુજરાત બનાવવાની પ્રતિબદ્ધતા મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વ્યક્ત કરી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પાવન અવસરે જણાવ્યું હતું કે, 'ભગવાન મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક વિશ્વભરના જૈનો માટે સૌથી મહત્ત્વનો ઉત્સવ છે. આ શુભ પ્રસંગે તીર્થધામ ખાતે વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ભવ્ય 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ થવું અત્યંત આનંદદાયક અને ગૌરવપૂર્ણ ક્ષણ છે.' તેમણે ઉમેર્યું કે, 'આ ઘટના ભારતની સાંસ્કૃતિક ચેતનાને ઉજાગર કરતી એક મહાન ઘટના છે.'

વધુમાં જણાવ્યું કે, 'આ મ્યુઝિયમમાં સુંદર કલાકૃતિઓ, જૈન તીર્થંકરોની મનોહર પ્રતિમાઓ, વેદ, પુરાણ, આયુર્વેદ અને હજારો વર્ષ જૂની હસ્તપ્રતોનું અનોખું સંકલન જોવા મળે છે, જે આપણી આધ્યાત્મિક ચેતનાનો સંગમ રજૂ કરે છે. વાસ્તવમાં, આ પ્રયત્ન આપણી સંસ્કૃતિના સંરક્ષણ માટેના મહાયજ્ઞ સમાન છે.'



તેમણે આગળ જણાવ્યું કે, 'યુવાનોના હાથમાં ટેકનોલોજી હોવી જોઈએ અને સાથે સાથે તેમના મન અને વાણીમાં નવકાર મંત્રના સંસ્કાર પણ હોવા જોઈએ-આ મ્યુઝિયમ એ જ માર્ગદર્શન આપે છે.' તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, 'આ મ્યુઝિયમ સંસ્કાર અને શિક્ષણનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે અને આ પ્રયાસ બદલ તેમણે સૌને અભિનંદન પાઠવ્યા હતા.'

આ અવસરે રાષ્ટ્રસંત પ. પૂ. આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત પોતાના ભવ્ય ભૂતકાળના ગૌરવને વર્તમાનમાં રૂપાંતરિત કરી રહ્યું છે.'

તેમણે કહ્યું કે, 'દેશનું સૌભાગ્ય છે કે નરેન્દ્રભાઈ મોદી જેવા ચારિત્ર્યવાન, નિષ્ઠાવાન અને લક્ષ્યપ્રતિબદ્ધ વડાપ્રધાન આપણને મળ્યા છે. વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રના ઉત્કર્ષ માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના વ્યક્તિત્વમાં સાધુ તથા ગૃહસ્થ બંને ગુણોનો સુમેળ જોવા મળે છે.'

પૂજ્યશ્રીએ વધુમાં જણાવ્યું કે, 'દિલ્હીની રાજગાદી પર અનેક શાસકો આવ્યા અને ગયા, પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શાસન સંભાળવા સાથે નાગરિકોના દિલમાં પણ સ્થાન મેળવ્યું છે. ભયંકર યુદ્ધ હોય કે કોરોના જેવી વૈશ્વિક મહામારી દરેક સંકટકાળમાં તેમના સચોટ માર્ગદર્શનથી દેશના નાગરિકો અને સાંસ્કૃતિક વારસો સુરક્ષિત રહ્યા છે.'

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના અધ્યક્ષ અને ટોરેન્ટ ગ્રૂપના ચેરમેન શ્રી સુધીર મહેતાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, 'ભગવાન મહાવીરે વિશ્વને 'જીવો અને જીવવા દો'નો અમૂલ્ય સંદેશ આપ્યો છે. આ ભવ્ય મ્યુઝિયમના લોકાર્પણ સાથે એક સ્વર્ણિમ ઈતિહાસ રચાયો છે.'

'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ' ભારતની પ્રાચીન પરંપરા અને આધુનિકતાનું અનોખું સંકલન રજૂ કરે છે. અહીં આધુનિક ઓડિયો-વિઝ્યુઅલ ટેકનોલોજી, આધ્યાત્મિક સંગીત અને ઈમર્સિવ પ્રેઝન્ટેશન્સ દ્વારા મુલાકાતીઓ, સંશોધકો અને વિદ્વાનો માટે સમૃદ્ધ અને આધુનિક અનુભવનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેના દૃશ્ય-શ્રાવ્ય વૈભવથી આગળ વધીને, આ મ્યુઝિયમ સમાજને માટે અહિંસા, સંયમ અને કરુણા જેવા શાશ્વત મૂલ્યોનો આધ્યાત્મિક સંદેશ પ્રસરાવે છે.



Read online : www.feelingsmultimedia.com

ફીલિંગ્સ ટીમ



# વઢવાણની પાવનભૂમિ આજે પણ ભગવાન મહાવીરના પવિત્ર પગલાંને સાચવીને બેઠી છે

માન્યતા છે કે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીર સ્વામી વઢવાણ પધાર્યા હતા. તે સમયે અહીં 'મરકી' નામનો રોગચાળો ફેલાયેલો હતો અને લોકો ટપોટપ મૃત્યુ પામતા હતા. પ્રભુ મહાવીર સ્વામીના પાવન પગલાં આ નગરમાં પડતાં લોકોએ આ જીવલેણ રોગમાંથી મુક્તિ મેળવી હોવાનું લોકવાયકા કહે છે. તેથી આ ગામનું નામ મહાવીર સ્વામીના મૂળ નામ પરથી 'વર્ધમાનપુરી' પડ્યું હતું, જે આગળ જતાં અપભ્રંશ થઈ 'વઢવાણ' બન્યું હોવાનું માનવામાં આવે છે.

ભોગાવો નદીના કિનારે આવેલી મહાવીર સ્વામીની દેરીમાં આજે પણ તેમના પવિત્ર પગલાં યથાવત જોવા મળે છે. વઢવાણ નગર પોતાના પ્રાચીન અને ભવ્ય ઐતિહાસિક વારસાને ધારણ કરે છે. અહીં આવેલી વિવિધ પ્રકારની બાંધકામ શૈલી ધરાવતી વાવો, દરવાજાઓ તથા ગઢના પૌરાણિક અવશેષો આ નગરના વૈભવી ઈતિહાસના જીવંત પુરાવા તરીકે ઉભા છે.

એક વાત નિશ્ચિત છે કે આ નગર સાથે પ્રભુ મહાવીર સ્વામીનો અનોખો સંબંધ રહ્યો છે. તેઓ વિચરણ દરમિયાન અહીં પધાર્યા હતા ત્યારે આ નગર 'અસ્થિગ્રામ' તરીકે ઓળખાતું હતું, એવો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે. જૈન ધર્મના અનેક આચાર્યોએ અહીં રહી સાહિત્યસાધના કરી અને ધાર્મિક ગ્રંથોની રચના પણ કરી છે. સોલંકી યુગ દરમિયાન વઢવાણ દિગંબર જૈન સંપ્રદાયનું મહત્વનું કેન્દ્ર હતું. આઠમી સદીમાં દિગંબર જિનસેન સુરિજીએ વઢવાણના ચૈત્યોમાં 'હરિવંશ પુરાણ' નામક જૈન પુરાણની રચના કરી હતી. તેમજ આચાર્ય દેવસુરિજીએ વિક્રમ સંવત ૧૨૫૪માં 'પઉમચરિય' નામનો જૈન ગ્રંથ રચ્યો હોવાનું કહેવાય છે.

જૈન શાસ્ત્રોમાં આર્યોના ૨૫ પ્રદેશોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં વઢવાણનો સમાવેશ નવમા પ્રદેશ તરીકે થાય છે. આ નગરની સ્થિરતા, શાંતિ, પવિત્રતા, સમૃદ્ધિ અને સામાજિક એકતામાં જૈન ધર્મ અને જૈન શ્રાવકોનું અમૂલ્ય યોગદાન રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઝાલાવાડના ઐતિહાસિક શહેર લીંબડીમાં આવેલું આશરે ૧૪૦ વર્ષ જૂનું દેરાસર સમગ્ર વિશ્વમાં અનોખું સ્થાન ધરાવે છે. કારણ કે આ દેરાસરમાં ૨૦ વિહરમાન ભગવાન પૈકી ત્રીજા ક્રમના બાહુજીન સ્વામી મૂળનાયક તરીકે બિરાજમાન છે. અહીં કુલ ૧૧૨ ભગવાનનો પરિવાર છે અને મહાવીર સ્વામીની અતિ પ્રાચીન મૂર્તિ પણ પ્રસ્થાપિત છે.

આજે વિશ્વમાં યુદ્ધ અને અશાંતિએ માઝા મૂકી છે ત્યારે ભગવાન મહાવીર સ્વામીનો 'અનેકાંતવાદ'નો સિદ્ધાંત જ વિશ્વશાંતિ લાવી શકે તેમ છે. વિશ્વની મહાસત્તાઓ જો આ સિદ્ધાંત સમજી લે તો વિશ્વશાંતિ હથેળીમાં જ છે ઝાઝી દૂર નથી. ફી





Chandan
MOUTH FRESHENER
Khaane Ki Happy Ending!
Chandan
Rasraj
Tukda
Chandan
MANGO
KHATTA MITHA
Chandan
Thanda
Mitha Paan
Chandan
Fresh
Mint
HANDY PACK
For Export Dept
: exports@chandanmukhwas.com
: +91 8104107284
For Modern Trade Dept
: moderntrade@chandanmukhwas.com
: +91 8104107287
For Retail Dept
: retail@chandanmukhwas.com
: +91 8104107285
The house of Chandan hereby solicit enquiries for:
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts
Premium
Natural
Ethnic
▸Mouth Freshener,
▸Digestives,
▸Paan
▸Confectioneries
▸Superfood
▸Snacks
Reach us on /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas
Products are also Available at /www.chandanmukhwas.com
blinkit
zepto
bigbasket
A TATA Enterprise
DMart
Reliance SMART
METRO
Walmart
A TATA and TESCO Enterprise
star
amazon.in

■ ફીલિંગ્સ ટીમ



# ‘શાકાહાર’ તરફ વળી રહેલું ‘હેલ્થ કોન્સિયસ વિશ્વ’

ભારતમાં શાકાહાર હિંદુ ધર્મ જેટલો જ પ્રાચીન છે. પરંતુ એક રસપ્રદ હકીકત એ છે કે ગ્રીસમાં પણ પ્રાચીન કાળમાં પ્લેટો, પાયથાગોરાસ અને પ્લુટાર્ક જેવા ફિલસૂફો તથા લેખકોએ શાકાહાર અપનાવ્યો હતો અને તેનો પ્રચાર કર્યો હતો.

‘લેક્ટો’ (Lacto) શાકાહારીઓ માંસ અને ઈંડા બંનેથી પરહેઝ રાખે છે, પરંતુ દુગ્ધજન્ય પદાર્થો લે છે.

આ ઉપરાંત ‘વિગન’ (Vegan) શાકાહારીઓ દુગ્ધજન્ય પદાર્થોનો પણ ઉપયોગ કરતા નથી. કારણ કે વધુ દૂધ મેળવવા માટે પશુઓને હોર્મોનના ઈન્જેક્શન આપવામાં આવે છે અને તેમના બચ્ચાંઓને દૂધથી વંચિત રાખવામાં આવે છે. આ પ્રકારની ક્રૂરતા સામેના વિરોધરૂપે તેઓ દૂધ અને તેની બનાવટોને પણ શાકાહારમાંથી દૂર રાખે છે.

કેટલાક શાકાહારીઓ મધનો પણ ઉપયોગ કરતા નથી, કારણ કે મધના ઉત્પાદન દરમિયાન મધમાખીઓને પ્રજનન માટે મજબૂર કરવામાં આવે છે અને તેમાં ઘણી મધમાખીઓ મૃત્યુ પામે છે.

રૂ, ચામડું, ઊન અને રેશમ જેવા ઉત્પાદનો માટે પણ પ્રાણીઓ અને જીવજંતુઓને મારવામાં આવે છે, તેથી ઘણા શાકાહારીઓ આવા ઉત્પાદનોનો ઉપયોગ પણ ટાળે છે.

**શાકાહાર તરફ વધતી રૂચિ:**

વિશ્વભરમાં નૈતિકતા, જીવદયા, આધ્યાત્મિકતા તેમજ સ્વાસ્થ્યના કારણોને લીધે લોકોમાં શાકાહાર પ્રત્યેનો રસ વધી રહ્યો છે. વિશ્વના સૌથી વધુ માંસાહારી દેશ અમેરિકામાં કેટલાય લોકો શાકાહાર તરફ વળી રહ્યા છે. તેમાંના મોટાભાગના લોકો સ્વાસ્થ્યના લાભને ધ્યાનમાં રાખીને આ બદલાવ અપનાવી રહ્યા છે.

**શાકાહારી રમતવીરો:**

- આઠ વખત અમેરિકન કરાટે સ્પર્ધા જીતનાર અને પાંચમી ડિગ્રીનો બ્લેક બેલ્ટ ધરાવતા રિચર્ડ એબેલ માત્ર ૪૪ કિલોગ્રામ વજન ધરાવે છે અને તેઓ ‘વિગન’ છે.
- વિમ્બલ્ડન સહિત અનેક પ્રતિષ્ઠિત ટેનિસ સ્પર્ધાઓ જીતનાર ખ્યાતનામ ખેલાડી બોરિસ બેકર પણ શાકાહારી છે.
- સન ૧૯૮૧માં યોજાયેલી કુસ્તીની વિશ્વ સ્પર્ધાના વિજેતા ક્રિસ કેમ્પબેલ શાકાહારી છે.
- સામાન્ય રીતે શરીર સૌષ્ઠવ (બોડીબિલ્ડિંગ) સ્પર્ધાઓના વિજેતાઓમાં શાકાહારીઓ હોવાની અપેક્ષા ઓછી હોય છે, પરંતુ ૧૯૮૦માં ‘મિસ્ટર ઈન્ટરનેશનલ’નો ખિતાબ જીતનાર સ્વીડનના એન્ડ્રિયાસ કાહલિંગ શાકાહારી છે. તે ઉપરાંત, ભૂતકાળના વિજેતા બિલ પર્લ પણ શાકાહારી હતા.
- ભારતમાં ઉછરેલી અને અમેરિકાની પ્રથમ મહિલા અવકાશયાત્રી કલ્પના ચાવલા પણ શાકાહારી હતી. ‘નાસા’ના ડોક્ટરો દ્વારા થયેલી તેમની શારીરિક તપાસમાં તેમના પેટ અને આંતરડાં અત્યંત સ્વચ્છ હોવાનું જણાયું હતું, જેના માટે શાકાહાર જવાબદાર માનવામાં આવે છે.
- એન્ટાર્કટિકામાં આવેલા ભારતીય સંશોધન કેન્દ્ર ‘મૈત્રી’માં શિયાળાના મહિનાઓ વિતાવનાર સંશોધક આર.એસ. ગંગાધર પણ શાકાહારી છે. સામાન્ય માન્યતા એવી છે કે અત્યંત ઠંડી આબોહવામાં શાકાહાર અનુકૂળ નથી, પરંતુ આહારની યોગ્ય કાળજી રાખવામાં આવે તો શાકાહારીઓ પણ આવી પરિસ્થિતિમાં સફળતાપૂર્વક જીવિત રહી શકે છે.
- ‘મિસ્ટર અમેરિકા’નો ખિતાબ જીતનાર રોય હિલિમન પણ શાકાહારી છે.
- સન ૧૯૯૭માં એક જ વર્ષ દરમિયાન સૌથી વધુ (૧૦) સ્પર્ધાઓ જીતીને ટ્રાયથ્લોનમાં વિશ્વ ચેમ્પિયન બનનાર ડૉ. રૂથ હેલિંચલ પણ શાકાહારી છે.
- ભારતના પ્રખ્યાત ક્રિકેટર અનિલ કુંબલે પણ શાકાહારી છે.

**આંતરરાષ્ટ્રીય શાકાહાર ચળવળ**

ખ્રિસ્તી ધર્મમાં શાકાહારનો સ્પષ્ટ ઉલ્લેખ ન હોવા છતાં યુરોપ અને અમેરિકા જેવા ખ્રિસ્તી બહુમતીવાળા પ્રદેશોમાં શાકાહારને મજબૂત સમર્થન મળ્યું છે. ગ્રેટ બ્રિટનમાં શાકાહારના પ્રચારની શરૂઆત સ્કોટિશ ડોક્ટર જ્યોર્જ ચેઈન (૧૬૭૧-૧૭૪૩) દ્વારા થઈ હતી. તેમણે ૧૭૪૦માં 'Essay on Regimen' નામે આ વિષય પર નિબંધ પ્રકાશિત કર્યો હતો.

તે પછી જે.એફ. ન્યૂટનનું 'Return to Nature: Defense of Vegetable Regimen' પુસ્તક ૧૮૧૧માં પ્રકાશિત થયું પછી આગળ વધીને, ૧૮૪૭માં મેન્ચેસ્ટરમાં 'Vegetarian Society' (વેજિટેરિયન સોસાયટી)ની સ્થાપના થઈ.

વીસમી સદીમાં શાકાહારના પ્રચાર માટે વૈશ્વિક સ્તરે વધુ સુવ્યવસ્થિત ચળવળ શરૂ થયેલી. સન ૧૯૦૮માં 'International Vegetarian Union (IVU)'ની સ્થાપના થઈ હતી. જેનું મુખ્ય મથક ઈંગ્લેન્ડમાં છે. આ સંસ્થા વિશ્વભરના શાકાહારી સંગઠનોમાં અગ્રણી ગણાય છે. IVU દર બે વર્ષે 'Vegetarian Congress'નું આયોજન કરે છે અને વિશ્વભરમાં શાકાહારના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત છે.

એશિયાના શાકાહારી સંગઠનોનું એક મંચ 'Asian Vegetarian Union' તરીકે કાર્ય કરે છે, જે વિવિધ શહેરોમાં ઉપલબ્ધ શાકાહારી ભોજનના સ્થળોની માર્ગદર્શિકા પણ પ્રકાશિત કરે છે.

ભારતમાં 'Indian Vegetarian Congress'નું મુખ્ય મથક ચેન્નાઈમાં આવેલું છે અને તે દેશભરના અનેક શહેરોની સંસ્થાઓ સાથે સંકળાયેલું છે.

વિશ્વના ઘણા દેશોમાં વિગન

સંસ્થાઓ પણ કાર્યરત છે, જે ન્યૂયોર્ક, પેરિસ, લંડન, બર્લિન અને એમ્સ્ટરડેમ જેવા શહેરોમાં ઉપલબ્ધ 'વિગન ભોજન' અંગેની માર્ગદર્શિકા પ્રકાશિત કરે છે.

'PETA (People for the Ethical Treatment of Animals)' પ્રાણીઓ પ્રત્યે માનવતાભર્યો વ્યવહાર પ્રોત્સાહિત કરતી એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે પોતાની પ્રવૃત્તિઓના એક ભાગરૂપે શાકાહારનો પણ પ્રચાર કરે છે.




હકીકતમાં માણસનું શરીર શાકાહાર માટે અનુકૂળ છે. માંસાહારી પ્રાણીઓનું આંતરડું સામાન્ય રીતે ટૂંકું હોય છે, જ્યારે માનવીનું આંતરડું ઘણી લંબાઈ ધરાવે છે. માનવીના ચાવવાના દાંત પણ ચપટા અને પીસવા માટે યોગ્ય હોય છે. ઉપરાંત, ખોરાક પકડવા માટે તેને હાથ મળ્યા છે અને તેના મુખમાં આલ્કલીયુક્ત લાળ ઉત્પન્ન થાય છે. આ બધી બાબતો દર્શાવે છે કે માનવ શરીર શાકાહાર માટે વધુ અનુકૂળ છે અને માંસાહાર માટે ઓછું અનુકૂળ છે.

ફ્રાંસની રાજધાની પેરિસ સ્થિત એકેડેમી ઑફ મેડિસિનના સંશોધન અનુસાર, શરીરનો થાક દૂર કરવા માટે શાકાહારીઓને માંસાહારીઓની તુલનામાં માત્ર પાંચમા ભાગ જેટલો સમય જ લાગે છે.

આ તો શરીરની વાત થઈ. હવે મનની વાત કરીએ તો, આ તારણ મુજબ જીવનની સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવાની શક્તિ શાકાહારીઓમાં માંસાહારીઓ કરતાં બેથી ત્રણ ગણી વધારે હોય છે.


**- ડૉ. કુમારપાળ દેસાઈ**



હું શાકાહરી છું. મારી તબિયત માટે જે સારું હોય તેવા જ પદાર્થો હું લઉં છું. હું બપોરે હળવું ભોજન લઉં છું. માત્ર સૂપ (શૂટિંગ વખતે) ઘરે હોઉં ત્યારે દાળ, ચણા, શાકભાજી અને રોટલી લઉં છું. આવો ખોરાક મારા માટે ચમત્કારનું કામ કરે છે.


**- અમિતાભ બચ્ચન**

## World's Greatest Personalities on Vegetarian...




અહિંસા આપણને ઉત્તમ કક્ષાની નીતિમત્તા તરફ દોરી જાય છે અને એ જ બધી ઉત્ક્રાંતિનું ધ્યેય છે. બધા જીવોને હાનિ પહોંચાડવાનું બંધ ન કરીએ ત્યાં સુધી આપણે સૌ જંગલી જ ગણાઈએ.

**- થોમસ આલ્વા એડિસન**



### Abraham Lincoln

*"I am in favor of animal rights as well as human rights. That is the way of a whole human being."*




### Albert Einstein

*"Nothing will benefit human health and increase the chances of survival for life on Earth as much as the evolution to a vegetarian diet."*

## વેજિટેરિયન સેલિબ્રિટીઝ...




વડાપ્રધાન નરેન્દ્ર મોદી



અક્ષય કુમાર



અરવિંદ કેજરીવાલ



આલિયા ભટ્ટ




જેક્વેલિન ફર્નાન્ડિઝ



અનુષ્કા શર્મા



હર્ષા ભોગલે



શાહિદ કપૂર




વિરેન્દ્ર સેહવાગ





## વેજિટેરિયન સ્ટાર્સ



### Mahatma Gandhi

*"The greatness of a nation and its moral progress can be judged by the way its animals are treated."*

*"To my mind, the life of a lamb is no less precious than that of a human being."*




# લાખો જીવોના જીવનમાં પરિવર્તનનું માધ્યમ બને છે 'સમસ્ત મહાજન'

ભગવાન મહાવીરના 'જીવદયા' અને કરુણાના સિદ્ધાંતને મૂર્તિમંત કરી બ્રહ્માંડના સર્વ જીવો પ્રત્યે સંવાદિતતાનો સેતુ નિર્માણ કરનાર 'સમસ્ત મહાજન' આજે એક સમર્પિત એન.જી.ઓ સંસ્થા તરીકે દેશ-વિદેશમાં નામના ધરાવે છે. જે માનવતા, પ્રાણીઓ અને પર્યાવરણના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે.

જેમાં પશુધન કલ્યાણ અંતર્ગત પ્રાણીઓનાં આરોગ્ય તથા તેમની સુરક્ષા અને બચાવ કાર્ય માટે ૨૪×૭ એમ્બ્યુલન્સ સેવાઓ તેમજ દેશની તમામ પાંજરાપોળો અને ગૌશાળાઓને આત્મનિર્ભર બનાવવાના કાર્યોને પ્રાધાન્ય આપવામાં આવે છે. જ્યાં દરેક પ્રાણીને પ્રેમ રક્ષણ અને સારસંભાળ મળતી રહે. સંસ્થા દ્વારા પર્યાવરણ બચાવવા વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરી જળસ્રોતોના પુનઃસ્થાપન દ્વારા પર્યાવરણીય સંતુલન જાળવવામાં આવે છે. પશુચારા માટે ગૌચર જમીનનો વિકાસ કરી સ્થાયી ચારા પુરવઠો મળતો રહે તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

'સમસ્ત મહાજન' સંસ્થા માનવ સેવાના પણ વિવિધ કાર્યક્રમો કરી રહી છે. વાહન આધારિત આત્મનિર્ભર રોજગાર યોજના હેઠળ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ઓટોરિક્ષા તથા ટેકસી કે કારનું વિતરણ કરી તેઓને પગભર બનાવવામાં પણ આ સંસ્થા ખૂબ રસ દાખવે છે તેમજ આદિવાસી વિસ્તારના બાળકોને અદ્યતન શિક્ષણની સુવિધા માટે શ્રી મહાવીર જૈન વિદ્યા મંદિર જેવા શૈક્ષણિક સંકુલો કાર્યરત છે.

હવે વાત કરીએ 'ગોયમ' બ્રાન્ડની તે અંગે વિગતે વાત કરતાં સંસ્થાના સર્વેસર્વા શ્રી ગિરીશભાઈ શાહ કહે છે કે,....


શ્રી ગિરીશભાઈ શાહ
ટ્રસ્ટી સમસ્ત મહાજન

**'ગોયમ' બ્રાન્ડ હેઠળ શુદ્ધ અને કુદરતી ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અમારું વિઝન આ બ્રાન્ડને સમગ્ર ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કરવાનું છે, જેથી લોકો સ્વસ્થ અને કેમિકલ ફ્રી આહાર અપનાવે.**

આજના સમયમાં કેમિકલ યુક્ત ખોરાકના કારણે અનેક બીમારીઓ વધી રહી છે ત્યારે 'ગોયમ' દ્વારા શુદ્ધ અને નેચરલ ખોરાક પૂરો પાડીને અમે લોકોના આરોગ્યમાં સુધારો લાવવા અને રોગમુક્ત સમાજ બનાવવા માટે કાર્ય કરી રહ્યા છીએ. અમારો પ્રયત્ન એ છે કે, નેચરલ પ્રોડકટ્સ સામાન્ય માણસ માટે પણ સસ્તા ભાવે અને સરળતાથી ઉપલબ્ધ બને તે માટે ચેન મજબૂત બનાવવી, સીધું ખેડૂતથી જોડાણ ચેન મોડલ વિકસાવવું એ અમારી યોજના છે.

ગ્રાહકોમાંથી પણ અમને ખૂબ જ સારો પ્રતિભાવ મળી રહ્યો છે. લોકો ગોયમની ગુણવત્તા અને શુદ્ધતાથી ખુશ છે અને ફરીથી ખરીદી કરવા માટે પ્રોત્સાહિત થાય છે.

મારા પરિવારનો પણ આ કાર્યમાં પણ ખૂબ મોટો સહયોગ છે. તેઓ મારા દરેક કાર્યમાં પ્રેરણા અને શક્તિનો સ્રોત છે. સાચી સેવા હૃદયમાંથી આવે છે. જો આપણી અંદર કરુણા અને સંવેદના હોય તો આપણે સમાજમાં સાચો બદલાવ લાવી શકીએ છીએ. એ ચોક્કસ વાત છે.

આ બ્રાન્ડ માત્ર વેપાર જ નહીં, પરંતુ ખેડૂતોના સશક્તિકરણ માટે પણ કાર્યરત છે. અમે કુટિર ઉદ્યોગોમાંથી અને ખેતરોમાંથી ડાયરેકટ ઉત્પાદનો મેળવીએ છીએ, જેનાથી ગ્રામીણ વિસ્તારોના અકુશળ કામદારોને રોજગારી મળે છે. 'ગોયમ'ના ઉત્પાદનોમાં કોઈ પણ પ્રકારના કૃત્રિમ કલર કે કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી, જેથી તેની ગુણવત્તા જળવાઈ રહે છે. આ ઉપરાંત, અમારી હેલ્થ કેર રેન્જમાં આયુર્વેદિક સાબુ અને કાંસાના મસાજર જેવા ઉત્પાદનો પણ સામેલ છે જે પ્રાચીન પદ્ધતિઓ પર આધારિત છે.

બ્રાન્ડની ફિલોસોફી મુજબ, ''સ્વસ્થ ખાવું એ જરૂરિયાત છે, પરંતુ સમજદારીપૂર્વક ખાવું એ એક કળા છે''. ઓર્ગેનિક ખોરાકને ખર્ચ નહીં પણ સ્વાસ્થ્યમાં રોકાણ માનીને આ બ્રાન્ડ લાંબા ગાળાના સ્વાસ્થ્ય લાભો આપવા માટે કટિબદ્ધ છે. આ રીતે ગોયમ મુંબઈ જેવા શહેરોમાં પોતાના આઉટલેટ્સ હોવાની સાથે સમગ્ર ભારતમાં હોમ ડિલિવરીની સુવિધા પણ પૂરી પાડે છે. ટૂંકમાં, 'ગોયમ' એ શુદ્ધતા, સ્વાસ્થ્ય અને સામાજિક જવાબદારીનું ઉત્તમ સંયોજન રજૂ કરતી વિશ્વસનીય બ્રાન્ડ છે.




જેમાં તમને તમારા મોબાઈલ કે કોમ્પ્યુટરના સ્ક્રીન પર મળશે

વિશ્વભરની અવનવી માહિતી, અનેક વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાતો અને તે સિવાય ઘણુંબધુ...

FOLLOW US ON

આજે જ સબસ્ક્રાઈબ કરો ફીલિંગ્સ ગ્લોબલ મીડિયા

@feelingsglobalmedia





# રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે મુંબઈમાં ૨૨ હજાર હૃદયોમાં ગુંજી ઉઠ્યો સવા કરોડ વાર 'મહાવીર મહાનાદ'

મહાવીર-મહાવીરના હજારો હૃદયોમાંથી ઉઠતા વિશ્વવ્યાપી મહાનાદ સાથે, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં ઉજવાયેલો ભગવાન મહાવીર જન્મ કલ્યાણકનો અવસર પ્રભુભક્તિ, જીવદયા અને માનવતાના ત્રિવેણી સંગમરૂપે સૌના હૃદયમાં અવિસ્મરણીય સંભારણું બની ગયો.

આ અવસરે પ્રભુભક્તિ અર્પણ કરવા અનેક રાજકીય મહાનુભાવોની સાથે સમગ્ર મુંબઈના ૧૦૦થી વધુ શ્રીસંઘો, ઝાલાવાડ સમાજ, જૈન સેલ ભાજપ, જૈન સોશિયલ ગ્રૂપ્સ, જૈન જાગૃતિ સેન્ટર્સ, મહિલા મંડળો તેમજ ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર તથા પૂર્વ ભારત સહિત અનેક વિસ્તારોમાંથી હજારો ભાવિકો જોડાયા હતા.


પ્રભુનો બોધ પ્રસરાવતા પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, 'માત્ર પ્રભુના નામસ્મરણમાં જ નહીં, પરંતુ પ્રભુના અહિંસા, કરુણા અને વાત્સલ્યમાં જેને રસ છે, તે જ પરમાત્માના સાચા વારસદાર છે. ભગવાનના જન્મોત્સવ પર માત્ર દર્શન પૂરતા ન રહીએ, પરંતુ કોઈ દુઃખીજનની વેદનાને સમજી તેના જીવનમાં શાંતિ, સમાધિ અને પ્રસન્નતા ફેલાવવાનો પુરુષાર્થ કરવો જોઈએ.'

મુંબઈની અનેક પાઠશાળાઓ તેમજ લુક એન્ડ લર્ન જૈન જ્ઞાન ધામના બાળકો દ્વારા મ્યુઝિકલ સિમ્ફનીની અનોખી પ્રસ્તુતિ સાથે, હજારો હૃદયોના ધબકાર સાથે ઉઠેલા મહાવીર મહાનાદનો સવા કરોડ વાર વિશ્વવ્યાપી ગુંજારવ આ સમારંભમાં થયો હતો.

ગુજરાત, હરિયાણા, તેલંગાણા સહિત ૯ રાજ્યોમાં છેલ્લા ૪ વર્ષથી દોડતી ૪૦થી વધુ એનિમલ એમ્બ્યુલન્સ અને ૫ એનિમલ ક્લિનિક્સ દ્વારા અત્યાર સુધી દર્દથી કણસતા, વેદનાથી પીડાતા ૧ લાખ ૮૦ હજારથી વધુ અબોલ જીવોને નવજીવન અને શાતા-સમાધિ પ્રાપ્ત થઈ છે.

પરમ ગુરુદેવ દ્વારા કરવામાં આવતાં જીવદયા અને માનવતાના કાર્યોની પ્રશંસા કરતાં માન.મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રજી ફડણવીસે જણાવ્યું હતું કે, 'આજે ભગવાન મહાવીરની વિદાયના હજારો વર્ષો પછી પણ સમજાય છે કે જગતનું કલ્યાણ કરવું હોય તો મહાવીરના અહિંસા, કરુણા અને સત્યના માર્ગને અનુસરવો જરૂરી છે. સમાજમાં થઈ રહેલા સેવા, જીવદયા અને ગૌરક્ષાના સત્કાર્યોમાં સૌથી વધુ યોગદાન જો કોઈનું હોય, તો તે જૈન સમાજનું છે.'

માનનીય શ્રી એકનાથજી શિંદેએ જણાવ્યું હતું કે, 'હંમેશા બીજાના દુઃખ દૂર કરવાનું મહાકાર્ય કરી રહેલા પરમ નમ્રમુનિ ગુરુદેવ, શાંતિ, અહિંસા અને માનવતાનો સંદેશ આપનાર ભગવાન મહાવીરનું અનુસરણ કરી રહ્યા છે.'



# જૈનો બિલિયોનેર કેમ બને છે? તેનું રહસ્ય આ રહ્યું

ગૌતમ અદાણી, દિલિપ સંઘવી અને રાજેશ મહેતાની ગણતરી જૈન બિલિયોનેર તરીકે થાય છે. જૈનો બિલિયોનેર કેમ બને છે તેની પાછળનું રહસ્ય કંઈક આ પ્રકારનું છે...

**- હંમેશા નિશાન ઊંચું રાખો.**


૯૦% જૈન ગુજરાતી બિઝનેસ સમુદાય ખૂબ જ સખત ઉદ્યમી (હાર્ડકોર) હોય છે. રૂપિયા સો કરોડ જેવી મોટી રકમ ભેગી કરવી ઘણા લોકો માટે અશક્ય લાગે, જ્યારે જૈન સમુદાયને પૂછો તો તેઓ કહે છે-હા, એ શક્ય છે. પોતાની આવડત અને સખત મહેનતના જોરે તેઓ આવી સિદ્ધિ હાંસલ કરે છે. તેમાં કેટલીક મહત્વની બાબતો છે:

- **જૈનોનું મજબૂત માઈન્ડસેટ અને વિઝન**
- **જોખમ ઉઠાવવાની ક્ષમતા**
- **શિસ્ત, પરિશ્રમ અને લાંબા ગાળાની દ્રષ્ટિ**
- **સારા મિત્રો અને વ્યાપારિક નેટવર્ક**

જેમાં રાજકારણી અને બિઝનેસ સમુદાયના મિત્રો સાથે સ્માર્ટ નેટવર્ક બનાવી, જૈન ઉદ્યોગપતિઓ મોટી માત્રામાં ફંડ ઊભું કરી લે છે.

આ જ છે જૈન સમુદાયની આગવી સૂઝ અને હોશિયારી. આ સમુદાય માત્ર પૈસા કમાવામાં જ વિશ્વાસ રાખતો નથી, પરંતુ સમાજને કંઈક પાછું આપવાની સેવા ભાવનાથી પણ પ્રેરિત છે. પરિણામે તેમને લોકોના આશીર્વાદ મળે છે અને તેમની નૈતિક શક્તિ પણ વધે છે. તેથી આ સમુદાયે પોતાની એક આગવી અને મજબૂત ઓળખ ઉભી કરી છે.

મુકેશ પારેખ



# બુઝાયેલ આંખોમાં આશાનો પ્રકાશ પાથરતા માનવતાના મહાન સેવક જશવંત મહેતા

સામાન્ય માણસ પચાસ વર્ષની વય વટાવ્યા પછી નિવૃત્તિના સપનાંઓ જોતો થઈ જાય છે પરંતુ મુંબઈના સવાયા ગુજરાતી સફળ બિઝનેસમેન જશવંત મહેતા આજે પોતાની જૈફ વયે પણ અંધત્વના અંધારાને ઉલેચી અનેક લોકોના જીવનમાં અજવાળું પાથરી રહ્યા છે. મૂળ સૌરાષ્ટ્રના જશવંતભાઈ મહેતાનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયેલો છે. ભણવામાં તેજસ્વી એવા આ ગુજરાતી મહામાનવે બિઝનેસમાં તો અપાર સફળતા હાંસલ કરી છે, પરંતુ તેઓની સાચી ઓળખ ચક્ષુદાન અને ચક્ષુબેંક પ્રવૃત્તિ દ્વારા બનેલી છે.

ભારતમાં વિકરાળ બનેલી અંધાપાની સમસ્યાને નાથવા માટે ઈ.સ. ૧૯૭૬માં તેમણે ચક્ષુદાન અને આઈ બેન્કિંગના ઉમદા હેતુ સાથે 'મહારાષ્ટ્ર સોસાયટી ફોર ડોનેશન ઓફ આઈઝ'ની સ્થાપના કરી અને વાઈસ પ્રેસિડેન્ટ બન્યા. તેમણે નિરીક્ષણ કર્યું કે, અમેરિકામાં કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટનો સકસેસ રેટ ૮૦ થી ૯૦ ટકા જેટલો છે, જ્યારે ભારતમાં તે બહુ નીચો છે. આ સ્થિતિ સુધારવા માટે તેમણે અખિલ ભારતીય સ્તરે ચક્ષુદાનની ઝુંબેશ શરૂ કરી અને વિખ્યાત સર્જન ડૉ. એલ. વી. પ્રસાદ સાથે મળી 'આઈ બેંક એસોસિયેશન ઓફ ઈન્ડિયા'ની પણ સ્થાપના કરી.

આ દરમિયાન અમેરિકા સ્થિત ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ આય ટીસ્યુ બેંક તરફથી ભારત જેવા વિકસતા દેશમાં ચક્ષુદાનની સુવિધા ઉભી કરવાની યોજનાને જશવંતભાઈએ વધાવી લીધી અને જાહેર કર્યું કે, 'છ મહિનામાં આઈ સેન્ટરને અમેરિકા સમકક્ષ બનાવી દેશે.' આ નિર્ણય તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો.

૧૯૯૫માં અમેરિકન નિષ્ણાંતોના સહયોગથી મુંબઈની આઈ બેંકમાં ત્રણ અતિ આધુનિક લેબોરેટરી સ્થાપિત કરવામાં આવી. જેના પરિણામે દાનમાં મળતા કોર્નિયાના પ્રત્યારોપણનો સકસેસ રેટ વધ્યો અને ચક્ષુદાન તથા ચક્ષુબેંકની પ્રવૃત્તિઓને વેગ મળ્યો. તેમ છતાં, જનમાનસમાં જાગૃતિના અભાવે હોસ્પિટલોમાં મૃત્યુ પામતા લોકોમાંથી ખૂબ જ ઓછી સંખ્યામાં ચક્ષુદાન થાય છે. હવે હોસ્પિટલોમાં અસરકારક પ્રચારના પરિણામે તેમાં સુધારો જોવા મળી રહ્યો છે.

અમેરિકામાં કાનૂની સુધારાઓ અને તેના અમલ દ્વારા ચક્ષુપ્રાપ્તિમાં વધારો થયો છે. મૂક સંમતિ ધારા હેઠળ પોસ્ટમોર્ટમના દરેક કિસ્સામાં કોર્નિયા કાઢવાની છૂટ કોરોનરને આપવામાં આવી છે. આ ઉપરાંત મૃત્યુ પછી દરેક હોસ્પિટલમાં ચક્ષુદાનની વિનંતી કરવી ફરજિયાત છે. આ કાયદાના અમલથી ૧૯૬૭થી ૧૯૮૭ દરમિયાન ચક્ષુ પ્રાપ્તિની સંખ્યામાં ૧૪ ગણો વધારો થયો હતો. આજે અમેરિકામાં કોર્નિયા પ્રત્યારોપણ માટે રાહ જોવાની જરૂર નથી. દર વર્ષે ૪૫૦૦૦ થી ૫૦૦૦૦ પ્રત્યારોપણ થાય છે અને વધેલા કોર્નિયા વિદેશ મોકલવામાં આવે છે. તેની સામે ભારતમાં હજુ પણ બહુ ઓછી સંખ્યામાં પ્રત્યારોપણ થાય છે.

ભારતમાં ચક્ષુદાનની પ્રવૃત્તિને વધુ વેગમાન બનાવવા અને ગુણવત્તા સભર કોર્નિયાની ઉપલબ્ધતા વધારવા માટે તબીબી કાનૂની સુધારાઓ કરવામાં તેઓ સતત પ્રયાસશીલ રહ્યા છે. ચક્ષુદાન સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ અને જશવંતભાઈના સંનિષ્ઠ પ્રયાસોથી ૨૦૧૨માં કેન્દ્ર સરકાર દ્વારા તાલીમ પ્રાપ્ત ટેકનિશિયન દ્વારા કોર્નિયા કાઢવાની પરવાનગી આપતો સુધારો અમલમાં આવ્યો અને ભારતના દરેક રાજ્યમાં મૃત્યુ સમયે અપાતા ડેથ સર્ટિફિકેટમાં ચક્ષુદાન માટેની સંમતિ લેવાની સૂચના મોકલવામાં આવી છે. આ સૂચના પછી પણ આપણે ત્યાં કાયદો અમલ કરવા માટેની નિષ્ક્રિયતા સામાન્ય છે. આ માટે તેઓએ અનેક પ્રયાસો કરી આના અમલ માટે હાઈકોર્ટમાંથી ઓર્ડર મેળવ્યા. હાલ સમગ્ર મહારાષ્ટ્રમાં ડેથ સર્ટિફિકેટમાં આની જોગવાઈ અમલમાં આવી છે. તેમના કહેવા મુજબ 'જો અમેરિકાની જેમ ફરજિયાત વિનંતી માટેના કાયદાનો ભારતમાં પણ કડક અમલ થાય, તો ગુણવત્તાસભર કોર્નિયાની અછત દૂર થઈ શકે અને આપણે ત્યાં પણ કોર્નિયા પ્રત્યારોપણ માટે રાહ જોવાની જરૂરિયાત નહિ રહે અને ચક્ષુદાન તથા ચક્ષુબેન્કની કામગીરી વધુ સક્રિય બની શકે.'

નિવૃત્તિનો સમય હોવા છતાં જશવંતભાઈ મહેતા આજે પણ પોતાના બિઝનેસ અને આઈ બેંક માટે સંપૂર્ણ સમર્પણ સાથે કાર્યરત છે. તેઓ પ્રાણાયામ અને વોકિંગ દ્વારા પોતાની તંદુરસ્તી જાળવી રાખે છે. મુંબઈની શકલ બદલી શકવાની ક્ષમતા ધરાવતા આ પ્રતિભાશાળી અને માનવતાના પૂજારીને શત શત નમન...


Read online : www.feelingsmultimedia.com

યજ્ઞેશ આચાર્ય




# 'આશાદીપ' બુઝાયો.... પણ સ્વરસૃષ્ટિની જ્યોત પ્રજવલિત રહેશે

ગુજરાતના સુપ્રસિદ્ધ ગીતકાર સંગીતકાર અવિનાશ વ્યાસની 'આશાડી' અને દુનિયાભરમાં લાખો સંગીત પ્રેમીઓના દિલમાં તમામ મૂડના ગીતો ગાઈને ભારતીય ફિલ્મ જગત ઉપર સાત દાયકાથી વધુ રાજ કરનારા આશા ભોંસલેનો આશાદીપ બુઝાઈ ગયો.

૯૦ વર્ષની ઉંમરે આશા ભોંસલેએ ૨૦૨૪ની ૨૯ ડિસેમ્બરના રોજ દુબઈના કોકા-કોલા એરેના ખાતે ૧૦,૦૦૦થી વધુ સંગીત પ્રેમીઓની ઠસોઠસ હાજરીમાં સોનુ નિગમ સાથે શો કર્યો હતો. દુબઈમાં આ કોન્સર્ટ 'આશા ભોંસલે અને સોનુ નિગમ લેગસી કોન્સર્ટ'નો ભાગ બનવા સાથે તેમનો પહેલો સંયુક્ત શો હતો. તેમના માર્ગદર્શન હેઠળ સંગીતના પાઠ શીખનાર તેમની પૌત્રી ઝાનઈ ભોંસલેએ ખાસ હાજરી આપી હતી. ચારેક મહિના પહેલા જ ઝાનઈનું એક ગીત રેકોર્ડ થયું અને તે વાયરલ થયું હતું. સરકસના ચકડોળની જેમ આશા ભોંસલેનું જીવન પડકારો, સંઘર્ષો અને જય વિજયથી ભરેલું રહ્યું છે.

તાજેતરમાં પ્રકાશિત થયેલ તેમનું એક પુસ્તક 'A Life in Music'માં આશા ભોંસલેના અંતરંગ જીવનની અણગમતી ઘટનાઓનો ઉલ્લેખ મૃદુ અવાજની આ માલકીનના ધૈર્ય અને પડકારોની વચ્ચે ટકી રહેવાના તેમના અવાજનો પુરાવો આપે છે.

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના નાનકડા ગામમાં અણિશુધ્ધ સંગીત પરિવારમાં જન્મેલા આશા મંગેશકરને સંગીતનો વારસો મરાઠી તખ્તાના જાણીતા કલાકાર એવમ્ સંગીતકાર પિતા દિનાનાથ મંગેશકર તરફથી મળ્યો છે.

તેમની માતા સુરતના પારડીમાં જન્મેલા હતા. એ રીતે ગુજરાતનું અને ગુજરાતીઓનું તેમના દિલમાં એક વિશિષ્ટ સ્થાન રહ્યું છે. કદાચ આ જ કારણથી તેમણે માડી તારું કંકુ, છેલાજી રે મારે સાટુ પાટણથી પટોળા મોંઘા લાવજો, 'મારા રામ તમે સીતાજીના તોલે ના આવો' જેવા યાદગાર ગીતો ગાયા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૧૯૫૦માં એન.આર.આચાર્યની ફિલ્મ 'લગ્નમંડપ'માં એમણે પહેલું ગુજરાતી ગીત ગાયેલું જેના બોલ હતા 'રાતું નીરખું ફુલ રતુંબલ મને સાંભરે મારું બાળ'. જેના સંગીતકાર અજીત મર્ચન્ટ અને ગીતકાર પ્રહલાદ પારેખ હતા.

આ પુસ્તકમાં તેમણે કહ્યું છે, મારી ૧૬ વર્ષની ઉંમરે મેં મારાથી ૨૦ વર્ષ મોટા ગણપતરાવ ભોંસલે સાથે લવમેરેજ કર્યા હતા. આમ મંગેશકર અટક છોડીને ભોંસલે અટક સ્વીકારનાર આશાજીએ સાસરીયાઓ તરફથી અપમાન કે તિરસ્કારના ઘૂંટડા પીને પણ આજીવન એ અટક રાખી. મારી સગીર વયે ગણપતરાવ સાથેના આ લગ્નથી દીદી લતા સમેત આખો પરિવાર ભારોભાર નારાજ થઈ ગયો હતો અને ત્યાં સુધી કે દીદી લતાએ તો મારી સાથે વરસો સુધી અબોલા લઈ લીધા. તેનું કારણ એ હતું કે આ લગ્ન માટે લત્તા દીદીએ જ સંમતિ આપી છે એવો શક પરિવાર અને સમાજમાં વહેતો થયેલો. આમ મારી અને મારા પરિવાર વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી હતી.

આશાજીએ એકરાર કરતાં કહ્યું છે કે મેં ગણપતરાવ સાથે પ્રેમલગ્ન તો કરી લીધા પરંતુ સમય જતાં પ્રેમ અને વહાલનું સ્થાન તિરસ્કાર, ધિક્કાર અને અપમાને લીધું. લવ મેરેજનો મારો ભ્રમ ધીમે ધીમે ભાંગતો ગયો. મારા સાસરિયા અતિરૂઢિચુસ્ત હોવાથી તેઓ તેમની વહુ સંગીતની શોખીન કે ગાયક હોય તે સ્વીકારી શકતાં નહોતાં. અરે, પતિ ગણપતરાવનો સ્વભાવ ઉતાવળીયો હોઈ નાની નાની બાબતોમાં જલદી ઉશ્કેરાઈ જતા. સમય જતાં ઘરમાં બનતી ચિત્ર-વિચિત્ર ઘટનાઓ ઉપરથી મને લાગ્યું કે મારા પતિને કદાચ કોઈ વ્યક્તિને માનસિક-શારીરિક ત્રાસ આપતાં આનંદ થતો હશે.


Read online : www.feelingsmultimedia.com



સ્વતંત્રતા પછી ૧૯૪૮માં ફિલ્મ 'ચુનરિયા'ના સાવન આયા ગીત સાથે હિન્દી સિને જગતમાં સૂરીલા પગલા પાડનાર આશા ભોંસલેએ દિલ પર પથ્થર રાખી જણાવ્યું છે કે, 'વાતો તો એવી પણ ફેલાઈ હતી કે ગણપતરાવ તો શરાબી છે. પોતાની પત્ની સગર્ભા હોવા છતાં તેને મારે છે, પજવે છે વગેરે... આમ છતાં ક્યારેય એક હરફ ઉચ્ચારવાના બદલે હું સહન કરતી હતી. મારા ઘરમાં બનતી અપ્રિય ઘટનાને હું ક્યારેય બહાર જવા દેતી નહોતી. હિંદુ પરંપરાનુસાર ઘરની વહુ તરીકે મારી ફરજ બજાવતી હતી.'

એક તબક્કે મારા સાસરીવાળાઓએ તમામ મર્યાદાઓ ઓળંગી જઈને મને કહ્યું, 'ઘરની બહાર નીકળી જા.' મારા ઉપર આ એક અસહ્ય વજ્રઘાત હતો. કારણ કે તે વેળા મારો સૌથી નાનો દીકરો આનંદ મારા પેટમાં ઉછરી રહ્યો હતો. હું પણ મક્કમ મન રાખી ઘર છોડી મારા પિયરના ઘરે પહોંચી. મારી માતા, ભાઈ તથા બહેનોને પરિવારમાં ઘટેલી બધી ઘટનાઓની પેટ છૂટી વાતો કહી દીધી. એ દિવસે હું ખૂબ રડી હતી. બસ, તે ઘડીને આજ દિવસ સુધી મેં ભૂતકાળને ક્યારેય ઉખાળ્યો નથી.'

આશાજી કહે છે કે, 'કોઈ માને કે ના માને પરંતુ હકીકત એ છે કે, એક તબક્કે મેં મારા જીવનનો અંત લાવવાનો પણ નિર્ણય કર્યો હતો.' આ બધી ઘટમાળ વચ્ચે હું બીમાર રહેતી હતી સાથોસાથ ચાર મહિનાની સગર્ભા હતી. પ્રથમ લવમેરેજ મારા માટે એક અભિશાપ પુરવાર થયો. એકવાર તો એક સાથે ઘણી બધી ઉંઘની ગોળીઓ ગળી ગઈ હતી. બેભાનાવસ્થામાં મને હોસ્પિટલમાં દાખલ કરી, પરંતુ સાચું કહું તો મારા ગર્ભમાં ઉછરી રહેલા બાળકના શુકનવંતા નસીબે મને બચાવી લીધી.'

પરંતુ દુર્ઘટના ઓ જાણે આશાજીના જીવન સાથે વણાઈ ગઈ હોય તેમ ૨૦૧૨માં ડિપ્રેશનથી પિડાતી તેમની પુત્રી વર્ષાએ આત્મહત્યા કરી લીધી. ત્રણ વર્ષ બાદ ૨૦૧૫માં પુત્ર હેમંતનું પણ કેન્સર સામે લડ્યા બાદ અવસાન થયું હતું.

'A Life in Music'માં એક એવા મુદ્દાની પણ ચર્ચા થઈ છે કે, મંગેશકર બહેનો બોલીવુડ પર રાજ કરવા કોઈ નવોદિત પ્રતિભાઓને તક મળે તેવું ઈચ્છતા નથી અને સંગીત નિર્દેશકોને સ્પષ્ટ કહી દે છે કે કોઈ નવી ગાયિકાને લેશો તો અમે તમારી સાથે કામ નહી કરીએ. જો કે આશાજીએ સ્પષ્ટતા કરી છે કે, 'અમે ક્યારેય આવો વિચાર કર્યો નથી અને એટલો સમય પણ અમે બંને બહેનો પાસે નહોતો.' તેમણે ઉદાહરણ તરીકે અલકા યાજ્ઞિક, સાધના સરગમ, અનુરાધા પૌંડવાલના નામોનો પણ ઉલ્લેખ કર્યો છે. આ બધી ગાયિકાઓએ પણ અનેક મજેદાર અને યાદગાર ગીતો ગાયા છે.

જે સ્થિતિ હોય તેની સાથે અનુકૂળ થઈ જીવન જીવી જવાની આશા ભોંસલેની કહાની દ્રઢ નિર્ણય શક્તિની એક મશાલ છે. અનેક પડકારોનો સામનો કરવા છતાં એક મહાન ગાયિકા તરીકે જીવનના આખરી વર્ષોમાં પણ સંગીતના સાત સૂરોમાં ઓતપ્રોત રહી ૧૨,૦૦૦થી વધુ ગીતો સંગીત જગતને તેમણે આપ્યા છે. આશાજીના અનુભવનો પટારો અનેક ઈલ્કાબો, ખિતાબો તથા પ્રશસ્તિ પત્રોથી છલોછલ ભરાયેલો છે.

આશાદીદી ૮૦ વર્ષની કારકિર્દીમાં માત્ર ગાયકી જ નહીં... પરંતુ બિઝનેસમાંથી પણ તેઓ કમાણી કરતા હતા. તેઓની કુલ સંપત્તિ રૂા. ૮૦ થી રૂા. ૧૦૦ કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે. જેમાં કુવૈતમાં પાંચ રેસ્ટોરન્ટ, દોહા, કતાર, બહેરીન અને અબુધાબી જેવા મધ્ય પૂર્વીય દેશોમાં બે, તેમજ લંડન અને માન્ચેસ્ટરમાં એક-એક તથા બર્મિંગહામમાં બે રેસ્ટોરન્ટ ધરાવે છે.

દેહથી ભલે તેમનો આશાદીપ બુઝાયો છે પરંતુ સ્વરસૃષ્ટિમાં તેમનું યોગદાન સદૈવ ઝળહળતું રહેશે.

અલવિદા આશાતાઈ.....

KALPESH UPADHYAY (B.Sc)
Jyotirgyata, Jyotirbhushan(HNGU)
KALPESH ASTRO SERVICES
+91 88666 50725
One Call Can Change your Life
Our Services
✓ Astrologer
✓ Numerology
✓ Face Reading
✓ Vedic Astrology
✓ Shubh Muhurat
✓ Match Making
✓ Palmistry
✓ Janmakshar
Just call us and hear from us
www.kalpeshastroservices
kalpeshupadhyay41@yahoo.in
321, Akshar Arcade, Opp. Navrangpura Fire Station, Navrangpura, Ahmedabad-09.

■ ફીલિંગ્સ ટીમ




અંબાણી પરિવારને એક નવી ઓળખ આપતા અનંત અંબાણીએ પોતાના ૩૧મા જન્મદિનની ઉજવણી દરમિયાન અંદાજે ૫૭ લાખથી વધુ લોકોને વિવિધ રીતે મદદરૂપ બની તેઓના જીવનને વધુ સારૂ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મોટાભાગે એવું કહેવાતું કે રિલાયન્સ ગ્રુપ પૈસા કમાવવા માટે બહુ જાણીતું છે. દાદા ધીરૂભાઈ અને મુકેશભાઈ અંબાણીએ અઢળક સંપત્તિનું સર્જન કર્યું છે. સેવા અને સંપત્તિને બેલેન્સ કરનાર પૌત્ર અનંત અંબાણીએ સેવા ને જ સાચી સંપત્તિ ગણી સંવેદનાની વાત, કરૂણાની વાત, રિલાયન્સ કંપનીમાં એટલી સરસ રીતે મુકી છે કે, આજે આખું વિશ્વ આની ચર્ચા કરે છે. માતા નીતાબેન અંબાણી તરફથી મળેલ સેવારૂપી સંપત્તિનો વારસો અનંત ગણો કરનાર અનંતભાઈ માને છે કે પ્રાણીઓની સેવા કરવી એ માનવતાનું સર્વોચ્ચ સ્વરૂપ છે. અબોલ જીવો માટે આપણે અવાજ બનવું એ જ સાચી સેવા છે. તેઓ કહે છે કે સફળતા એ નથી કે તમે શું કમાયા છો? સફળતા એ છે કે તમે શું પાછું આપો છો.

જામનગર ખાતે Reliance Industries Limitedના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી અનંત અંબાણીના ૩૧મા જન્મદિન નિમિત્તે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લાખો લોકોના કલ્યાણને ધ્યાનમાં રાખીને ધાર્મિક, શૈક્ષણિક, આરોગ્ય અને સામાજિક સંસ્થાઓને કરોડો રૂપિયાનું સખાવતી યોગદાન અનંત અંબાણી દ્વારા આપવામાં આવ્યું છે. કુલ ૩૧ અલગ-અલગ જનસેવાઓની જાહેરાત કરવામાં આવી છે.

દ્વારકા, સોમનાથ, અંબાજી અને સાળંગપુર જેવા મુખ્ય ધાર્મિક સ્થળોએ યાત્રાળુઓ માટે માળખાકીય વિકાસના કામો હાથ ધરવામાં આવશે. ઉપરાંત જામનગર અને અન્ય વિસ્તારોમાં શૈક્ષણિક સંકુલોના સુધારા, ગૌશાળાની સ્થાપના, રિલાયન્સના કોન્ટ્રાક્ટ કામદારો માટે મીઠાઈ વિતરણ, સામુદાયિક ભોજન સમારંભો, મહિલાઓ માટે સાડી વિતરણ તથા ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ વિકસાવવાના કાર્યોનો સમાવેશ થાય છે.

શ્રી અનંત અંબાણી સનાતન ધર્મમાં ઊંડી આસ્થા ધરાવે છે તેઓ નિયમિત રીતે વિવિધ તીર્થસ્થાનોની મુલાકાત લે છે. તેમના જન્મદિવસ નિમિત્તે દ્વારકામાં યાત્રાળુઓ માટે બહુમાળી યાત્રી ભવન બનાવવાની પણ યોજના છે. ઉપરાંત વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ ભક્તોને સરળ અવરજવર માટે દ્વારકા શારદાપીઠમાં આધુનિક એસ્કેલેટર સ્થાપિત કરવામાં આવશે.

અંબાજી ખાતે નિર્માણાધીન યાત્રી ભવનમાં ૧૭ રૂમ ધરાવતો એક વધારાનો માળ બનાવવામાં આવશે. શ્રી અનંત અંબાણી દ્વારા અંબાજી મંદિરમાં એક વર્ષ સુધી મફત ભોજન પ્રસાદ સેવા આપવાનો સંકલ્પ પણ ચાલુ રાખવામાં આવ્યો છે. આ પહેલથી આશરે ૨૬ લાખ ભક્તોને ભોજન પ્રસાદનો લાભ મળશે. તેવી જ રીતે સોમનાથ મંદિર ખાતે એક વર્ષ માટે સવાર-સાંજ ભોજન પ્રસાદી સેવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી હજારો યાત્રાળુઓ લાભાન્વિત થશે.

આ ઉપરાંત હેલ્થકેર ક્ષેત્રે પણ અનેક પહેલો હાથ ધરવામાં આવી છે. જામનગરની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલમાં સારવાર લેતા આશરે ૨.૨૬ લાખ દર્દીઓને એક વર્ષ માટે ડોક્ટરની સલાહ મુજબનું ભોજન આપવામાં આવશે. જેનો અત્યાર સુધી ૧.૫૦ લાખથી વધુ લોકોને લાભ મળ્યો છે. જોગવડ ખાતે પણ મલ્ટી-સ્પેશિયાલિટી આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરાંત પશુઓ માટે પણ આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરાયું છે.

શૈક્ષણિક ક્ષેત્રે, ગામોમાં નવી શાળાઓનું નિર્માણ કરાશે. 'અક્ષય પાત્ર ફાઉન્ડેશન' દ્વારા દરરોજ હજારો વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વડોદરાના ગોરજ મુનિ સેવાશ્રમમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટેની સુવિધાઓ વધારવામાં આવશે.

રાજકોટમાં સદ્ભાવના વૃદ્ધાશ્રમ અને ખેડામાં મહિપતસિંહ ફાઉન્ડેશનને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે, જેનો અંદાજે ૪,૦૦૦ વરિષ્ઠ નાગરિકોને લાભ મળશે.

આ ઉજવણી અંતર્ગત ૧૦ દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમો થકી લોકડાયરા અને ભોજન સમારંભો દ્વારા ગ્રામ સમુદાય સાથેની આત્મીયતા મજબૂત કરવામાં આવશે. જામનગર આસપાસના ગામોમાં હજારો લોકોને મીઠાઈ અને મહિલાઓને સાડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત રિલાયન્સના કોન્ટ્રાક્ટ કામદારોને ફૂડ હેમ્પર્સ આપીને તેમને પણ આ ઉજવણીમાં સામેલ કર્યા હતા.

અનંત અંબાણીને 'ફીલિંગ્સ' પરિવાર તરફથી જન્મદિનની અનેક શુભેચ્છાઓ. ફી



# એક સંવેદનશીલ સહધર્મચારિણીની સ્મરણયાત્રા..... અતૂટ પ્રેમનો દસ્તાવેજ

જીવનના કોઈ પણ તબક્કે પ્રિયજનની વિદાય તો વસમી લાગે જ. પરંતુ નિયતિની જન્મ અને મૃત્યુની વાસ્તવિકતાને આપણે સ્વીકારવી જ રહી.

મહા કવિ કાલિદાસ રચિત 'કુમારસંભવ' મહાકાવ્યના આઠમા સર્ગમાં આલેખાયેલું 'અજવિલાપ'નું અહીં સહજ સ્મરણ થાય છે. પોતાની પ્રાણપ્રિય રાણી ઈન્દુમતીનું બગીચામાં વિહાર દરમ્યાન ઉપર આકાશમાંથી પુષ્પમાળા પડવાથી મૃત્યુ થતાં રાજા અજ વિલાપ કરતાં શ્લોકમાં કહે છે કે,

'તું મારા માટે ગૃહિણી, મંત્રી, એકાંતની સખી
અને સુંદર કલાના વિષયમાં શિષ્યા હતી. બોલ
તને મારનાર મૃત્યુએ મારું શું નથી હરી લીધું!'

પ્રેમ, સેવા અને સંસ્કારનું ગાન કરતું આ પુસ્તક 'રીમા' 'મેહૂલ વિલાપ' બની એક સંવેદનશીલ સહધર્મચારિણી પ્રત્યેના અસાધારણ પ્રેમની અવિસ્મરણીય સ્મરણયાત્રા તો બન્યું જ છે. સાથો-સાથ પરિવારનો આખો માળો રીમાબેનના મૃત્યુ પછીનો જે 'ખાલીપો' અનુભવી રહ્યો છે તેની વેદના કોઈપણ સંવેદનશીલ વાચકની આંખના ખૂણા ભીના કરી દે તેવી છે.


રીમાબેનના પતિ શ્રી મેહુલભાઈ ધોળકીયા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૬૪ના રોજ વિંછીયામાં જન્મેલ મેહુલભાઈએ નાની ઉંમરમાં જ માતા-પિતાની છત્ર છાયા ગુમાવી હતી. પરંતુ માતા પિતા તરફથી મળેલ સંસ્કાર વારસો-સેવાભાવ અને નીતિમત્તાના બળે ૧૯૮૬માં તેઓએ અમદાવાદ આવી ઓટો સ્પેરપાર્ટસ બિઝનેસમાં ઝંપલાવ્યું. આજે ઓટો મોબાઈલ્સ ક્ષેત્રે 'ડીજીસી' (ધોળકીયા ગ્રુપ ઓફ કંપની) 'એપ્કો', 'ડી.જે. ટોયોટા' અને 'એક્યુરેટ'ના નામે પ્રચલિત છે. પાંચ ભાઈઓ અને ત્રણ બહેનોનું સંયુક્ત કુટુંબ ધરાવનાર મેહુલભાઈનું નામ અમદાવાદમાં 'ટોયોટા' ડીલર તરીકે બહુ આદરપાત્ર બન્યું છે.

તેઓના માતુશ્રી હસુમતીબેનના નામે ટ્રસ્ટની સ્થાપના કરી અનેક જરૂરિયાતમંદ લોકોની વિવિધ રીતે સેવાઓ આ પરિવાર કરી રહ્યું છે. કોરોના કાળ વખતે અમદાવાદમાં તેમણે ૨૪ કલાક સેવાકાર્ય ચાલુ રાખ્યું હતું. જેમાં ધોળકીયા ગ્રૂપની યુવા પેઢીએ ખડે પગે રહી ઓક્સિજન સિલિન્ડર, એમ્બ્યુલન્સ સર્વિસ, દવાઓ જેવી અનેક સહાય લોકોને પૂરી પાડી હતી. મેહુલભાઈ વિવિધ સંસ્થાઓ સાથે સક્રિય છે. જેમ કે, શ્રી કાઠિયાવાડી સ્થાનકવાસી જૈન સમાજ અમદાવાદ-માનદ્ મંત્રી, સ્થાનકવાસી સમાજ ઉત્કર્ષ ફાઉન્ડેશન, 'જિતો' અમદાવાદમાં FCP તથા વિંછીયા કેળવણી મંડળ (મુંબઈ) - માનદ્ મંત્રી. મેહુલભાઈના મોટાભાઈ દિલીપભાઈ પણ દિલ્હીમાં ગુજરાતી સમાજ તથા અન્ય સંસ્થાઓ સાથે અનેક સમાજસેવામાં પ્રવૃત્ત છે.

બિઝનેસમાં તથા સમાજસેવા ક્ષેત્રમાં ઉત્તમ પ્રદાન બદલ તેઓને અનેક એવોર્ડસ તથા સન્માનપત્રો પણ પ્રાપ્ત થયા છે.

આવા મેહુલભાઈ એક પતિ, એક પિતા તેમજ એક આત્મીય મિત્ર બની રીમાબેનના સમગ્ર જીવનને પ્રેમની અમૃતવર્ષાથી તરબતર કરનાર 'અષાઢીમેઘ' બન્યા છે. રીમાબેનનો આત્મા આજે જ્યાં પણ હશે એ પુલકિત થતા હશે.

વેદના જ્યારે સંવેદના બની સમગ્ર જીવનનો કબજો મેળવી લે ત્યારે જ આવું સંવેદના સભર પુસ્તક જન્મ લેતું હોય છે. સહૃદયી વાચકો માટે રીમાબેન અને મેહુલભાઈની આ સ્મરણ યાત્રા અતૂટ પ્રેમનો પાક્કો દસ્તાવેજ બની રહેશે તેમાં બે મત નથી. પ્રેમ સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવી અનંતની યાત્રાએ ચાલી નીકળેલ




રીમાબેન ભલે સદેહે આપણી વચ્ચે નથી પરંતુ શબ્દદેહે આપણી વચ્ચે જ છે તેની સતત અનુભૂતિ આ પુસ્તકના પાને-પાને થાય છે. હવે મેહુલભાઈ પોતાના પરિવારજનોમાં રીમાબેનની હાજરી સતત અનુભવતા રહેશે એ આ પુસ્તકની સફળતા ગણાવી શકાય. કવિ રમેશ પારેખના આ શબ્દો મેહુલભાઈના જીવનમાં એકદમ બંધ બેસે છે.

'મને સદ્ભાગ્ય કે,
શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો,
વરસોના વરસ લાગે.'





# મુંબઈ સમાચાર આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'માં છવાયો માતૃભાષા ભક્તિનો અનોખો રંગ...

મહાનગર મુંબઈના આંગણે 'મુંબઈ સમાચાર' દ્વારા આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ' તાજેતરમાં ભવ્યતા અને દિવ્યતાથી સંપન્ન થયો. સમગ્ર મુંબઈને કૃષ્ણમય બનાવી તમામ માતૃભાષાનો જયઘોષ કરતો આ ઉત્સવ પ.પૂ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ, વલ્લભકુળ ભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી, વૈષ્ણવાચાર્ય ૧૦૮ યદુનાથજી મહારાજશ્રી તેમજ અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજની પાવન ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ ઉત્સવના મુખ્ય મનોરથી તરીકે શ્રી સૌરભ મહેતા તથા સહ-મનોરથી તરીકે શ્રી રમેશભાઈ પારેખનું અદ્ભૂત યોગદાન પ્રશંસનીય છે, 'મુંબઈ સમાચાર' પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાનના આયોજકો સર્વશ્રી નિલેશ દવે, શ્રી પરાગ શાહ, જિજ્ઞેશ ભુતા, નિરવ મહેતા, સંતોષસિંહ, જસ્મીન શાહ, જિજ્ઞેશ હિરાણી, મુકેશ પટેલ, જિતેન્દ્ર મહેતા, શોભિત દેસાઈ, રાજુ સાવલા, જગદીશ ઓઝા, મિલન ત્રિવેદી (રાજકોટ), અરવિંદ શાહ, ભાર્ગવ પટેલ તથા દુષ્યંત સોની (દુબઈ)નો સહયોગ પણ ભૂલાય તેમ નથી.

આ સમારંભની વિશેષતા એ રહી કે સતત પાંચ દિવસ સુધી વિવિધ ગાયકોના ભાવવાહી કંઠે વહેતા ભકિતગીતો તથા લોકકલાકાર ગીતા રબારી અને કીર્તિદાન ગઢવીના જોશીલા ડાયરાએ માતૃભાષા ભક્તિના વહાવેલા પ્રવાહમાં ઉપસ્થિત તમામ શ્રોતાગણને ભીંજવ્યા હતા.

પૂ. ભાઈશ્રીએ આ ભવ્ય અને દિવ્ય પ્રસંગે ઉપસ્થિત તમામ ભાવિકોને માતૃભાષાના સંવર્ધન માટે પોતાનું યોગદાન આપવા પ્રેરિત કરતાં દરરોજ એક કલાક પુસ્તક વાંચન કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, 'પુસ્તકો અને અખબારો જ માતૃભાષાને ટકાવી રાખવામાં અને તેને જીવંત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.'


વધુમાં, પૂ. ભાઈશ્રીએ ઉમેર્યું કે, 'જેમ આપણે એકાદશીનું વ્રત કરીએ છીએ, તેમ મહિને પંદર દિવસે 'મોબાઈલ વ્રત' કરવું જોઈએ, એટલે કે મોબાઈલથી દૂર રહેવું જોઈએ.' ભાગવત પઠનનું માહાત્મ્ય સમજાવતા તેમણે કહ્યું કે, 'તેનો લાભ અશ્વમેઘ યજ્ઞ જેટલો માનવામાં આવ્યો છે. જે ઘરમાં શ્રીમદ્ ભાગવત હોય તે ઘર તીર્થ સમાન બને છે.'

આ પાવન અવસરે 'મુંબઈ સમાચાર'ની અવિરત શબ્દયાત્રાનો ઉલ્લેખ કરતાં વૈષ્ણવાચાર્ય ૧૦૮ પૂ. યદુનાથજી મહારાજે જણાવ્યું હતું કે, 'આ ૨૦૪ વર્ષની યાત્રાનો સાર છે માતૃભાષા ભાગવત સપ્તાહ. લોકચર્ચાથી શરૂ થયેલી યાત્રા જ્યારે હરિચર્ચા પર પહોંચે છે, ત્યારે તેને સાચી પરિપક્વતા કહી શકાય. ભાષામાં સ્નેહ હોવો જ જોઈએ.'

પૂ. ભાઈશ્રી માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં શ્રી યદુનાથજીએ જણાવ્યું હતું કે, 'જો તમારે ભાઈશ્રીને સંપૂર્ણ પણે ઓળખવા હોય, તો એક વખત તેઓના પોરબંદર ખાતે આવેલા સાંદીપની આશ્રમની મુલાકાત લેજો. ઈશ્વરને પણ એક વખત મુલાકાત લેવાનું મન થાય તેવો આ આશ્રમ છે.'

આ સમારોહમાં ભક્તિ સંગીત દ્વારા માતૃભાષાને માનવંદના અર્પણ કરનાર કલાકારોનો પણ વિશેષ ફાળો રહ્યો હતો. તેમાં અભિનેતા અને સંચાલક હેમંત બર્વે, દીપ્તિ ભાગવત, ગાયક કલાકારો અજિત પરબ, સંજીવની ભેલાડે, પલ્લવી કેળકર તથા નચિકેત દેસાઈએ ભક્તિગીતો અને અભંગો રજૂ કરીને સમગ્ર વાતાવરણને ચૈતન્યમય બનાવી દીધું હતું.

આવા અનોખા માતૃભાષા ભાગવત સપ્તાહનું આયોજન કરવા બદલ 'મુંબઈ સમાચાર'ને ફીલિંગ્સ પરિવાર હાર્દિક અભિનંદન પાઠવી પ્રસન્નતા વ્યક્ત કરે છે. ફી






# Choose Your Own Style

Designer Suits • Sherwanis • Indo Western • Waist Coat
Kurta Payjama • Shirts & Trousers • T-Shirts & Jeans

## R.K
**Garments. Cloth. Tailor**

**Only at Satellite**

**Address:** 8, Ground Floor, Shital Varsha, Shivranjani Crossroads,
Satellite, Ahmedabad. (Guj) India. **Ph: 079 – 26750153 / 54**

For Corporate, Festival & Special Occasion Gifting Inquiry, Please **Call: +91 90999 85031**

E-mail: rk@rkgarments.com | Website: www.rkgarments.com



દીપક જગતાપ

# જૂનાગઢથી વિશ્વ સુધી કેસર કેરીની સુગંધિત સફર

## સ્વાદમાં મધ જેવી મીઠી કેસર કેરીનું દેશ વિદેશમાં અનોખું આકર્ષણ

જૂનાગઢથી લઈને છેક પાકિસ્તાન સુધી જોડાયેલા છે કેસરના નામકરણના તાર...

ફળોના રાજા ગણાતી કેરીની સૌથી સ્વાદિષ્ટ જાતને 'કેસર' નામ મળ્યું છે. ગુજરાતના જૂનાગઢ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં પાકતી કેસર કેરી માત્ર ભારત જ નહીં, પરંતુ દુનિયાભરમાં પ્રસિદ્ધ છે.

હાલની કેસર કેરી પહેલાં 'સાલેભાઈની આંબળી' તરીકે ઓળખાતી હતી. ફળોના રાજા તરીકે ઓળખાતી કેસર કેરીની તાલાલા APMC ખાતે વિધિવત હરાજીની શરૂઆત થઈ ચૂકી છે.

માર્કેટ યાર્ડમાં વિધિવત હરાજી સામાન્ય રીતે એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં શરૂ થાય છે. ૨૦૨૫માં ૨૬ એપ્રિલે અને ૨૦૨૪માં ૧ મેના રોજ શરૂઆત થઈ હતી. આ વર્ષે પણ એપ્રિલના અંત સુધી અથવા મેના પ્રારંભમાં શરૂઆત થવાની સંભાવના છે.

પરંતુ આ વર્ષે કેસર કેરીની સીઝન વહેલી શરૂ થઈ ગઈ છે. ગોંડલ APMC ફ્રૂટ માર્કેટ યાર્ડમાં ૧૬ માર્ચ ૨૦૨૬થી પ્રથમ આવક નોંધાઈ છે. પ્રથમ દિવસે જસાધાર, કંટાળા સહિતના પંથક (તલાલા અને ગીર વિસ્તાર)માંથી અંદાજે ૨૦૦ બોક્સ (૧૦ કિલોના) આવ્યા હતા. ૧૦ કિલોના બોક્સનો ઊંચો ભાવ રૂ.૫૫૦૦ અને નીચો ભાવ રૂ.૨૫૦૦ રહ્યો હતો.

કસમયના વરસાદ અને હવામાનમાં ફેરફારને કારણે કેસર કેરીનું ઉત્પાદન ઓછું થવાની શક્યતા છે, જેના કારણે ભાવ ઊંચા રહેવાની અપેક્ષા છે. ગત વર્ષોમાં સંપૂર્ણ સીઝનમાં ૩.૫ થી ૬ લાખ બોક્સની આવક થતી હતી, પરંતુ આ વર્ષે ઓછી આવકની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ચાલુ વર્ષે ગોંડલમાં પ્રથમ આવક દરમિયાન ભાવ રૂ. ૨૫૦૦થી ૫૫૦૦ પ્રતિ ૧૦ કિલો બોક્સ રહ્યા હતા, જે ખૂબ ઊંચા ગણાય છે. તાલાલા APMCમાં હરાજી શરૂ થયા પછી સરેરાશ ભાવ રૂ. ૮૦૦થી ૨૦૦૦થી વધુ (ગુણવત્તા અનુસાર) રહેવાની શક્યતા છે, કારણ કે ઉત્પાદન ઓછું છે.

આમ તો ફળોમાં કેરીને રાજા કહેવાય છે, અને તેમાં પણ સૌથી વધુ લોકપ્રિય જાત તરીકે 'કેસર કેરી'નું નામ પ્રથમ આવે છે. સ્વાદમાં અદ્ભૂત મીઠાશ ધરાવતી કેસર કેરી સૌની પ્રિય છે. કેસર કેરીની પણ વિવિધ જાતો છે, જેમ કે જૂનાગઢ કેસર, રત્નાગીરી કેસર અને તાલાલા કેસર વગેરે...

કહેવાય છે કે કેસર કેરીની ભેટ જૂનાગઢના નવાબે આપી હતી. ભાગલા સમયે નવાબ પાકિસ્તાન જતા રહ્યા હતા, તે પહેલાં તેમણે આ કેરીનું મહત્વ વધાર્યું હતું. આજે જૂનાગઢ ઉપરાંત અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં પણ કેસરનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે.

**કેસર કેરીનું નામ 'કેસર' કેવી રીતે પડ્યું?:**

કેસર કેરીનો ઈતિહાસ ખૂબ રસપ્રદ છે. ૧૯૩૦ની આસપાસ વંથલી નજીક ઓજત વિસ્તારમાં ચામસી અને રવાયું ગામોની સીમમાં આંબાના બગીચા હતાં. તે સમયે જૂનાગઢના વજીર સાલેભાઈ પોતાના ફાર્મ પર ગયા હતા. ત્યાં બાજુની વાડીમાં કેરીનો પાક જોઈ તેમણે તે કેરીઓ તોડી અને કરંડિયામાં પેક કરીને પોતાના માંગરોળના મિત્ર જહાંગીર મિયા શેખને ચખાડવા લઈ ગયા હતા.

આ પાકેલી કેરી ચાખી અને જહાંગીર મિયાએ પોતાના દરબારીઓને પૂછતા તેમણે કહ્યું કે, 'આવી કેરી તેમણે ક્યારેય ચાખી નથી.' પછી પ્રશ્ન ઉભો થયો કે આ કેરીને શું નામ આપવું? સર્વસંમતિથી નક્કી થયું કે આ શોધ સાલેભાઈએ કરી હોવાથી તેનું નામ 'સાલેભાઈની આંબળી' રાખવું જોઈએ. ત્યારથી આ નામ પ્રચલિત થયું અને સાલેભાઈને 'સાલેહિંદ'નો ઈલ્કાબ પણ મળ્યો હતો.

માંગરોળમાં થયેલી આ ઘટનાની જાણ જૂનાગઢના નવાબને થઈ તેમણે આ વિષય પર નિષ્કર્ષ સુધી પહોંચવા માટે બાગાયત શાસ્ત્રના નિષ્ણાંત આયંગર સાહેબની મદદ લીધી હતી. આયંગર સાહેબે સાલેભાઈને મળીને આ આંબાના ઝાડની મુલાકાત કરી હતી. આયંગર સાહેબ દ્વારા આ ૯૭ કલમના વર્ધન માટે આદેશ કરવામાં આવ્યો હતો. આ કલમ



તૈયાર થતા ઝાડ પરથી ઉતારી અને જૂનાગઢમાં લાવવામાં આવી હતી.

માંગરોળથી મોકલાયેલી આ કેરી નવાબને ખૂબ ગમી, તેથી ગીરનારની તળેટીમાં દૂધેશ્વર વિસ્તાર તેમજ નવાબના અનેક બગીચાઓ જેમ કે, જિલ્લા પંચાયત ગ્રાઉન્ડ, સરદારબાગ, સક્કરબાગ, લાલઢોરી અને લાલબાગમાં પણ આ કલમો વાવવામાં આવી. ત્યારબાદ કાઠિયાવાડના અન્ય રાજવીઓએ પણ આ જાતનું વાવેતર શરૂ કર્યું.

ઈ.સ. ૧૯૩૪માં આ આંબાઓ પર ફળ આવ્યા. જ્યારે આ કેરી દરબારમાં ચખાડવામાં આવી ત્યારે સૌએ તેની સુગંધ, ઓછા રેસા અને કેસરીયા રંગથી પ્રભાવિત થઈ તેને 'કેસર' નામ આપવાનું નક્કી કર્યું. ૨૫ મે ૧૯૩૪ના રોજ જૂનાગઢના નવાબે આ કેરીને સત્તાવાર રીતે 'કેસર' નામ આપ્યું. ત્યારથી આ કેરી દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થઈ ગઈ. આમ કેસર કેરીનું નામકરણ થયું હતું આ અનોખો પ્રસંગ ફળોના ઈતિહાસમાં દુર્લભ છે.

કેરીનું નામ આવે એટલે તરત જ 'કેસર' યાદ આવે. કેસર કેરીનો સ્વાદ અદ્ભૂત છે અને તેનું આકર્ષણ ફક્ત ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશ-વિદેશમાં પણ જોવા મળે છે.

ગીર, વંથલી અને તલાલાની અલગ-અલગ જાતોમાં સૌરાષ્ટ્રમાં કેરી એટલે કેસર. એક સમય એવો હતો જ્યારે સૌરાષ્ટ્રમાં ૧૦૦થી વધુ જાતોની કેરીનું ઉત્પાદન થતું હતું. હવે દાયકાઓથી માત્ર કેસર જ ચર્ચામાં છે અને આ વિસ્તારના ખેડૂતો પણ કેસર કેરીમાંથી સારું એવું ઉત્પાદન મેળવી રહ્યા છે.

હાલમાં તલાલાને કેસર કેરીનું મોટું હબ માનવામાં આવે છે. અહીં મોટું બજાર છે. મોટા પ્રમાણમાં દેશ-વિદેશમાં કેસર કેરી અહીંથી મોકલવામાં આવે છે. તલાલાની કેસર કેરીના ફળની પણ અલગ ઓળખ છે. આ વિસ્તારમાં થતી કેસર કેરી કાપતા જ ખ્યાલ આવી જાય છે કે તે તલાલાની છે કે વંથલીની. કેસરની ચીરી કાપતા જ તેમાંથી પાણી નીકળે છે, જેના પરથી તેની ઓળખ કરવામાં આવે છે.

કૃષિ નિષ્ણાત જી.આર. ગોહિલ જણાવે છે કે, 'વંથલી વિસ્તારની જમીન દળદાર છે, તેથી તેની જમીનમાં વધુ પાણી આપવું પડે છે. વંથલીની કેસર કેરી લગભગ ૧૫ દિવસ મોડી પાકે છે અને સાઈઝમાં પણ મોટી હોય છે. વર્તમાન સમયમાં ટપક સિંચાઈ પદ્ધતિનો પણ બાગાયત ખેતીમાં ઉપયોગ થાય છે. કેસર કેરી ઉત્પાદન કરતા ખેડૂતો તેનો વ્યાપક ઉપયોગ કરે છે.'

વધુમાં તેઓએ કહ્યું કે, 'પથરાળ જમીનમાં થતી કેસર કેરી પણ અલગ ઓળખ ધરાવે છે. ગીરની કેસર કેરી આ પ્રકારનું ફળ છે જે પથરાળ જમીનમાં ઉછેરેલા આંબા પર થાય છે.'

**કેમ વખણાય છે કેસર?**

દેશમાં રત્નાગીરી હાફૂસ સહિત અનેક કેરીની જાતો રસિયાઓને આકર્ષે છે. પરંતુ જૂનાગઢની કેસર કેરી માટે વિશેષ આકર્ષણનું ખાસ કારણ છે. અહીં ગીર, તલાલા અને વંથલીની કેસર જાણીતી છે. તેની છાલ, તેનો રંગ અને ફળનો આકાર જોતાં જ આકર્ષણ થાય છે. કેસરનો ગર્ભ કેસરીયાળો હોય છે અને તેની મીઠાશ મધમધતી હોય છે તેમજ ગર્ભમાં રેસા નથી હોતા.

જૂનાગઢની કેસર કેરીની ગોટલી ખૂબ નાની અને ફળ મોટું હોય છે તેથી ગર્ભ વધુ હોય છે. સુગંધ અને સ્વાદ ઉપરાંત અનેક ગુણોથી ભરપૂર આ કેરી રસિયાઓનું મન મોહી લે છે.

**વિદેશમાં પણ જબરદસ્ત માંગ:**

આ વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં કેસર કેરી દેશ-વિદેશમાં મોકલવામાં આવે છે. ગુજરાત અને રાજ્ય બહાર પણ તેની ભારે માંગ છે. વિદેશમાં વેપારીઓ માંગ મુજબ નિકાસ કરે છે. ખાસ કરીને અમેરિકા, યુનાઈટેડ આરબ અમીરાત, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને બ્રાઝિલ જેવા દેશોમાં કેસર કેરીની ભારે માંગ રહે છે.

વિદેશમાં મોકલાતી કેરી ખાસ કરીને કોઈપણ પ્રકારની દવા છાંટ્યા વગર તૈયાર કરવામાં આવે છે. આ વિસ્તારમાં ઘણી આંબાની વાડીઓમાં દવાઓનો ઉપયોગ કર્યા વગર જ આંબાનો ઉછેર કરવામાં આવે છે અને કેરીનો પાક લેવાય છે. આવી કુદરતી રીતે તૈયાર કરેલી કેરીની સ્થાનિક બજારમાં પણ વધુ માંગ રહે છે, જેના કારણે તેનો ભાવ પણ વધારે રહે છે.

જૂનાગઢની કેસર, ગીરની કેસર તેમજ કચ્છની કેસર અને વલસાડની કેસર કેરીઓ પણ પ્રખ્યાત છે.

પશ્ચિમ કેરી વિભાગ દ્વારા ૧૯૫૫માં મુંબઈ ખાતે કેરીનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં જૂનાગઢના બાગાયત વિભાગ તરફથી કેસર કેરી મોકલવામાં આવી હતી, જેને સુવર્ણ ચંદ્રક એનાયત થયો હતો.

ભારતના તે સમયના વડાપ્રધાન જવાહરલાલ નેહરુ જ્યારે રશિયા ગયા ત્યારે રશિયાના વડાપ્રધાન નિકિતા ખ્રુશ્ચેવ માટે સૌરાષ્ટ્રમાંથી ખાસ કેસર કેરી લઈ ગયા હતા. ત્યારથી જૂનાગઢની કેસર કેરીને વિદેશમાં ઓળખ મળી હતી.

**કેસરના નામે મેળા અને મહોત્સવ:**

હવે કેસર કેરીના મહોત્સવો પણ ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૦૯થી અમદાવાદમાં કેસર કેરી મહોત્સવનું પણ આયોજન થાય છે. ઉપરાંત ગાંધીનગર, વડોદરા, દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં પણ આવા મહોત્સવો યોજાય છે.

આ મહોત્સવોમાં ઉચ્ચ ગુણવત્તાવાળી અને કાર્બાઈડ-મુક્ત કેસર કેરી સીધી ખેડૂતો પાસેથી ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે, જેથી તેના ભાવ ખેડૂત અને ગ્રાહક બંને માટે અનુકૂળ રહે છે.

ગુજરાતના જૂનાગઢ જિલ્લાના તલાલા તાલુકામાં પાકતી કેસર કેરીની વિશ્વભરમાં આગવી ઓળખ છે અને તેની મોટા પ્રમાણમાં નિકાસ થાય છે. ઉપરાંત, ગુજરાતની કેસર કેરીની જાતને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા GI ટેગ પણ આપવામાં આવ્યો છે.




# નવી પેઢીનાં ખેડૂતપુત્રો એગ્રો ઈન્ડસ્ટ્રિયાલિસ્ટનો દરજ્જો મેળવે

અમરેલી જિલ્લાના ખેડૂત ખાતેદાર ઘનશ્યામ પટેલે રાજ્યના કૃષિ મંત્રીને પત્ર લખી પોતાની ૧૦ વિઘા જમીન ઉપર ગાંજાની ખેતી કરવા મંજૂરી માંગી છે. આ ખેડૂત પુત્રએ ખેતીપેદાશોના ઘટતા ભાવ સામે આક્રોશ ઠાલવતા લખ્યું છેઃ સાહેબ, વર્ષ ૨૦૧૬-૧૭માં કપાસનો ભાવ રૂ. ૨૦૦૦ આસપાસ હતો, જે ઘટીને રૂ. ૧૪૦૦ થયો છે. એક થેલી ડી.એ.પી. ખાતરનો ભાવ રૂ. ૬૫૦થી વધી રૂ. ૧૫૦૦ થયો છે. કૂવામાં પાણી છે, પરંતુ એક લિટર ડીઝલનો ભાવ રૂ. ૧૦૦ સુધી પહોંચી ગયો છે. ફરીયાદી ખેડૂત લખે છે કે, 'ખેતમજૂરોને ચા-બીડી, બપોરે શાક અને છાશ ઉપરાંત રૂ. ૫૦૦ મજૂરી આપતાં છતાં દાડીયા મળતાં નથી. શાક-રોટલા જોગ ખેતીમાં હવે બે પાંદડે થવું મુશ્કેલ બન્યું છે. આથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ગામડાંઓના ૩૮% યુવકો દક્ષિણ ગુજરાતમાં હીરા ઉદ્યોગમાં સ્થળાંતરિત થયા છે. પરિણામે દરિયાકાંઠાના ગામડાંઓમાં હવે ક્ષારયુક્ત પાણી, વૃદ્ધો અને દિવ્યાંગો જ રહ્યા હોવાની વાસ્તવિકતા છે.'

'જગતના તાત'નું બિરુદ મેળવનાર ખેડૂત આજે કરુણતાના દલદલમાં ફસાયો છે. પાક નિષ્ફળતા અને દેવાની સ્થિતિને કારણે, વર્ષ ૨૦૨૩ના આંકડા મુજબ ૪૧૫૧ ખેડૂતોએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવવાનો રસ્તો અપનાવ્યો છે. આવી પરિસ્થિતિમાં કૃષિ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવવું અનિવાર્ય છે. કૃષકોએ જમીન આધારિત પોતાની ૫૦૦૦ વર્ષ જૂની કાર્યપ્રણાલીમાં મૂળભૂત ફેરફાર લાવવો પડશે. સાથે જ રાજ્ય સરકારે ખેડૂતોના લાંબા ગાળાના હિતને ધ્યાનમાં રાખીને હિંમતભેર નિર્ણયો લેવા જરૂરી છે.

ભારત વિશ્વનું ત્રીજું અર્થતંત્ર બની ૨.૫ કરોડ નાગરિકોને ગરીબી રેખાથી ઉપર લાવવા ઈચ્છે છે. ત્યારે બેંકોની બેલેન્સ શીટ અને દેશની ૧૦ ટ્રિલિયન ઈકોનોમીના લક્ષ્યાંક સામે ખેડૂતોનું રૂ. ૪૫૦ અબજનું યોગદાન સાથે ૧૫% વિકાસ હાંસલ કરવો અનિવાર્ય બને છે. કૃષિ ઉત્પાદનમાં નીતિગત સુધારા અંગે તાજેતરની આઈ.સી.એ.આર.ની બેઠકમાં દેશના કૃષિ વૈજ્ઞાનિકો, ફૂડ વેલ્યુ એડિશન ક્ષેત્રના રોકાણકારો અને જૈવિક વિજ્ઞાનના સંશોધકોએ પોતાના અહેવાલમાં ભારત સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરી છે કે, 'કૃષિ ક્ષેત્રને રાજકીય પ્રભાવોથી ઉપર લાવવામાં આવે અને દેશના જી.ડી.પી.માં ખેતીનો હિસ્સો ૪૨.૪% સુધી પહોંચાડવામાં આવે. આ એક આશાસ્પદ અને અનિવાર્ય દિશા છે.'

ભારતના કુલ વર્કફોર્સમાં ૪૬% હિસ્સો ધરાવતી કૃષિની સ્થિતિ એવી છે કે, 'માત્ર ગુજરાતના ગામડાંઓમાં જ પરિવારદીઠ સરેરાશ રૂ. ૧.૪૧ લાખનું દેવું છે. ૨૮% ગ્રામજનોએ લોન લઈને ઘર ચલાવવું પડે છે. નેશનલ બેંક ઓફ એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટના અહેવાલ મુજબ ગુજરાતી ખેડૂત પરિવાર પાસે સરેરાશ ૧.૧ હેક્ટર ખેતીલાયક જમીન છે. ઉપરાંત, ૩૪% ખેડૂતો દેવામાં ડૂબેલા છે. આ પરિસ્થિતિને કારણે પ્રાકૃતિક આફતો સામે પાક વીમા યોજના હેઠળ વાવેતર જેટલું વળતર ચૂકવવા રાજકીય દબાણ વધે છે. પ્રતિવર્ષ સરેરાશ રૂ. ૭૨થી ૮૦ હજાર કરોડના ખેડૂત દેવા માફ કરવાની પરિસ્થિતિ સર્જાય છે, જેને હવે અર્થશાસ્ત્રીય દૃષ્ટિએ પણ મૂલવવાની જરૂર છે. આઝાદીના આઠ દાયકાઓ પછી પણ ભારતનું ગામડું ગરીબ છે-આ ભ્રમમાંથી બહાર આવવાનો સમય આવી ગયો છે.'

**તેના કેટલાંક કારણો આ મુજબ છે...**

ભારતમાં લકઝરી બ્રાન્ડની વસ્તુઓનું બજાર ૧.૫ લાખ કરોડ સુધી પહોંચ્યું છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૭.૫ લાખ કરોડ પહોંચવાની ધારણા છે. ગામડાંઓ સહિત દેશનું લગ્ન બજાર ૧૧.૪ લાખ કરોડનું છે. વૈશ્વિક યુદ્ધો અને રશિયા-ચીન ઉપરના પ્રતિબંધોની વચ્ચે ભારત હવે ચમકતો સિતારો બની રહ્યો છે.






કોટક મહિન્દ્રના ચીફ માર્કેટ ઓફિસર રોહિત ભસીનના મતે, હવે ગામડું દેશની વિકસિત માર્કેટ માટે આશાનો સંચાર થઈ ઉભરી રહ્યું છે.

એક અંદાજ અનુસાર વર્ષ ૨૦૨૫-૩૦ દરમિયાન દેશમાં વીજળીની માંગ ૮૧૭ ટ્રિલિયન વોટ અવર્સ સુધી પહોંચવાની ધારણા છે. અમેરિકા અને યુરોપના દેશો કરતાં પણ ભારતમાં ડેટા વપરાશ પાંચ ગણો હોઈ આજે માઈક્રોસોફ્ટ, એમેઝોન તથા ગુગલ જેવી વૈશ્વિક કંપનીઓએ ભારતમાં જંગી રોકાણની ઈચ્છા વ્યક્ત કરી છે પરંતુ સુખદ આશ્ચર્ય એ છે કે, વિકાસ માટેના રોકાણ અને વપરાશમાં ભારતનાં ગ્રામ ક્ષેત્રનો હિસ્સો ૨૭.૩% છે. આ સ્થિતિ દર્શાવે છે કે ભારતનું ગામડું આમ ધારણાઓ અનુસાર ગરીબ નથી. ગામડામાં ઉપલબ્ધ પ્રાકૃતિક સ્રોત ખામીયુક્ત નથી કે ઝેન-ઝી પેઢીની મહેચ્છાઓ અને શૈક્ષણિક સ્તરમાં પણ ઉણપ નથી ત્યારે જરૂર છે ખેતીના સ્વરૂપમાં ધરમૂળથી સુધારણાની.

ગુજરાતના ગામડાંઓમાં વધતા પ્રોસેસ્ડ ફૂડ, કોલ્ડડ્રિંક્સ અને આઈસક્રીમના વપરાશના આંકડા દર્શાવે છે કે અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોને માત્ર 'ગ્રામીણ' ગણવું એક સામાજિક ભૂલ છે.

દેશના ખેડૂતો અને ગામડાંઓને પછાત ગણવાની માનસિકતા બદલવાની જરૂર છે. ઉપલબ્ધ જમીનને સાધન તરીકે જોવી અને ખેડૂતને 'એગ્રો-ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ' તરીકે માન્યતા આપવી જોઈએ. દેશની કૃષિ યુનિવર્સિટીઓ અને વિજ્ઞાન કેન્દ્રોએ આગળ આવી વિશ્વના અન્ય દેશોની જેમ ખેતી વ્યવસાયને તમામ નાગરિકો માટે ખુલ્લો બનાવવો જોઈએ.

આંધ્રપ્રદેશનાં ગુંટુર જિલ્લાના ખેડૂત રાસૈયાએ પાંચ સ્તરીય ખેતી (વર્ટિકલ એગ્રિકલ્ચર)નું મોડેલ આપી એક એકરથી ઓછી જમીનમાં બાવન પ્રકારના પાકો લઈ એક જ જમીન ઉપર પાંચ ગણી આવક મેળવી મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના હસ્તે પુરસ્કાર મેળવ્યો છે.

રણની રેતીમાં વસેલ ઈઝરાયેલે પણ દુનિયામાં ફળ-ફૂલોની ખેતીને વિસ્તારી સાબિત કર્યું છે કે કૃષિ માટે જમીનની અનિવાર્યતા નથી. ડ્રિપ ઈરિગેશન, હાઈડ્રોપોનિક્સ પાવર ફોટો સિંથેસિસ અને હવે ગ્રીનહાઉસ ટેકનિકથી જૈવિક પ્લાંટસ માટે જમીન આધારથી વધુ ઉપયોગી નથી. કૃષિને જમીન ઉપર પાથરી રાખવાના બદલે બહુ માળીય ઉંચાઈ આપીએ સી.પી.સી.બી.ના એક ચોંકાવનાર નિવેદનમાં ખુલાસો થયો છે કે દેશમાં વાયુ પ્રદૂષણ સંકટ ૪૪૭ જિલ્લાઓમાં ૬૦% થી વધુ વ્યાપક બન્યું છે ત્યારે કાર્બન ફૂટપ્રિન્ટને વિકસાવતા સ્ટાર્ટઅપમાં ઝેન-ઝી જનરેશનને લાવવાના બદલે કૃષિને ઈન્ડસ્ટ્રિઝનો દરજ્જો આપી ગ્લોબલ વોર્મિંગ તથા પૃથ્વી ઉપરની ૧૪ ઈંચ જમીનના સ્તરને સંરક્ષિત કરીએ.


હજારો વર્ષથી ચાલતાં કૃષિ વ્યવસાયમાં હરિત ક્રાંતિ પછી ખાતર, દવાઓ, જળસંરક્ષણ તેમજ કૃષિ ઉત્પાદનનો સંગ્રહ કરી વેલ્યુ એડિશન ક્ષેત્રમાં કામ થયું છે પરંતુ હવે દેશની ૧૫.૬ કરોડ હેક્ટર જમીનને વર્ટિકલ ડેવલપમેન્ટ દ્વારા ઉદ્યોગ સાથે જોડવાનો સમય આવી ગયો છે. શહેરોમાં વર્ટિકલ વિકાસનું મોડેલ સફળ રહ્યું છે ત્યારે હવે ખેતીમાં પણ આ દિશામાં આગળ વધવું જરૂરી છે.

પ્રકૃતિ આધારિત પરંપરાગત 'આકાશી ખેતી'ની માન્યતાઓને છોડીને, ગામડાંઓ અને ખેડૂતોને ગરીબી સાથે બાંધતી નીતિઓને બદલવી પડશે ત્યારે જ ભારતને 'વિશ્વગુરુ' બનાવવાનો સંકલ્પ વાસ્તવિક રૂપ લઈ શકશે.

ફી








પ્રદીપ ત્રિવેદી

# મૂર્ધન્ય સાહિત્યકાર ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ': સ્મરણાંજલિ

સજ્જનકુંવર અસલ રાજપૂતાણી હતી. તેની અણિયાળી આંખોમાં જાણે કસ્તુરી ભેળવીને કાજળ પૂર્યું હોય તેવી નૈસર્ગિક મોહક રેખા હતી. પ્રફુલ્લ ચહેરા પર એટલી વિરશ્રી હતી કે પુરુષને તેની પાસે ઊભા રહેતાં નાનપણ લાગે! જ્યારે તે ઘોડા પર બેસીને કેસરગઢમાંથી બહાર નીકળતી, ત્યારે જાણે લડાઈની અધિષ્ઠાત્રી દેવી પૃથ્વી પર પર્યટન માટે નીકળી હોય એવું ગૌરવ તેના અંગેઅંગમાં ઝળહળતું. આટલું હોવા છતાં સ્ત્રીસહજ કોમળતાને જરા પણ ગૌણ સ્થાન મળતું નહોતું.

**– ધૂમકેતુ, વાર્તાસંગ્રહ 'તણખા'માંથી**

આથી જ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે કે, 'કાવ્યમય ગદ્યને છલકાવવામાં 'ધૂમકેતુ'ની કલાસિદ્ધિ છે.'

ગુજરાતી ભાષાના છાંદસ અને અછાંદસ કાવ્યવિશ્વના ઉદ્યાનમાં 'પતંગિયા' જેવું રૂપાળું નાનું કાવ્ય એટલે 'હાઈકુ' લાવનાર કવિજ્ઞ સ્નેહરશ્મિ કહે છે કે, 'ગુજરાતી ટૂંકી વાર્તાના આધુનિક સ્વરૂપના જનક તરીકેનું બિરુદ જો કોઈ એક વ્યક્તિને અપાય તો તે ધૂમકેતુને જ મળે.'

આમ, ગુજરાતી ટૂંકી વાર્તાના આધુનિક જનક તરીકે ગૌરવ મેળવનાર ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'ના વાર્તાસંગ્રહ 'તણખા'ને પ્રસિદ્ધ થયાને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા છે. 'તણખા' નામનો તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ ૧૯૨૬માં પ્રકાશિત થયો હતો.

'તણખા'માં 'પોસ્ટઓફિસ', 'જુમો ભિસ્તી', 'ભીખુ', 'ભૈયાદાદા', 'સ્વપ્નસુંદરી' જેવી ઉત્તમ વાર્તાઓ આપનાર મૂર્ધન્ય સાહિત્યકાર ગૌરીશંકર જોશીનો જન્મ વિક્રમ સંવત ૧૯૪૯, એટલે કે ૧૨ ડિસેમ્બર, ૧૮૯૨ના રોજ ગંગાબેન અને ગોવર્ધનરામ જોશીના બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

કોચમેન અલી ડોસા અને જુમો ભિસ્તી જેવા સંવેદનશીલ પાત્રો સર્જનાર ગૌરીશંકરનો જન્મ સૌરાષ્ટ્રના વીરપુર ગામે થયો હતો.

તેમનો ઉછેર ગ્રામ્ય વિસ્તારમાં થયો હોવાથી તેમણે નાનપણમાં જ લોકોની ગરીબી, અસમાનતા અને વિવિધ વેદનાઓનો નજીકથી અનુભવ કર્યો હતો. તેથી તેમની વાર્તાઓમાં આ લાગણીઓનું સચોટ નિરુપણ જોવા મળે છે.

અંગ્રેજી અને સંસ્કૃત વિષયમાં સ્નાતક થયેલા ગૌરીશંકરે પાંચ વર્ષની વયે (૧૮૯૭માં) શાળામાં પ્રવેશ લીધો હતો. ૧૯૦૬માં તેમણે આઠમી ગુજરાતી (ત્રીજી અંગ્રેજી) પાસ કરી. ત્યારબાદ ૧૯૦૮માં બીલખાની શાળામાં અભ્યાસ માટે દાખલ થયા.

ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, નાટકો, જીવનચરિત્રો, નિબંધો તેમજ ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ રચનાર ગૌરીશંકરનું પ્રથમ લખાણ ૧૯૦૯માં 'ઉદ્ગાર'માં પ્રસિદ્ધ થયું હતું. ૧૯૧૦માં 'મણિરાય' નામે તેમણે કવિતાઓ પણ લખી હતી.

૧૯૧૦માં તેમના જીવનમાં મહત્વપૂર્ણ ઘટના એવી બની કે તેઓએ અભ્યાસ સાથે સાથે પ્રભુતામાં પગલા પાડ્યા. તેમણે ૧૮ વર્ષની વયે બીલખા આનંદ આશ્રમના ગૌરીશંકર ભટ્ટની ચોથા ક્રમની દીકરી કાશીબેન સાથે લગ્ન કર્યાં. જે તેમના મોટા ભાઈની સાળી થતી હતી.

૧૯૧૨માં જેતપુર અને ૧૯૧૩માં પોરબંદરમાં અભ્યાસ કર્યો. ૧૯૧૪માં પોરબંદર હાઈસ્કૂલમાંથી મેટ્રિક થયા અને ૧૯૧૫માં જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં દાખલ થયા. ૧૯૨૦માં મુંબઈ યુનિવર્સિટીમાંથી અંગ્રેજી અને સંસ્કૃત સાથે સ્નાતક થયા.

સ્નાતક થયા બાદ ગોંડલમાં રેલવે કારકૂન તરીકે થોડો સમય નોકરી કરી, પરંતુ શિક્ષણપ્રેમને કારણે શિક્ષક તરીકે સેવા આપવાનું પસંદ કર્યું. ૧૯૨૩માં તેઓ અમદાવાદ આવ્યા અને અંબાલાલ સારાભાઈની 'ધ રિટ્રીટ' બંગલાની ખાનગી

શાળામાં શિક્ષક તરીકે જોડાયા.


આ સમય દરમિયાન તેમની સાહિત્યસર્જનની ક્ષમતા વિકસતી ગઈ. શિમલા, મનાલી અને મસૂરી જેવા સ્થળોએ રહી તેમણે કુદરતી સૌંદર્યનો જે અનુભવ કર્યો તે પોતાની કલમે જીવંત કર્યો.

'સૌંદર્ય પછી તે ગમે તેનું હોય - મેઘાચ્છાદિત હિમાદ્રિના સોનેરી શિખરોનું કે પાનથી ઘેરાયેલા ચંપાના ફૂલનું કે ગુલાબકળી પર પડેલા મોતી જેવા જલબિંદુનું કે નવકુસુમ જેવી જુવાનીનું પણ સૌંદર્ય એ ભાવના છે, માટે એ અત્યંત પવિત્ર છે.'

આમ એક શિક્ષકના આત્મામાં મા સરસ્વતીની અસીમ કૃપાથી 'સાહિત્યની જ્યોત' પ્રગટી ચૂકી હતી. અંબાલાલ સારાભાઈના પરિવારમાં વિશ્વખ્યાત વૈજ્ઞાનિક ડૉ. વિક્રમભાઈ, ગૌતમભાઈ, સુહૃદ, મૃદુલાબેન વગેરેને ધૂમકેતુસરે શિક્ષણ આપ્યું હતું. આ પછી તેમણે ઈ.સ. ૧૯૨૫માં સર ચીનુભાઈ બેરોનેટની 'શાંતિકુંજ' બંગલાની ખાનગી શાળામાં બાળકોને શિક્ષણ આપવાનું શિક્ષક તરીકેનું કાર્ય કર્યું.

''આજે તો વૃદ્ધ અલી ડોસાએ અધીરા બનીને પોસ્ટમાસ્ટરને પૂછ્યું: 'માસ્ટર સાહેબ, મારી મરિયમનો કાગળ આવ્યો છે?' પોસ્ટમાસ્ટર તપી ગયા: 'ગાંડો છે કે શું? જા-જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહીં જાય.' પાંચ-પાંચ વર્ષથી મરિયમના પત્રની રાહમાં આજે અલી ડોસાની તબિયત ખૂબ બગડી હતી. આખરે તેમણે એક પોસ્ટ ઓફિસના કારકૂનને પાંચ ગીની આપતાં કહ્યું: 'મારી મરિયમનો કાગળ આવે તો મારી કબર પર પહોંચાડજો.' અફસોસ એ હતો કે ન તો મરિયમ મળી, ન તો તેનો કાગળ મળ્યો... અને આખરે અલી ડોસાએ વિદાય લીધાના ત્રણ મહિના પછી મરિયમનો પત્ર આવે છે અને તેને કબરના સરનામે પહોંચાડવામાં આવે છે.''

ખૂબ જ સંવેદનશીલ અને કરુણાસભર આ વાર્તાએ ધૂમકેતુને સાહિત્યના જગતમાં વિખ્યાત બનાવી દીધા. ગૌરીશંકર જોશીએ લગભગ ૪૯૨ જેટલી ટૂંકી વાર્તાઓ લખી. આ ટૂંકી વાર્તાઓનો સૌપ્રથમ સંગ્રહ ઈ.સ. ૧૯૨૬માં 'તણખા' નામે પ્રકાશિત થયો. 'તણખા'ના ચાર ખંડોને ગુજરાતી સાહિત્યમાં એક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. તેમનું લેખન કાવ્યાત્મક શૈલી, રોમેન્ટિકવાદ અને માનવ લાગણીઓના શક્તિશાળી ચિત્રણથી સમૃદ્ધ છે. ટૂંકી વાર્તા દ્વારા તેમણે અનુભવનું




એક નવું પરિમાણ આપ્યું અને જીવનના વિવિધ દરજ્જા તથા વ્યવસાયોમાંથી પાત્રો રચ્યા.

નિયમિત ચાલવાના, ફરવાના અને તરવાના શોખીન એવા ધૂમકેતુ મોટાભાગે મોડી રાત સુધી લખતા, અને એ વખતે તેઓ ખાસ કરીને ચણા-મમરાનો નાસ્તો કરતા. તેમને 'ચા' પ્રત્યે પણ વિશેષ ચાહ હતી. ચા માટે તેઓ દર બુધવારે ગાંધી રોડ પર આવેલ ગુર્જર પ્રકાશનની ઓફિસમાં સાહિત્યકારો સાથે ભેગા થતા. ત્યાં નવસર્જનની ચર્ચાઓ દરમિયાન 'ચા'ની ચુસ્કીઓ સાથે મહેફિલ જામતી, જે 'ચા-ઘર' તરીકે ઓળખાતું હતું. ગુર્જર પ્રકાશનના ગોવિંદભાઈ, શંભુભાઈ વગેરે બધા સાહિત્યકારોને દર બુધવારે આવકારતા અને સાહિત્ય ગોષ્ઠીમાં ભાગ લેતા. એ સમયમાં મેઘાણી, ઉમાશંકર જોશી, મનુભાઈ જોધાણી પણ નિયમિત હાજરી આપતા હતા.

ખૂબ જ સાદું ભોજન અને જીવન જીવતા ધૂમકેતુએ ૨૯ ઐતિહાસિક અને ૭ સામાજિક નવલકથાઓ લખી છે. ઐતિહાસિક યુગની ઉત્કૃષ્ટ નવલકથાઓમાં ગુજરાતનો સુવર્ણ યુગ ગણાતા 'ચૌલુક્ય યુગ' પર આધારિત ૧૬ નવલકથાઓ અને 'ગુપ્ત યુગ' પર આધારિત ૧૩ નવલકથાઓ નોંધપાત્ર છે. તેમણે પોતાના અત્યંત પ્રિય રવિન્દ્રનાથ ટાગોરના મહાકાવ્ય 'ગીતાંજલી'નો ભાવાનુવાદ કર્યો અને સાથે જ ખલિલ જિબ્રાનના ચાર પુસ્તકોનો પણ ભાવાનુવાદ કર્યો.

નીચે આરામથી બેસીને, એક સામાન્ય ઢાળિયા પર કલમ, ખડિયો અને કાગળો રાખીને તેમણે વિવિધ ક્ષેત્રોમાં સાહિત્ય સર્જન કર્યું, જેમાંથી ૨૫૦થી વધુ પુસ્તકો પ્રકાશિત થયા છે.

ઝવેરચંદ મેઘાણી સાથે પ્રગાઢ દોસ્તી ધરાવતા ધૂમકેતુના મોટા દીકરા દક્ષિણકુમારે તેમની 'પ્રગાઢ દોસ્તી' પર એક પુસ્તક પણ લખ્યું છે. ધૂમકેતુને દક્ષિણકુમાર, અશ્વિનકુમાર અને ઘનશ્યામભાઈ નામે ત્રણ દીકરા તેમજ ઉષાબેન નામે એક દીકરી હતી. ઉષાબેન ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા. તેમણે B.Sc., M.Sc., B.Ed., M.Ed. અને કેમિસ્ટ્રીમાં Ph.D. પૂર્ણ કર્યું હતું.

શાલ અને ટોપી પહેરવાના શોખીન ધૂમકેતુને ૧૯૩૫માં 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક' એનાયત થયો હતો, પરંતુ તેમણે એ એવોર્ડનો સન્માનપૂર્વક અસ્વીકાર કર્યો હતો. ઈ.સ. ૧૯૫૩માં તેમની આત્મકથા 'જીવનપંથ' માટે 'નર્મદ સુવર્ણ ચંદ્રક' એનાયત થયો હતો. ત્યારબાદ આત્મકથાનો બીજો ભાગ 'જીવનરંગ' પણ પ્રકાશિત થયો. પછીના બે ભાગ લખવાની તેમની ઈચ્છા હતી, પરંતુ તે પૂર્ણ થઈ શકી નહીં.

ઈ.સ. ૧૯૫૯માં મહાકવિ ન્હાનાલાલના 'હરિસંહિતા'ના પ્રકાશન સમારંભમાં તેમણે પંડિત જવાહરલાલ નહેરુજીને આવકારતું પ્રવચન આપ્યું હતું. તેમજ ઈ.સ. ૧૯૬૩માં ભક્ત કવિ અને લોકસાહિત્ય પ્રહરી દુલા કાગે મજાદરમાં યોજેલ સાહિત્ય સમારોહમાં તેમણે મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું.

૧૧મી માર્ચ, ૧૯૬૫ના રોજ ગુજરાતી સાહિત્યના વિરલ સર્જક ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' પંચમહાભુતમાં વિલીન થયા. આ સમયે લખાતી 'ધ્રુવદેવી' નામની અધૂરી કથા પણ તેમની સાથે જ અધૂરી રહી ગઈ.

૧૯૯૨માં તેમના જન્મશતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવી. આ અવસર પર 'ધૂમકેતુ જન્મશતાબ્દી એવોર્ડ'ની સ્થાપના કરવામાં આવી હતી. જે ટૂંકી વાર્તા ક્ષેત્રે નવોદિત લેખકોને આપવામાં આવે છે. ત્યારથી દર વર્ષે ગુર્જર પ્રકાશન અને ધૂમકેતુ પરિવાર દ્વારા આ એવોર્ડ આપવામાં આવે છે.

આ મૂર્ધન્ય સાહિત્યકાર વિશેની અંતરંગ માહિતી તેમના પૌત્રી, એટલે કે ધૂમકેતુના દીકરા શ્રી ઘનશ્યામભાઈની સુપુત્રી શ્રીમતી કલ્યાણીબેન સંજીવભાઈ મહેતાની મુલાકાત દ્વારા પ્રાપ્ત થઈ છે. તેમનો હૃદયપૂર્વક આભાર.



## આધુનિક સ્ત્રીનું શિલ્પરૂપ શક્તિ, સંઘર્ષ અને સૌંદર્ય

# શાંતા સરવૈયાની કલા

શાંતાનો જન્મ મધ્યમવર્ગીય બંગાળી કુટુંબમાં હલ્દીયા ગામમાં થયો હતો. ત્રણ બહેનોમાં તે સૌથી નાના છે. બાળપણની વાત કરતાં તેઓ કહે છે કે, 'મારું બાળપણ ખૂબ આનંદસભર અને પ્રેમાળ કુટુંબમાં વિત્યું હતું. મારી બે બહેનોને સંગીત અને નૃત્યમાં રસ હતો, પરંતુ મને ચિત્રકામ અને શિલ્પમાં ખૂબ રસ હતો.'

હલ્દીયામાં તેઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની કોલોનીમાં રહેતા હતા. તેઓના પિતા કોર્પોરેશનમાં ઊંચા હોદ્દા પર ફરજ બજાવતા હતા. કોલોનીમાં પુષ્કળ લીલોતરી, વૃક્ષો અને ઋતુ અનુસાર રંગબેરંગી ફૂલો ખીલતા, જેમાં ગુલમહોર, ગરમાળો અને અન્ય વૃક્ષોથી મનોહર માહોલ સર્જાતો.

શાંતા જ્યારે બીજા ધોરણમાં ભણતા હતા ત્યારે તેમણે કોઈની પાસેથી નદીની માટી મંગાવી દેવી દુર્ગાના મુખનું સુંદર શિલ્પ બનાવીને ઘરમાં સૌને ચકિત કરી દીધા હતા. મિત્રમંડળ પાસેથી પણ ખૂબ પ્રશંસા મળી હતી.

થોડાં વર્ષો પછી તેમના પિતાની વડોદરા સ્થિત ગુજરાત રિફાઈનરીમાં બદલી થઈ. શરૂઆતમાં સાયન્સનો અભ્યાસ કર્યા પછી તેમણે વડોદરાની પ્રખ્યાત એમ.એસ. યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ લીધો.

અભ્યાસકાળ દરમિયાન તેમની પ્રેરણામૂર્તિ તરીકે બે કલાકારોનો ઉલ્લેખ થાય છે. વિશ્વપ્રખ્યાત ધ્રુવ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ તેમણે શિક્ષણ મેળવ્યું હતું તેમજ પોતાના અગત્યના કલાગુરુ તરીકે શ્રી રાઘવ કનેરિયાજી પાસેથી પણ તેમને ઘણું શીખવા મળ્યું હતું. કાર્યનિષ્ઠાના મૂલ્યોને તેઓ કનેરિયા સાહેબના કારણે સારી રીતે સમજી શક્યા. એકાગ્રતા અને કઠોર પરિશ્રમનું શિલ્પસર્જનમાં શું મહત્વ છે તે પણ તેમને સમજાયું. ધ્રુવ મિસ્ત્રીની સર્જનશક્તિ, સાહસિક અભિગમ અને ધગશ જેવા ગુણો શાંતાને સ્પર્શી ગયેલા.

આપણા પ્રાચીન મંદિરોમાં કોતરાયેલા ભવ્ય શિલ્પોથી શાંતા ખૂબ પ્રભાવિત થયા છે. ખાસ કરીને 'મહિષાસુર મર્દિની'ની ભવ્ય મૂર્તિ તેમનો પ્રેરણાસ્રોત બની છે.

શાંતાએ અમુક પ્રાચીન હિંદુ શાસ્ત્રોમાંથી પણ પ્રેરણા લીધી છે. 'મહિમા સ્તવન' અને 'સૌંદર્યલહરી'માંથી પણ તેમને ઘણી ઉપયોગી માહિતી મળી છે.

શિલ્પસર્જનમાં જેમ-જેમ શાંતા પ્રગતિ કરતા ગયા, તેમ-તેમ તેમણે નારીશક્તિને કેન્દ્રમાં રાખીને વિવિધ માધ્યમોમાં પણ શિલ્પસર્જન કર્યું છે.

શાંતાએ સ્ત્રીના સૌંદર્યને કેન્દ્રમાં રાખીને 'શૃંગાર' મથાળા હેઠળ અનેક સુંદર શિલ્પકૃતિઓનું નિર્માણ કર્યું છે. આ કૃતિઓ અનેક પ્રદર્શનોમાં મૂકાઈ છે અને પ્રશંસા પણ મેળવી છે. તે સિવાય તેમણે 'સ્ત્રી'ને પર્યાવરણ સાથે પણ સાંકળી છે. 'સ્ત્રી' એક વૃક્ષની જેમ બીજાને બધું આપે છે-વિસામો, છાયા, ફળ, ફૂલ, પાંદડા અને લાકડું-પરંતુ મનુષ્ય મોટા ભાગે તેનું શોષણ કરે છે. ઉદ્યોગીકરણ કે આધુનિક ઈમારતો બનાવતી વખતે વૃક્ષનું અસ્તિત્વ જ મિટાવી દેવામાં આવે છે. આમ 'સ્ત્રી'નું શોષણ પણ ઘણી જગ્યાએ જોવા મળે છે.

શાંતા 'સ્ત્રી'ના સ્વાતંત્ર્ય, અધિકારો અને સન્માનમાં માને છે, પરંતુ બળવાખોરી અને તોફાની પ્રવૃત્તિઓમાં વિશ્વાસ રાખતા નથી.

તેમના મનપસંદ કલાકારોમાં પિકાસો, હેનરી માટીસ અને પ્રખ્યાત શિલ્પકાર એન્ડી સ્કોટનો સમાવેશ થાય છે. આ કલાકારોમાંથી તેમને પુષ્કળ પ્રેરણા મળી છે. ફ્રેન્ચ કલાકાર લુઈસ બુર્જવાના 'સ્ત્રી' કેન્દ્રિત શિલ્પોને પણ તેઓ ખૂબ સન્માન આપે છે. આમ, શાંતાના શિલ્પોમાં 'સ્ત્રી-પુરુષ' સંબંધોની સૂક્ષ્મ અને છૂપી ધારાઓને પકડી પાડવાની અનોખી ક્ષમતા જોવા મળે છે.

તેમની પ્રખ્યાત શિલ્પકૃતિઓમાં જોઈએ તો વડોદરા એરપોર્ટ પાસે હરણી ગાર્ડનમાં સ્થિત 'Freedom' (આઝાદી) શિલ્પનો સમાવેશ થાય છે, આ શિલ્પમાં સ્ત્રી શક્તિના ભાવને રચનાત્મક રીતે પ્રકાશમાં લાવીને દરેક સ્ત્રીમાં રહેલી 'શક્તિ'ને કેન્દ્રબિંદુમાં લાવવાનો પ્રયાસ છે. શાંતાના દરેક શિલ્પમાં આજની આધુનિક સ્ત્રીનું પ્રતિબિંબ જોવા મળે છે. દરેક સ્ત્રી આવી આઝાદીને ઝંખે છે અને


શ્રૃંગાર

તેની હકદાર છે–એવું તેઓ માને છે.

તેમની બીજી ખૂબ ચર્ચિત કૃતિ 'સંજીવની' છે, જેને જોઈને સૌ કોઈ આનંદિત અને આશ્ચર્યચકિત થઈ જાય છે. અહીં એક આધુનિક સ્ત્રી ઈમરજન્સી કોલને પહોંચી વળવા, તાત્કાલિક સેવાની માંગ પૂરી કરવા, હનુમાનની માફક એક હાથમાં મોબાઈલ અને બીજા હાથમાં જવાબદારીઓનો ભાર લઈને ઉડતી દેખાય છે.

સંજીવની



એ વાત સાચી છે કે આજની આધુનિક નોકરી કરતી સ્ત્રી અનેક પ્રકારની જવાબદારીઓ નિભાવે છે. પોતાના સંતાનોની સંભાળ, ઘર-સંસારનું સંચાલન, પતિ પ્રત્યેનો પ્રેમ અને સામાજિક કર્તવ્યો ઉપરાંત નોકરી સંબંધિત જવાબદારીઓ પણ તેને નિભાવવી પડે છે. આ તમામ જવાબદારીઓનું સંતુલન તેને ઘણીવાર એકસાથે જ જાળવવું પડે છે. આજની સ્ત્રી આ બધી જવાબદારીઓને એક સાથે નિભાવવામાં કુશળ અને સક્ષમ છે.

ડૉ. શાંતા સરવૈયા વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાં પ્રથમ વિદ્યાર્થી તરીકે જોડાયા અને પછી ઘણા વર્ષોથી પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે અનેક વિદ્યાર્થીઓને શિલ્પકલાની દિશામાં માર્ગદર્શન આપ્યું છે અને નવી પેઢીને સર્જનાત્મકતા તરફ પ્રેરિત કરી છે. તેમના પતિ મનોજ સરવૈયા પણ એક પ્રતિભાશાળી શિલ્પકાર છે અને મોટાભાગે પત્થરની શિલ્પકૃતિઓ (Stone Sculpture) બનાવે છે. જેઓ વડોદરા મ્યુઝિયમ સાથે જોડાયેલા છે. તેમના પરિવારમાં કલા એક જીવંત પરંપરા તરીકે વહે છે. આ સર્જનાત્મક વાતાવરણ તેમના કાર્યમાં ઝળહળે છે.

ડૉ. શાંતા સરવૈયાના શિલ્પો માત્ર પદાર્થ નથી તે વિચાર છે, અનુભૂતિ છે અને સમાજ સાથે સંવાદ છે. તેમની કૃતિઓમાં આધુનિક સ્ત્રીનું બળ, સંવેદના અને અસીમ ક્ષમતાનો ઉત્સવ જોવા મળે છે. તેમની કલા આપણને યાદ અપાવે છે કે શિલ્પ માત્ર આકાર નથી, પરંતુ એક જીવંત વાર્તા છે જે સમાજને દિશા આપે છે.

શાંતાએ પીએચ.ડી.નો વિષય પણ એમના મુખ્ય કલાગુરુ શ્રી રાઘવ કનેરીયા સાહેબ પર પસંદ કર્યો છે. જેમાં રાઘવ કનેરીયાનું સંપૂર્ણ કલાયાત્રાનું જીવન આવરી લીધું છે.

તેમણે ફાઈન આર્ટ્સમાં પ્રવેશ મેળવતા પહેલા સાયન્સમાં અભ્યાસ કર્યો હતો. સંશોધનની વૃત્તિ શરૂઆતથી જ તેમનામાં હતી. નવા માધ્યમો સાથે પ્રયોગો કરવાનું, શિષ્યો સાથે વર્કશોપ યોજવાનું અને તેમાં સક્રિય ભાગ લેવાનું તેમને ખૂબ ગમે છે. તેમણે પરંપરાગત કલાકારોને ફેકલ્ટીમાં આમંત્રિત કરીને 'ટેરાકોટ્ટા'ના વર્કશોપ પણ યોજ્યા છે.


વાર્તાલાપ

છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેમણે ટેરાકોટ્ટા, ગ્લાસ, પેપર, સિરામિક અને કાપડ જેવા માધ્યમોમાં વર્કશોપ યોજ્યા છે. જૂના ત્યજી દેવાયેલા કાપડમાંથી નવનિર્માણ કરીને અર્થપૂર્ણ અને સુંદર કૃતિઓ બનાવવા માટે તેમણે યુવા શિલ્પકારોને પ્રોત્સાહિત કર્યા છે. આ વર્કશોપોમાં પર્યાવરણના વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

આજે શાંતાની અનેક કૃતિઓ ભારતભરમાં વિવિધ પ્રદર્શનોમાં મૂકાય છે અને વેચાય છે. વિદેશોમાં પણ તેમની કૃતિઓ પ્રદર્શિત થાય છે અને લોકપ્રિયતા મેળવે છે.

વિશ્વકલા જગતમાં થતા ફેરફારો અને નવા પડકારોનો સામનો કરવા માટે શાંતા જેવા શિલ્પકારો સંપૂર્ણ રીતે સક્ષમ અને તૈયાર છે એટલે વડોદરાનું ગૌરવ વધારતી આ શિલ્પકાર સન્નારીને ફીલિંગ્સ તરફથી ઉજ્જવળ ભવિષ્યની અનેક શુભકામનાઓ.

**તેઓને મળેલ પુરસ્કાર :**

૨૦૦૨ ગુજરાત લલિત કલા અકાદમી એવોર્ડ, અમદાવાદ.

૨૦૦૨ મિલેનિયમ ઓલ ઈન્ડિયા આર્ટ એક્ઝિબિશન (AIFACS) રાજ્ય સ્તર, ગુજરાત.

૧૯૯૯ ગુજરાત લલિત કલા અકાદમી એવોર્ડ, અમદાવાદ.

૧૯૯૮ ઓલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ સોસાયટી, (AIFACS) નવી દિલ્હી

**શિષ્યવૃત્તિઓ :**

૨૦૦૨-૨૦૦૩ નેશનલ કલ્ચરલ સ્કોલરશિપ (શિલ્પ) – ભારત સરકાર, HDR મંત્રાલય

૨૦૦૩-૨૦૦૪ લલિત કલા અકાદમી સ્કોલરશિપ, સંસ્કૃતિ મંત્રાલય, નવી દિલ્હી


આઝાદી


કલ્પવૃક્ષ


Read online : www.feelingsmultimedia.com

નરેશ અંતાણી



# યુદ્ધની આગમાં સળગ્યો વિશ્વ વારસો!

**એકલા ઈરાનમાં જ ૫૬થી વધુ સંગ્રહાલય અને ઐતિહાસિક સ્મારકોને નુકસાન થયું. ઈઝરાયેલમાં માનવ યુદ્ધમાં દેશની ધરોહરને વ્યાપક જફા પહોંચી**

અમેરિકા, ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેના ભીષણ યુદ્ધને કારણે મોટા પાયે ખુવારી, જાહેર તથા ખાનગી મિલકતોને નુકસાન અને ભારે જાનહાનિ થઈ છે. તેના સાચા આંકડા હવે બહાર આવશે અને તેની અસર લાંબા ગાળે રહેશે. એ જ રીતે આ યુદ્ધે ઈઝરાયેલ અને ઈરાન બન્ને દેશોના ઐતિહાસિક સ્મારકો, યુનેસ્કોએ જાહેર કરેલા વૈશ્વિક ધરોહર સહિત અનેક વારસાઓને ક્ષતિગ્રસ્ત કર્યા છે તો ક્યાંક સંપૂર્ણ નષ્ટ પણ કર્યા છે. પરિણામે વિશ્વ વારસા અને સંસ્કૃતિને મોટી ખોટ પડી છે.

માધ્યમોના અહેવાલો અનુસાર એકલા ઈરાનમાં જ ૫૬થી વધુ સંગ્રહાલય અને ઐતિહાસિક સ્મારકોને નુકસાન થયું છે, તો ઈઝરાયેલમાં પણ મિસાઈલ હુમલાના કારણે દેશની ધરોહરને વ્યાપક જફા પહોંચી છે. આ યુદ્ધને કારણે બન્ને દેશો તથા મધ્યપૂર્વના દેશોના પ્રવાસન ઉદ્યોગને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. આ પ્રદેશોના પર્યટન ઉદ્યોગને ફરીથી ઉભો થવામાં લાંબો સમય લાગી શકે છે.

ઈરાનના ઐતિહાસિક સ્મારકો અને સંગ્રહાલયોની વાત કરીએ તો યુદ્ધના પ્રથમ પંદર દિવસમાં જ આ દેશના ૫૬થી વધુ સાંસ્કૃતિક સ્થાનોને પૂર્ણ કે અંશતઃ નુકસાન થયાની પુષ્ટિ ઈરાનના સાંસ્કૃતિક અને પ્રવાસન વિભાગે કરી છે. તમામ વિગતો નોંધવાને બદલે અહીં મહત્વના સ્મારકોના નુકસાનની માહિતી રજૂ કરવામાં આવી છે.



ગોલેસ્તાન પેલેસ (તેહરાન)

ઈરાનના તેહરાન શહેરમાં આવેલ યુનેસ્કોએ વૈશ્વિક વારસા તરીકે સ્થાન આપેલ ગોલેસ્તાન પેલેસને આ યુદ્ધના પરિણામે વ્યાપક નુકસાન પહોંચ્યું છે. 'કાખ-એ ગોલેસ્તાન' તરીકે જાણીતા આઠ ભવ્ય મહેલોના સમૂહરૂપ આ સંકુલ ૧૮મી સદીના પૂર્વ કાજર રાજવંશનું સત્તાવાર નિવાસ સ્થાન હતું, જેને પાછળથી સંગ્રહાલયમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે. આ સંકુલને તેહરાનના કિલ્લાની રક્ષણાત્મક દીવાલોથી સુરક્ષા આપવામાં આવી હતી. વર્તમાન યુદ્ધમાં થયેલા મિસાઈલ હુમલાથી મહેલના અનેક ખંડોને નુકસાન થયું છે, કાચના ઝૂમ્મરો નષ્ટ થયા છે અને દીવાલો પણ ક્ષતિગ્રસ્ત થઈ છે. શાહી ખજાનામાં પ્રદર્શિત કરાયેલા અનેક કલાત્મક સામાનમાં પણ ભારે તૂટફૂટ થઈ છે.

ઈસ્ફહાન શહેરમાં આવેલ ૧૭મી સદીનું સ્થાપત્ય 'નકશા-એ જહાન સ્કવેર' (મેદાન એ નકશા જહાં) એક વિશાળ ચોક છે, જેમાં જાણીતી ઈમામ શાહ મસ્જિદ આવેલી છે. તેને શાહી ચોક અથવા ઈમામ ચોક તરીકે પણ ઓળખવામાં આવે છે. ઈ.સ. ૧૫૯૮થી ૧૬૨૯ દરમિયાન નિર્મિત આ ઐતિહાસિક સ્મારકને પણ યુનેસ્કોએ વિશ્વ વારસા તરીકે સ્થાન આપ્યું છે. આ સ્થાન ૧૬૦ મીટર પહોળું અને ૫૬૦ મીટર લાંબું છે, જે ૮૯,૬૦૦



નકશા-એ જહાન સ્કવેર (ઈસ્ફહાન)

ચોરસ મીટર વિસ્તાર ધરાવે છે. અહીં સેફાવીદ યુગની ઈમારતો આવેલી છે. દક્ષિણ બાજુએ શાહી મસ્જિદ અને ઉત્તર બાજુએ કૈસરી દરવાજો આવેલો છે, જે શહેરના ગ્રાન્ડ બજારમાં જાય છે. અહીં શુક્રવારની નમાજ પઢવામાં આવતી હતી. ઈઝરાયેલના મિસાઈલ હુમલામાં આ સ્થળના અનેક ભાગોને ભારે નુકસાન થયું છે.


અલી કાપુ મહેલ

અલી કાપુ પેલેસ ઈરાનના ઈસ્ફહાન શહેરમાં શેખ લોતફુલ્લાહ મસ્જિદની સામે આવેલો શાહી મહેલ છે. ઈ.સ. ૧૫૯૭માં તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મહેલ નકશા-એ જહાં ચોકની પશ્ચિમ બાજુ આવેલો છે. છ માળનો આ ભવ્ય મહેલ સેફાવીદ શૈલીમાં નિર્મિત છે.

ચેહેલ સોતૌન ઈસ્ફહાન શહેરમાં આવેલ એક વિશાળ મંડપ ઉદ્યાન છે, જેનું નિર્માણ સત્તરમી સદીમાં અબ્બાસ મહાને શરૂ કરાવ્યું હતું અને શાહ અબ્બાસ બીજાએ પૂર્ણ કરાવ્યું હતું. આ મહેલ અને મંડપ ઉદ્યાનને યુદ્ધમાં ભારે નુકસાન થયું છે. મહેલની અંદરના કલાત્મક ભીંતચિત્રો નષ્ટ થયા છે, તેમજ દીવાલો, બારી-દરવાજા અને કાષ્ટ નકશીકામ પણ મોટા પાયે નુકસાનગ્રસ્ત થયું છે

તેહરાન ગ્રાન્ડ બજાર અને સેનેટ બિલ્ડિંગ સહિત ઈરાનની રાજધાની તેહરાનમાં


તેહરાન ગ્રાન્ડ બજાર


ચેહેલ સોતૌન પેવિલિયન

અનેક ઐતિહાસિક ઈમારતો યુદ્ધથી પ્રભાવિત થઈ છે. લોરેસ્ટાન પ્રાંતના ખોરમાબાદ શહેરમાં આવેલ સાસાનીય યુગનો 'ફાલક અલ-અફલાક' કિલ્લો પણ હવાઈ હુમલામાં ગંભીર રીતે નુકસાનગ્રસ્ત થયો છે. તેની અનેક દીવાલો તૂટી જતાં કિલ્લાનો મોટો ભાગ ખુલ્લો પડી ગયો છે. આ કિલ્લાને શાપૂરખાસ્ત કિલ્લા તરીકે પણ ઓળખવામાં આવે છે. ઈ.સ. ૨૨૪થી ૬૫૧ દરમિયાન નિર્મિત આ કિલ્લાનો ઉપયોગ શાહી નિવાસસ્થાન ઉપરાંત જેલ અને લશ્કરી થાણા તરીકે કરવામાં આવતો હતો.


ફાલક અલ-અફલાક કિલ્લો

બુશેહર પ્રાંતમાં આવેલ ઐતિહાસિક બંદર શિરાફમાં પણ અનેક ઐતિહાસિક ઈમારતોને ભારે નુકસાન થયું છે.

ઈરાનની જેમ ઈઝરાયેલમાં પણ અનેક સ્મારકો, ઐતિહાસિક ભવનો અને સાંસ્કૃતિક સ્થળોને આ યુદ્ધમાં નુકસાન થયું છે. તેલ અવીવમાં યુનેસ્કો દ્વારા વિશ્વ વારસા તરીકે જાહેર કરાયેલા ભવનોને પણ નુકસાન પહોંચ્યું છે.

યુનેસ્કોના સાંસ્કૃતિક વિભાગે બન્ને દેશોની ઐતિહાસિક ઈમારતો, સાંસ્કૃતિક ભવનો અને સ્મારકોને થયેલા નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી છે. યુદ્ધની આડમાં થયેલા સાંસ્કૃતિક વારસાના વિનાશને વિશ્વ માટે મોટી ખોટ ગણાવી, વહેલી તકે યુદ્ધનો અંત આવે તો વધુ વિનાશ અટકાવી શકાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.


ઈઝરાયેલમાં થયેલ નુકસાન






# ફરમાઈશી સપના

'બધિર' અમદાવાદી

સાસ-બહુ અને રોના-ધોનાવાળી સીરિયલોની રાણી એકતા કપૂરના પપ્પા જીતેન્દ્રની ફિલ્મ 'હિંમતવાલા'ના એક ગીતના શબ્દો હતા: 'નૈનો મેં સપના, સપને મેં સજના, સજના પે દિલ આ ગયા... હો સજના પે દિલ આ ગયા...' આ ગીતના મુખડા પછી આવતા ઢીંચાક ઢીંચાક મ્યુઝિક પર જીતુ ભાઈ પી.ટી.ના દાવ કરવા મચી પડતા! વાત સપનાની જ હતી પણ એ ડાન્સ એવો હતો કે જોયા પછી તમને મહિના સુધી ઊંઘ ન આવે. દરિયા કિનારે કરેલા એ ડાન્સમાં શ્રીદેવી અને જીતુભ'ઈએ મળીને એટલી ધૂળ ઉડાડી હતી કે પછી ભૂલે ચૂકે જો સપનું આવે તો પણ ધૂંધળું આવે. જોકે આજકાલ કોકાકોલા મળતી હોય તો પણ શેરડીનો રસ પીવાનું પસંદ કરનારા મળી આવે છે એમ જ જીતુભ'ઈના ડાન્સના અમારા જેવા આશિકો આજે પણ મળી આવશે. જોકે અહીં વાત ડાન્સની નથી કરવાની, સ્વપ્ન એટલે કે સપનાની કરવાની છે.

ડૉ. અબ્દુલ કલામ કહેતા કે સ્વપ્ન એ નથી જે તમે ઊંઘમાં જુઓ છો; સ્વપ્ન એ છે જે તમને ઊંઘવા ન દે. આ વાતને સ્થૂળ અર્થમાં લેવાની નથી. એમ તો જીવનસાથીના નસકોરા, મચ્છર અને અડધી રાત્રે વાગતા ડીજે પણ આપણને ઊંઘવા નથી દેતા પણ એ સ્વપ્ન ન ગણાય. એના લીધે તમને ઊંઘ ન આવે તો તમને સ્વપ્ન ન આવે એ દેખીતી વાત છે. ઊંઘમાં આવતું સ્વપ્ન જોનારે પણ એને થિયેટરમાં ચાલતી ફિલ્મની જેમ માત્ર જોવાનું જ હોય છે. અમુક લોકો આવા સ્વપ્નની અસર નીચે હવામાં હાથ વીંઝતા હોય છે કે ઉભા થઈને ઘરમાં ફરતા હોય છે પણ એવા લોકો અપવાદ ગણાય. કલામ સાહેબે જે કહ્યું એ જાગતા સપના જોવાની – એટલે કે કોઈ ધ્યેય નિશ્ચિત કરી અને તેને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરવાની વાત છે.

તમે બાળપણમાં શેખચલ્લીની વાર્તા સાંભળી હશે. એક શેખચલ્લી હતા જે જાગતા સ્વપ્નું જોતા હતા. પણ એમના સ્વપ્નમાં પણ નરી કલ્પના જ હતી; બાકી એમની પાસે ઘી વેચીને પોલ્ટ્રીફાર્મ ખોલવાનો, એ પછી બકરીઓ વસાવીને ડેરી ખોલવાનો અને આગળ જતા શેઠ બનીને લગ્ન કરવા સુધીનો રોડમેપ તૈયાર હતો. એ સપનું કદાચ સાચું પડ્યું હોત પણ જેમ મિડલ ઈસ્ટના યુદ્ધને લીધે શેરબજારમાં ઘણાના પોર્ટફોલિયોના પરપોટા ફૂટી ગયા એમ શેખચલ્લીનો પણ ઘીનો ગાડવો ફૂટી ગયો હતો.

સ્વપ્નોની માનવ જીવન પર અસર થાય છે એ વાત નવી નથી. હવે એ દિશામાં ગંભીરપણે સંશોધન પણ શરૂ થયું છે. વૈજ્ઞાનિકોએ હવે સપના 'હેક' કરવાની ટેક્નોલોજી પણ શોધી કાઢી છે. ટાર્ગેટેડ ડ્રીમ ઈન્ક્યુબેશન (TDI) નામની ટેકનિકમાં સ્લિપ ઓનસેટ એટલે કે અર્ધતંદ્રાવસ્થા દરમિયાન હેડફોનમાં ચોક્કસ અવાજ પ્લે કરીને સપનાની કન્ટેન્ટને કંટ્રોલ કરી શકાય છે. એમણે એક એવો 'ડ્રીમ ઓન' એપ્લિકેશન સાથેનો સ્માર્ટ ફોન પણ બનાવ્યો છે કે જેની મદદથી માણસ પોતાની પસંદગીના સ્વપ્નો જોઈ શકશે. તમારે ફક્ત પસંદગીનું સ્વપ્ન સિલેક્ટ કરીને સૂઈ જવાનું પછી સ્માર્ટ ફોન પોતાનું કામ કરશે. જેમ કે તમારે સ્વપ્નમાં ધુરંધરના હમઝા અલી મઝારી બનીને પાડોશી દેશમાં જાસૂસી કરવા જવું હોય તો ફોનને ધુરંધર મોડમાં મૂકીને ફોન ઓશિકા પાસે રાખીને સૂઈ જવાનું પછી એ ફોન તમને ખાસ પ્રકારના રેકોર્ડેડ અવાજો સંભળાવશે અને પછી તમારે સ્વપ્નમાં જ શરૂ થઈ જશે તમારી ફરમાઈશી એક્શન સિક્વન્સ!

જોકે અત્યારે તો એ પરીક્ષણના તબક્કામાં છે. પણ અમારા મતે આ એક ક્રાંતિકારી શોધ ગણાય, કારણ કે આપણે ત્યાં સ્વપ્નો પરથી ભવિષ્યની આગાહી થઈ શકે છે અને જો તમે ધાર્યા સ્વપ્નો જોઈ શકો તો તો પછી તમારું ભવિષ્ય તમારી મુઠ્ઠીમાં આવી જાય!

આહા! અમને તો મજા પડી ગઈ. જરા વિચારો કે સ્વપ્નમાં ઘોડો દેખાય તો સ્વપ્નશાસ્ત્ર પ્રમાણે એ તમારું નસીબ જાગવાનો સંકેત છે! એટલે જો તમે ઘોડાની હણહણાટી, એના ડાબલાના અવાજો કે પછી ઘોડા જેવા સ્નાયુઓ ધરાવતા સુનીલ શેટ્ટીના ડાયલોગો સાંભળતાં સાંભળતાં સૂઈ જાવ તો તમને ઘોડાનું સ્વપ્ન આવે, એટલે તમારું નસીબ જાગે અને પછી તો કે.બી.સી.ની નેક્સ્ટ સીઝન માટે બચ્ચન તમને ઘરે આવીને લઈ જાય એ નક્કી! જોકે એ માટે સુનીલ શેટ્ટીના 'ઓંય, યે ક્યા હૈ બાબુ ભૈયા?' છાપ ડાયલોગો સાંભળવા પડે! પણ સપનું સાચું પડે તો તો તમારું ઘર 'જલસો' બની જાય ને બોસ!

સ્વપ્નમાં સફેદ વસ્ત્રધારી પુરુષ દેખાય તો પણ ધનની પ્રાપ્તિ થાય છે અને આ રીતે ધનની પ્રાપ્તિ કરવી હોય તો હંમેશા શ્વેત વસ્ત્રો ધારણ કરતા બંધુઓ અબ્બાસ- મસ્તાનની 'રેસ-૧'નો સાઉન્ડ ટ્રેક સાંભળતા સાંભળતા સૂવાનું રાખવું. પણ ભૂલથી પણ 'રેસ-૩'નો ટ્રેક લાગી ન જાય એનું ધ્યાન રાખવું, નહીતર તમારી ગાડી રોડ પરથી ઉતરી જવાના ચાન્સીસ પણ છે!

ધન લાભ માટે બીજો પણ એક પ્રયોગ છે. જેમ કે સ્વપ્નમાં આગ લાગેલી દેખાય એ પણ શુભ સંકેત છે અને એ ધન લાભ સૂચવે છે. આવી રીતે ધન લાભ મેળવવો હોય તો તમારે ઈન્સ્ટાગ્રામ ઉપર ધુરંધર ફિલ્મની રીલ ચાલુ કરીને સૂઈ જવું પડે! જોકે આ પ્રયોગ થોડો જોખમી છે માટે તમારે કોઈને કહીને સૂઈ જવું પડે કે કાનમાંથી ધુમાડા-બુમાડા જેવું કંઈ નીકળતું દેખાય તો ફોન સ્વિચ ઓફ કરી દે નહીતર અમારી જેમ 'બધિર' થઈ જવાના ચાન્સીસ ખરા!

સ્વપ્નમાં ઝવેરાત દેખાય તો એ કાર્ય સિદ્ધિનો સંકેત છે અને એ માટે તમે 'જોધા અકબર'ના ઐશ્વર્યા પર ફિલ્માવેલા ગીતો સાંભળતાં સાંભળતાં સૂઈ જાવ તો ચાલે. પણ સૂતી વખતે ફોન પત્નીથી દૂર રાખવો જરૂરી છે નહીતર તમારી પાસેથી ઝવેરાત અને દાગીના મેળવવાનું એનું સપનું સિદ્ધ થઈ જાય એવું પણ બને!

સ્વપ્નમાં ખળખળ વહેતું પાણી દેખાય તો માણસને માનસિક શાંતિ મળે છે. તમે જો મોંઘીદાટ ગાડી લઈને બેઠા હોવ અને યુદ્ધના કારણે પેટ્રોલના ભાવ વધારાની રોજેરોજ આવતી અફવાથી તમારી માનસિક શાંતિ હણાઈ ગઈ હોય તો તમે સૂતી વખતે નળમાંથી વહેતા પાણીનો અવાજ સાંભળતાં સાંભળતાં સૂઈ જવાનું રાખજો! એનાથી તમને નળમાંથી મફતના ભાવે પેટ્રોલ આવતું હોય એવા સપના તો આવશે જ પણ સાથે સાથે તમારું બ્લડ પ્રેશર પણ નીચું આવશે. તમે સવારે પ્રફુલ્લિત હૃદય સાથે ઉઠશો. જોકે સપનામાં સવાર પડે એ પહેલાં મોબાઈલ ઓફ થઈ જાય એવી વ્યવસ્થા રાખવી નહીતર એ 'પાણી'થી 'પ્રાત:ક્રિયા' કરવી પેટ્રોલના ભાવ કરતા વધુ દાહક રહેશે! ફી

## સુનભાઈ સાધો...



કેટલીકવાર આપણા ગમા–અણગમા
પાછળનું કારણ વિચિત્ર હોય છે.
મને બંદા પરવર,
થામ લો જિગર...
ગીત નહોતું ગમતું કેમ કે મને
પરવળનું શાક નહોતું ભાવતું.



વિષ્ણુરામ ચેવડાવાળા
જુના અને જાણીતા... દેશ-વિદેશમાં નામાંકિત...
SINCE 1932
VISHNURAM
CHEVEDAWALA
અસલ સોલાપુરી ચેવડો
લીલો સુકો ચેવડો
લીલો (નરમ) ચેવડો
મકાઈનો ચેવડો
ફરાળી ચેવડો
લસણ ચેવડો
સ્પે. નડીયાદી મીક્ષ
ઘઉંનો ચેવડો
ભાખરવડી
દરેક જાતના સ્વાદિષ્ટ ચેવડા અને ફરસાણ મળશે
Vishnuram F. & Co.
Near Amdavadi Pole, Raopura, Vadodara -1.
M. +91 9824796796 / 9499778778
Home Delivery Any Where (By Courier)




CHIPS
INTERNATIONAL
પરદેશ
પાર્સલ સેવા
WE MOVE IT FAST
GUARANTEED
આપણા સગા સંબધીઓને કપડા, વાસણ, નાસ્તા,
મિઠાઇ, અથાણા,મુખવાસ, મરી-મસાલા ઘરવખરી હાન્ડીક્રાફ્ટ
મંદિર, મુર્તિ વગેરે આઇટમ ડોર ટુ ડોર મોકલાવી આપીશું.
SELF
COMMITED
RESPONSIVE
ECONOMICAL
RELIABLE
TRUSTED
Contact Us
98980 95632, 85111 95632
B-2, GALAXY COMPLEX, B/H NATIONAL PLAZA, R.C.DUTT ROAD,ALKAPURI, VADODARA.




NUMEROLOGY
CONSULTATION
" Numerology can change your destiny "
SS Numerologistt
Numerologists claim to divine the future through ancient practices related to the numbers associated with a person's name, birth date, and other basic aspects of life.
They also profess to interpret the past, discern a person's character, and measure the amount of luck a person has.
Fix your Career, Health, Wealth & Relationship by fixing the numbers in your life.
Fourtune Teller Sangeeta Shukla
Call For Appointment
+91- 7678427245
HOW DO WE GUIDE?
Analysis of date of birth
Lucky Colour & Numbers
Name spelling correction
Signature Correction
Relationship & Health
Business Guidence
Mobile Numerology
Vastu Guidence




વડોદરામાં પ્રથમવાર સિમ્યુલેટર દ્વારા
મોટર કાર - ફોર વ્હીલર ચલાવતા શીખો
ફાલ્ગુનીબેન : (O) ૮૨૩૮૦૯૮૮૫૦
શ્રી આસ્થા મોટર ટ્રેનીંગ સ્કૂલ
DRIVING SCHOOL
lessons and practice
STOP
ફોરેન ટાઈપ સિમ્યુલેટર દ્વારા
આપવામાં આવતુ શિક્ષણ
FF- 6, આદિત્ય એવન્યું, કોટક મહિન્દ્રા બેંક સામે,
મહાવીર હોલ ચાર રસ્તા, આજવા રોડ, વડોદરા.

# મે ૨૦૨૬નું માસિક ફળકથન

**મેષ (અ.લ.ઈ.)**
આ મહિનો તમારા માટે આનંદદાયક રહેશે. પારિવારિક જીવનમાં તમે ખૂબ ખુશ રહેશો અને જીવનસાથીની ભાવનાઓને સારી રીતે સમજી શકશો. પ્રેમ જીવનમાં થતી કેટલીક મુશ્કેલીઓ તમને થોડા અસ્વસ્થ કરી શકે છે. વેપારી વર્ગને વ્યવસાયમાં સારી સફળતા મળશે અને કોઈ મોટા પ્રોજેક્ટને લઈને તમે ખૂબ ખુશ રહેશો. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડશે.

**વૃષભ (બ.વ.ઉ.)**
આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. પ્રેમ જીવનમાં થોડી ખેંચતાણ રહી શકે છે, પરંતુ પરિણીત લોકો માટે સમય સારો રહેશે. નોકરીમાં બોસ તરફથી સારા સમાચાર મળવાની શક્યતા છે. પિતાની સલાહ કાર્યક્ષેત્રે મદદરૂપ થશે. રોકાણ વિચારીને કરવું અને ખર્ચ પર કાબૂ રાખવો. અભ્યાસમાં મહેનત વધારવી પડશે; બેદરકારી મુશ્કેલી ઊભી કરી શકે છે. તબિયત સાચવવી.

**મિથુન (ક.છ.ઘ.)**
આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. નોકરીની સમસ્યાઓ ઉકેલાશે અને સમય સાનુકૂળ રહેશે. વેપારમાં નવી દિશા મળશે. આર્થિક બાબતોમાં તમે મોટા અને ફાયદાકારક નિર્ણયો લેશો. તબિયતમાં બેદરકારી ન રાખવી. એકાગ્રતાના અભાવે મુશ્કેલી આવી શકે છે, તેથી અભ્યાસમાં વધુ સાવધ રહેવું. પિતા સાથેના સંબંધો મધુર રહેશે અને ઘરમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થઈ શકે છે.

**કર્ક (ડ.હ)**
આ મહિનો મધ્યમ રહેશે. દેખાડો કરવાથી બચવું અને ખર્ચ પર અંકુશ રાખવો, નહીં તો નુકસાન થઈ શકે છે. રોકાણ કે પૈસાની લેવડ-દેવડ વિચારીને કરવી. તમારી વાણી અને જીભ પર સંયમ રાખવો જરૂરી છે. તબિયતમાં સુધારો થશે, પરંતુ નાની સમસ્યાઓ ટાળવા માટે સારી દિનચર્યા અને શિસ્તબદ્ધ જીવનશૈલી અપનાવવી. અભ્યાસમાં એકાગ્રતા વધારવી પડશે.

**સિંહ (મ.ટ.)**
આ મહિને સાવધ રહેવું. આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે, તેથી કોઈને પણ નાણાકીય વચન આપવાનું ટાળવું. માતાના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું, તેમાં થોડી નરમાશ આવી શકે છે. સહકર્મીઓ સાથે મિશ્ર સંબંધો રહેશે, પરંતુ કોઈ વાત પર વિવાદ થવાની શક્યતા છે. કાનૂની વિવાદોના ઉકેલથી મિલકત મળવાના યોગ છે. આ મહિને વધુ ઊંચાઈવાળી જગ્યાએ જવાનું ટાળવું જોઈએ.

**કન્યા (પ.ઠ.ણ.)**
આ મહિને દરેક કામ વિચારપૂર્વક કરવું, મોટું આર્થિક નુકસાન થવાની શક્યતા છે. અભ્યાસમાં તણાવ રહી શકે છે; સફળતા માટે પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. હૃદય સંબંધિત સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું, માનસિક શાંતિ જાળવવી. પ્રિયજન સાથેના સંબંધોમાં કડવાશ આવી શકે છે, તેથી વાણી અને વર્તન પર સંયમ રાખવો.

**તુલા (ર.ત.)**
આ મહિનો તમારા માટે એકંદરે સકારાત્મક અને ફળદાયી રહેશે. અભ્યાસમાં પ્રદર્શન સારું રહેશે. સરકારી નોકરીની તૈયારી કરનારાઓને સફળતાના યોગ છે. વ્યવસાયમાં અજાણી વ્યક્તિ પર ભરોસો ન કરવો. કાર્યક્ષેત્રમાં ફેરફાર ટાળવો, જોકે તમારા સારા કામ બદલ પુરસ્કાર મળી શકે છે.તમારી વધુ પડતી ખર્ચ કરવાની આદત મુશ્કેલી ઊભી કરી શકે છે, તેથી સંયમ રાખવો.

**વૃશ્ચિક (ન.ય.)**
આ મહિનો તમારા માટે મિશ્ર ફળદાયી રહેશે. વેપારમાં સારો નફો અને ભાગીદારીમાં લાભ થવાની શક્યતા છે. એકંદરે વ્યવસાયની સ્થિતિ સામાન્ય રહેશે. આર્થિક ચિંતા કરવાની જરૂર નથી બચત પર ખાસ ધ્યાન આપવું અને ખોટા ખર્ચ ટાળવા. તબિયત સારી રહેશે. ખાણી-પીણી અને દિનચર્યામાં કરેલા સુધારાથી તમોને સ્વાસ્થ્યમાં મોટી રાહત મળશે.

**ધન (ભ.ધ.ફ.)**
સામાન્ય રીતે આ મહિનો તમારા માટે વિચારપૂર્વક કામ કરવાનો રહેશે. નોકરી બદલવાનું ટાળવું; હાલની જગ્યાએ જ પ્રમોશન મળવાના યોગ છે. આર્થિક સમસ્યાઓ ઉકેલાશે અને સ્થિતિ મજબૂત બનશે. મિલકતમાં લાંબા ગાળાનું રોકાણ ફાયદાકારક રહેશે. જૂની સ્વાસ્થ્ય સમસ્યાઓમાંથી રાહત મળશે. કોઈ પણ અજાણી વ્યક્તિ પર આંધળો વિશ્વાસ ન કરવો.

**મકર (ખ.જ)**
આ મહિનો તમારા માટે સામાન્ય રહેવાનો છે. પૈસા અંગે અજાણ્યા લોકો પર વિશ્વાસ કરવો નહીં. તમે મુસાફરી પર પણ ઘણા પૈસા ખર્ચ કરી શકો છો. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકો ખુશીઓથી તૃપ્ત થશે. તમારા લગ્નજીવનમાં, તમારા જીવનસાથીની લાગણીઓ પર સંપૂર્ણ ધ્યાન આપવું. જેથી બંને વચ્ચે થોડું અંતર હોય તો પણ તે સરળતાથી દૂર થઈ શકે.

**કુંભ (ગ.શ.સ.)**
આ મહિનો તમારા માટે ખુશીઓ ભરેલો રહેવાનો છે. તમે જે પણ કામ કરો છો તેમાં તમને ચોક્કસ સફળતા પ્રાપ્ત થશે અને તમારી ધન-સંપત્તિમાં વધારો થઈ શકે છે. તમને ભાગ્યનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. તમારા કામને ધીરજ અને હિંમતથી સંભાળવાની જરૂર છે. તમારું સ્વાસ્થ્ય પહેલાની સરખામણીમાં વધુ સારું રહેશે. તમારે તમારા બાળકોની સંગત પર પણ ખાસ ધ્યાન આપવું જોઈએ.

**મીન (દ.ચ.ઝ.)**
આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે, પરંતુ પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે, ખર્ચાઓ પ્રત્યે તમારે થોડું સાવધ રહેવું. આ મહિને તમારી આવકને ધ્યાનમાં રાખીને ખર્ચ કરવો. તમારી કેટલીક કૌટુંબિક સમસ્યાઓ તમને વ્યથિત કરશે. તમારી કેટલીક નાની બેદરકારી તમારા માટે સમસ્યારૂપ બની શકે છે.

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
કેવું રહેશે ૨૦૨૬!
જાણો, ગણેશાસ્પીક્સ ના વિદ્વાન જ્યોતિષિયો પાસેથી
ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો, અને મેળવો
₹ 100/- ના રિચાર્જ પર ₹ 200/- નું બેલેન્સ
QR સ્કેન કરો ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો
આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.
જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.



# U.S.A. ફિલાડેલ્ફીયામાં એશિયન અમેરિકન હોટેલ ઓનર્સ એસો. (AAHOA) નું વાર્ષિક સંમેલન ભવ્યતાથી યોજાયું



Nalini Raja Patel

અમેરિકાના ફિલાડેલ્ફીયામાં આયોજિત એશિયન અમેરિકન હોટેલ ઓનર્સ એસો.નું વાર્ષિક સંમેલન પાંચ હજાર જેટલા આમંત્રિતોની ઉપસ્થિતિમાં ભવ્યતાથી યોજાયું હતું. આ સંમેલનમાં મોટી સંખ્યામાં હોટેલ માલિકો, સંચાલકો તેમજ વેન્ડર્સ હાજર રહ્યા હતા.

આ સંમેલનની થીમ 'STRONG ROOTS STRONGER AAHOA' હતી. જેનો ઉદ્દેશ્ય એસોસિએશનના સભ્યો વચ્ચે આત્મીયતા વધારી હોટેલ માલિકોની નફાકારકતાને જાળવી રાખવાનો હતો.

વર્તમાન સંજોગોમાં આર્થિક અનિશ્ચિતતા, વધતો-જતો હોટેલ બિઝનેસનો સંચાલન ખર્ચ તથા ઝડપથી આવી રહેલ ટેકનિકલ પરિવર્તનોનો સામનો કઈ રીતે થઈ શકે તેની વ્યૂહ રચના અંગે વિવિધ વકતાઓ દ્વારા ખૂબ જ નોલેજેબલ માહિતી આપવામાં આવી હતી.

માનવશ્રમની અછત, વીમાના પડકારો તથા ઓટોમેશનને આવરી લેતી બાબતો વિશે આ સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો પોલ બ્રાઉન, રાહુલ કપૂર તથા ડૉ. સુધીર મહેતા જેવા વિચક્ષણ વકતાઓએ જણાવ્યું હતું કે, 'AAHOA નો મુખ્ય ઉદ્દેશ બજારની સ્થિતિ મુજબ ઝડપથી બદલાવ લાવવો. ખાસ કરીને યુવા વ્યવસાયિકોએ હોસ્પિટાલિટી ઉદ્યોગમાં કઈ રીતે આગળ ધપવું તેની સમજ આપવામાં આવી હતી.

મહિલાઓ માટેના સત્ર 'Her Ownership'માં શિરા મિલરે ઉપસ્થિત મહિલા ઉદ્યોગ સાહસિકોને શૂરવીરતા પૂર્વક જણાવ્યું કે, 'હવે કોઈની પરવાનગીની રાહ જોવાનું બંધ કરો અને તમારી સિદ્ધિઓ સાથે તમારા અવાજ પર ગર્વથી આગળ વધો.'

સંમેલનમાં આયોજિત ટ્રેડ-શોમાં વિક્રેતાઓએ AI આધારિત રેવન્યુ મેનેજમેન્ટ તથા ઊર્જા બચત અંગે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરાઈ હતી. AAHOA ના સભ્ય વિજય પટેલ તથા રિશાન પટેલને ઉત્કૃષ્ટ કામગીરી બદલ એવોર્ડ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. AAHOA ના પ્રેસિડન્ટ અને CEO લોરા લી બ્લેકે 'દરેક પુરસ્કાર વિજેતાએ નેતૃત્વ અને સેવા થકી આ ઉદ્યોગને આગળ વધાર્યો છે' તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે મૂળ સુરતના ગ્લોબલ ગુજરાતી શ્રી રાહુલ પટેલની વર્ષ ૨૦૨૬-૨૭ માટે AAHOA ના ચેરમેન તરીકે વરણી કરાઈ હતી તથા સંસ્થાના સેક્રેટરી તરીકે શ્રી ધીરેન માસ્ટર્સની વરણી કરાઈ હતી. આ અગાઉ તેમણે નોર્થ ટેકસાસ રિજીયોનલ ડિરેક્ટર તરીકે પણ પોતાની સેવાઓ આપી હતી તેમજ AAHOA ના નેતૃત્વનો ૯ વર્ષનો અનુભવ પણ ધીરેનભાઈ ધરાવે છે.

આમ આ સમારંભ ઉપસ્થિત તમામ સભ્યોમાં એક નવો આશાવાદ જગાડી આવનારા પડકારોનો સામનો કરવા માટેની નવી ઊર્જા પ્રદાન કરનારો બની રહ્યો હતો.

બોલિવુડની પ્રખ્યાત સંગીતકાર ત્રિપુટી શંકર-એહસાન-લોયની શાનદાર સંગીત પ્રસ્તુતિ પણ અદ્‌ભૂત હતી. આવા સુંદર કાર્યક્રમના આયોજન બદલ આયોજકોને ફીલિંગ્સ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.



Rahul Patel
AAHOA - Incoming Chairman



Dhiren Masters
AAHOA - Incoming Secretary



Kamlesh Patel
AAHOA - Outgoing Chairman



Laura Lee Blake
AAHOA Pres & CEO



Shira Miller
Women's Session Speaker



## રામનવમીએ માથેરાન બની ગયું અવધ ધામ

દક્ષિણ મુંબઈના માધવબાગ સ્થિત શ્રી લક્ષ્મી નારાયણ મંદિર સંચાલિત માથેરાનના શ્રી રામ મંદિરમાં પરંપરાનુસાર રામનવમીની ખૂબ જ હર્ષોલ્લાસ અને ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી હતી.

મુંબઈની પ્રસિદ્ધ ગાયિકાઓ રેખા ત્રિવેદી, શ્રદ્ધા શ્રીધરાણી તથા અન્ય ભજનિકોએ રામજીના પ્રચલિત ભજનો, ગોસ્વામી તુલસીદાસજીના રામચરિતમાનસના બાલકાંડની ચોપાઈઓ અને સ્તુતિઓનું ગાન કરી સૌને ભક્તિભાવમાં તરબોળ કર્યા હતા તેમજ સાહિત્ય, ગીત, સંગીત અને ગઝલના કલાકારોએ પોતાની કળાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

સાહિત્યપ્રેમી ટ્રસ્ટી કૃષ્ણકાંત ચિતલિયાના આમંત્રણને માન આપી શ્રી ઉદયન ઠક્કર, ભાગ્યેશ ઝા, જવાહર બક્ષી, રાજુલ દિવાન, પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ, ઓમ યાદવ, ધર્મેશ વકીલ, દીપક ઘીવાળા, હિતેન આનંદપરા, ડૉ. જે.જે. રાવળ, ડૉ. દીપક મહેતા, કુંદન વ્યાસ, ટિકુ તલસાણીયા, ઉત્કર્ષ મઝમુદાર, અરવિંદ વેકરીયા તથા જય વસાવડા સહિત અનેક નામાંકિત પત્રકારો, સાહિત્યકારો, કવિઓ, લેખકો, ગાયકો, ડોક્ટરો તથા ઉદ્યોગપતિઓએ રામનવમીની ઉજવણીમાં સહભાગી બની માથેરાનને અવધધામ બનાવ્યું હતું.

– ધર્મેશ વકીલ



## મુંબઈ ભાજપ જૈન સેલના પ્રમુખ તરીકે શ્રી સી.વી. શાહની વરણી

મુંબઈ મહાનગર સહિત દેશના અન્ય રાજ્યોમાં પ્રભુત્વ ધરાવતા અને આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંકળાયેલા શ્રી સી.વી. શાહની મુંબઈ ભાજપ જૈન સેલના અધ્યક્ષ તરીકે વરણી તાજેતરમાં કરવામાં આવી છે.

આ પ્રસંગે રાષ્ટ્રસંત પૂ. ગુરૂદેવશ્રી નમ્ર મુનિ મહારાજ સાહેબ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસજી, મુંબઈ મહાનગર ભાજપના અધ્યક્ષ શ્રી અમિત સાટમજી સહિત અનેક રાજકીય, સામાજિક આગેવાનો તથા આચાર્ય ભગવંતોની પાવન ઉપસ્થિતિમાં શ્રી સી.વી. શાહના શીરે જૈન સમાજનું નેતૃત્વ કરવા માટે મુંબઈ ભાજપ જૈન સેલના પ્રમુખ તરીકેની તાજપોશી કરાઈ હતી.

ભક્તિ, સેવા અને માનવતાના ત્રિવેણી સંગમરૂપ જેવો આ સમારંભ ઉપસ્થિત સૌને માટે યાદગાર બની રહ્યો હતો. ફીલિંગ્સ પરિવાર શ્રી સી.વી. શાહને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## જી.સી.સી.આઈ.ના પૂર્વ પ્રમુખ એવમ્ ફીલિંગ્સ મલ્ટીમીડિયા લિ.ના એડવાઈઝર શ્રી મહેન્દ્રભાઈ શાહના ધર્મપત્નીનું થયેલ દુઃખદ અવસાન



સ્વ. તરૂલતાબેન મહેન્દ્રભાઈ શાહ

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI)ના પૂર્વપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહના ધર્મપત્ની તેમજ રૂપાબેન શાહ તથા અલ્પાબેન શાહના માતુશ્રી તરૂલતાબેનનું તાજેતરમાં (તા. ૦૪/૦૪/૨૦૨૬) અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું છે.

તરૂલતાબેનના નિધનથી મહેન્દ્રભાઈના પરિવારને ન પૂરાય તેવી ખોટ પડી છે. ફીલિંગ્સ પરિવાર સાથે આગવો આત્મીય નાતો ધરાવનાર મહેન્દ્રભાઈ તથા તરૂલતાબેનના નિર્વ્યાજ પ્રેમને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ખૂબ જ મિલનસાર અને માયાળું સ્વભાવ ધરાવતા તરૂલતાબેનના અવસાનથી વ્યથિત 'ફીલિંગ્સ પરિવાર' તેઓના પુણ્ય પવિત્ર આત્માના મોક્ષ અર્થે મહાવીર પ્રભુના ચરણોમાં પ્રાર્થના પુષ્પો અર્પણ કરી પોતાની લાગણી ભીની સંવેદના વ્યક્ત કરે છે. જય જિનેન્દ્ર.

## નાની વયે મોટી સિદ્ધિ હાંસલ કરનાર મિરાન ભટ્ટ



મિરાન ભટ્ટનું લખેલું પુસ્તક 'Eco Hero with Miro and Firo'ને દિલ્હીના સમારોહમાં 'નેશનલ બેસ્ટ સેલર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવેલ છે. મિરાન ભટ્ટ દ્વારા લખાયેલું આ બીજું પુસ્તક છે જે બેસ્ટ સેલર બન્યું છે. મિરાન ભટ્ટને નાની વયે મોટી સિદ્ધિ હાંસલ કરવા બદલ ફીલિંગ્સ પરિવાર તરફથી અભિનંદન.



## ગુજરાતમાં પ્રથમ અને ભારતમાં બીજી ડિજિટલ લાઉન્જનું વડોદરા રેલ્વે સ્ટેશન પર થયું લોકાર્પણ

વડોદરા રેલ્વે સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે ડિજિટલ વી.વી.આઈ.પી. લાઉન્જનું લોકાર્પણ સાંસદ શ્રી હેમાંગ જોશીના વરદ્ હસ્તે થયેલ. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કેયૂર રોકડિયા, રેલ્વે ડીઆરએમ શ્રી રાજુ ભડકે સહીત રેલ્વે અધિકારીઓ તેમજ આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિ રહી હતી.

દેશના હવાઈ મથકો જેવી લેપટોપ પર બિઝનેશ મિટીંગ તેમજ અન્ય કામકાજ તથા રિફ્રેશિંગ અને આરામ કરી ફ્રેશ થવા જેવી તમામ સુવિધા આ ડિજિટલ લાઉન્જમાં ઉપલબ્ધ છે.



# મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘના માસિક- 'ગુજરાતી પત્રકાર વિશ્વ' અને 'પત્રકાર ગીત'નું શાનદાર લોકાર્પણ

મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘને આત્મનિર્ભર બનાવી પ્રગતિના નવા શિખર સર કરવા માટેના પ્રથમ સોપાન તરીકે સંઘના માસિક મુખ પત્ર 'ગુજરાતી પત્રકાર વિશ્વ'ના પ્રથમ અંકનું અને 'પત્રકાર ગીતનું શાનદાર લોકાર્પણ થયું.

આ સમારંભમાં ગુજરાતી પત્રકાર સંઘના દિગ્ગજો ગુજરાત સમાચારના તંત્રી શ્રી ભાલચંદ્ર જાની, ચિત્રલેખાના તંત્રી શ્રી હિરેન મહેતા, પૂર્વ સાંસદ ગોપાલ શેટ્ટી, વિધાન સભ્ય સંજય ઉપાધ્યાય, શ્રીમતી મનિષા ચૌધરી, મુંબઈના નાયબ મેયર સંજય ઘાડી, એપેક્ષ કાઉન્સીલના સભ્ય ભુષણ પાટીલ, વેપારી અગ્રણીઓ ભરત શાહ, સંજય ગુપ્તા, દિનેશ ઝાલા, સંઘ પ્રમુખ કુનેશ દવે, ગુજરાતી પત્રકાર વિશ્વના તંત્રી સંજય શાહ, મંત્રી ધીરજ રાઠોડ, સહમંત્રી નિમેષ દવે, કોષાધ્યક્ષ જીતેશ વોરા, સમિતી સદસ્યો સપના દેસાઈ, ઉમેશ દેશપાંડે, ધર્મેશ વકીલ, દીનેશ સાવલીયા, મનીષ મહેતા, ધમેન્દ્ર ભટ્ટ, ઉમેશ ત્રીવેદી સહિત માંગરોળ મલ્ટિમિડીયાની સમગ્ર ટીમે આ લોકાર્પણ કાર્યક્રમને સફળ બાનવ્યો હતો.

સંઘ પ્રમુખ કુનેશ દવે એ પત્રકારોના લાભાર્થે ભવિષ્યમાં અવનવા આયોજન થતાં રહેશે તેવી જાહેરાત કરી હતી જેને ઉપસ્થિત સર્વ પત્રકારોએ હર્ષથી વધાવી હતી.

અહેવાલ - ધર્મેશ વકીલ (મુંબઈ)




# અમદાવાદમાં AACA દ્વારા યોજાયો 'Media Advantage - 2026' ટૉક-શો

અમદાવાદ એડવર્ટાઈઝિંગ વેલફેર સર્કલ એસોસિએશન (AACA) દ્વારા Media Advantage નામના ભવ્ય ટોક-શોનું સુંદર આયોજન કરવામાં આવેલ. આનો ઉદ્દેશ મીડિયાની સાચી તાકાત શું છે અને કેવી રીતે 'ઈન્ટિગ્રેટેડ પ્લાન' કોઈપણ બ્રાન્ડનું નસીબ બદલી શકે છે તે સમજવાનો હતો.

જાગરણ ગ્રુપના શ્રી બસંત રાઠોડે ખૂબ જ ગહન વાત કરતા કહ્યું કે, 'આજના 'ફેક ન્યૂઝ' અને માહિતી વિસ્ફોટના યુગમાં, પ્રિન્ટ મીડિયા (અખબાર) વિશ્વસનીયતા સ્થાપિત કરવાનું સૌથી સશકત માધ્યમ છે.'

રેડિયો મિર્ચીના શ્રી યતીશ મહર્ષિએ ડિજિટલ યુગમાં રેડિયોની મહત્ત્વતા સમજાવતા કહ્યું કે, 'આપણી પાસે મીડિયાના અનેક વિકલ્પો છે પરંતુ રેડિયો એવું માધ્યમ છે જે શ્રોતાઓ સાથે ખૂબ જ વ્યક્તિગત સ્તરે સંવાદ કરે છે.'

ભારત ૨૪ ન્યૂઝ ચેનલના શ્રી મનોજ જગ્યાસીના મતે કોઈ પણ બ્રાન્ડને લોકો સુધી પહોંચવું હોય તો ટીવી ઉત્તમ વિકલ્પ છે.

મોમ્સ આઉટડોરના શ્રી જયેશ યાજ્ઞિકે આઉટડોર મીડિયાની ખૂબ જ રસપ્રદ વ્યાખ્યા આપી હતી.

કોમિક-યુકેના ડૉ. કુશલ સંઘવીએ કહ્યું કે, 'ડિજિટલ મીડિયા હવે માત્ર 'જાગૃતિ' ફેલાવવાનું સાધન રહ્યું નથી. હવે ગ્રાહક અને બ્રાન્ડ વચ્ચેનું અંતર પણ ખતમ થયું છે.'

સમગ્ર કાર્યક્રમના સંચાલક અને માઈકા (MICA) ઈન્સ્ટિટ્યૂટના ડૉ. સંતોષ પાત્રાએ આ ચર્ચાને નવી દિશા આપતા કહ્યું કે, 'દરેક માધ્યમની પોતાની આગવી તાકાત હોય છે. એક કુશળ મીડિયા પ્લાનર અને એડવર્ટાઈઝિંગ એજન્સીનું કામ આ તમામ માધ્યમો વચ્ચે 'સિનર્જી' (તાલમેલ) કેળવવાનું છે.'

AACAના પ્રમુખ શ્રી મનીષ ગાંધીએ સંસ્થાની સિદ્ધિઓને બિરદાવતાં કોફી ટેબલ બુકની જાહેરાત કરી હતી અને AACA સતત લર્નિંગ, ઈનોવેશન અને કોલાબ્રેશન માટે પ્લેટફોર્મ પૂરું પાડવા માટે કટિબદ્ધ છે તેનો પુનરોચ્ચાર કર્યો હતો.

ગ્રો-વેલ એકેડેમી
ધો: ૧૦-૧૨ પાસ-નાપાસ

| | |
|---|---|
| હોસ્પિટલ આસિસ્ટન્ટ | ૧ વર્ષ |
| ઓપરેશન થિયેટર ટેકની. | ૧ વર્ષ |
| પેશન્ટ કેર ટેકનીશીયન | ૧ વર્ષ |
| એકસ-રે ટેકનીશીયન | ૧ વર્ષ |
| GNM નર્સિંગ | ૩ વર્ષ |

મહાવીર માર્ગ, આણંદ
99135 57505

Feelings મિર્ચી

## ગઝલ

કોઈ તો આવીને પ્રેમે આલિંગો,
હું ઊભી આ પાનખરને મેળે,
ઝાખરાંમાં અટવાયેલા પાંદડાની જેમ,
વળે ભીતરમાં એકલતા ટોળે.

સુકેલી ડાળ જેવી પંખીની જાત મારી
વીતેલી યાદોમાં ઝૂરે,
ઝૂકેલા મસ્તકને પાંખમાં છુપાવી એ
વેદનામાં મૌન સાદ પૂરે.

ગળામાં જામ્યો છે એવો સુકારો કે,
હોઠ મારા ભીનાશ ફંફોળે,
કોઈ તો આવીને પ્રેમે આલિંગો,
હું ઊભી છું પાનખરને મેળે.

પાડીને સાદ હું તેડુ કોને ને અહીં,
હવા પણ કાન કરે સરવા,
એવા વેરાનમાં આવીને ઊભી કે,
શબ્દો પણ લાગ્યા છે ખરવા.

વ્યાપેલા સુનકારે હજી ભીતરમાં,
આશા ની એક ડાળ કોળે,
કોઈ તો આવીને પ્રેમે આલિંગો,
હું ઊભી છું પાનખરને મેળે.

ડૉ. ભરત જાદવ 'નિરપેક્ષ'



**૨૦૨૬માં ગણિતના પ્રશ્નો આવા પૂછાશે**
**પ્રશ્ન : જો 7Gની નેટ Speed પ્રતિ સેકન્ડ 5GB હોય તો...**
**એક મહિનાનું નેટ પેક ખરીદવા માટે કેટલા વીઘા જમીન વેચવી પડે..**

## સમસ્યા ટાંગવાનું ઝાડઃ સુખી પરિવારનો અનોખો મંત્ર



એક ખેડૂતે પોતાના વિશાળ ફાર્મહાઉસમાં જૂની થઈ ગયેલી પાઈપલાઈનનું સમારકામ કરાવવા માટે એક અનુભવી પ્લમ્બર રામજીભાઈને બોલાવ્યા. રામજીભાઈ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે તેમને લાગ્યું કે આ જગ્યા ઘણા વર્ષોથી બંધ અને ત્યજી દેવાયેલી છે-ચારે બાજુ ધૂળ અને નિષ્ક્રિયતાનો માહોલ હતો.

રામજીભાઈએ મુખ્ય નળની જામ થયેલી પાઈપ ખોલવા માટે ઘણાં પ્રયત્નો કર્યા, પરંતુ કાટ લાગેલી પાઈપ સામે તેમના સાધનો નિષ્ફળ રહ્યા. ભારે બળ લગાવતાં પણ નટ-બોલ્ટ ખૂલ્યા નહીં અને અંતે પાઈપ વચ્ચેથી તૂટી ગયો. પરિસ્થિતિથી હતાશ થઈને પણ તેમણે કામ ચાલુ રાખ્યું. થોડા સમયમાં બેધ્યાનતાને કારણે તેમના હાથ પર હથોડી વાગી. પીડા અને ગુસ્સા વચ્ચે તેમણે મુશ્કેલીથી કામ પૂરું કર્યું.

સાંજ પડતાં તેઓ થાકીને લોથપોથ થઈ ગયા અને જ્યારે પોતાના વાહન પાસે પહોંચ્યા, ત્યારે ખબર પડી કે તેમના સ્કૂટરના ટાયરમાં પણ પંચર હતું. આ નિષ્ફળતાઓથી વ્યથિત થઈ તેમણે ફાર્મના માલિક મગનભાઈને તેમને ઘરે મૂકી જવા વિનંતી કરી. મગનભાઈએ તરત જ સ્વીકારી તેમને કારમાં ઘરે છોડવા ગયા.

રસ્તામાં રામજીભાઈ મૌન રહ્યા, પરંતુ તેમના ચહેરા પરનો તણાવ સ્પષ્ટ દેખાતો હતો. ઘરે પહોંચ્યા પછી તેમણે મગનભાઈને ચા-પાણી માટે આમંત્રણ આપ્યું. ઘરમાં પ્રવેશતા પહેલાં રામજીભાઈ ફળિયામાં ઊભેલા એક જૂના વૃક્ષ પાસે ગયા અને તેના થડને પ્રેમથી સ્પર્શ કર્યો. આશ્ચર્યજનક રીતે તેમના ચહેરા પરનો તણાવ ઓગળી ગયો અને તેઓ શાંત સ્મિત સાથે ઘરમાં પ્રવેશ્યા.

આ દ્રશ્ય જોઈ મગનભાઈને આશ્ચર્ય થયું. પછી તેમણે પૂછ્યું કે આ ઝાડમાં એવી કઈ શક્તિ છે કે તેને સ્પર્શ કરતાં જ તમારો ગુસ્સો શાંત થઈ જાય છે?

રામજીભાઈ સ્મિત સાથે બોલ્યા, હું કામ પરથી ઘરે આવું ત્યારે દિવસભરના દુઃખ, ગુસ્સા અને સમસ્યાઓનું પોટલું સાથે લાવું છું. પરંતુ એ બધું હું મારા પરિવાર પર પડવા દેતો નથી. તેથી હું આ ઝાડને 'સમસ્યા ટાંગવાનું ઝાડ' કહું છું. ઘરમાં પ્રવેશતા પહેલાં હું મારા બધા પ્રશ્નો અહીં ટાંગી દઉં છું અને સવાર સુધી પ્રભુને સોંપી દઉં છું.

તેમણે આગળ કહ્યું, સવારે જ્યારે હું પાછો એ પોટલું લેવા આવું છું, ત્યારે મોટા ભાગના પ્રશ્નો તો ગાયબ થઈ ગયેલા હોય છે, અને ક્યારેક તો પોટલું ખાલી જ હોય છે! ઘરમાં પ્રવેશ્યા પછી હું માત્ર પતિ અને પિતા હોઉં છું-પ્લમ્બર નહીં.

આ સાંભળીને મગનભાઈ ગદગદ થઈ ગયા. તેમને સમજાયું કે સુખી જીવન જીવવાનો સૌથી સરળ માર્ગ એ જ છે-ઘરના દરવાજા બહાર પોતાની સમસ્યાઓ ટાંગી દેવી.

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road, Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah


PATEL BROTHERS
પટેલ બ્રધર્સ...છવાય ગુજરાતી, ખવાય ગુજરાતી ને ગવાય ગુજરાતી..
Patel Brothers is U.S. based grocery retail chain that focuses on flavors and foods found in the Indian sub-continent and the Middle East.
we strive to reconnect people with the familiar flavors of India.
Guarantee the best spices and freshest foods
Our mission is to bring the best ingredients from around the world, right to your doorstep.
ORGANIC
OPEN
Wide variety Grocery & Spice products
North American retail locations Found 51 locations
Patel Brothers
Patel Family's journey to build their own business.
Groceries including dry goods, frozen items & fresh produce.
PATEL BROTHERS
PATEL BROTHERS FARMERS MARKET
PATEL BROTHERS
"Celebrating Our Food...Our Culture"
PATEL BROTHERS
All Online orders are fulfilled ONLY at
Patel Brothers
2410 Army Trail Rd. Hanover Park, IL 60133 P: 630-213-2222 F: 630-213-2259
Website : www.patelbros.com / www.patelbrothersusa.com

**PRIDE** HOTELS & RESORTS
**PRIDE HOTELS LIMITED**

TRULY INDIAN.TRADITIONALLY LUXURIOUS.




## Own. Develop. Manage. Operate.

- 2,723 keys across 34 operational hotels and resorts in 32 cities*
- A confirmed upcoming addition of 32 hotels and 2341 keys across 30 cities in India
- Operate more than 90+ Banquets & 50 F&B outlets (Restaurants, Bars, Coffee shops and Bakeries)**
- 4th largest among domestic chains within family promoted hotel companies*
- Ranked 27th in the prestigious Ernst & Young's DEI 100 and recognized as one of India's leaders
- 6th Largest hotel chain in India in terms of chain-owned inventory in the upscale, upper midscale and midscale segments
- Presence in major cities, including Delhi, Ahmedabad, Kolkata, Pune, Bengaluru, Chennai, Bhopal, Indore and Nagpur.

*As of June 30, 2025 | **As on date of this Draft Herring Prospectus

PRIDE PLAZA | PRIDE PREMIER | PRIDE ELITE | Biznotel BY PRIDE

**Over 38 years of experience managing a diverse range of hotels and resorts.**

USE Promocode : **PRIDE26** for exclusive offers

1800 209 1400 pridehotel.com centralreservations@pridehotel.com

PRIDE HOTELS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the DRHP dated September 30, 2025, with SEBI and the Stock Exchanges on September 30, 2025. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.pridehotel.com and on the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. Motilal Oswal Investment Advisors Limited and JM Financial Limited at www.motilaloswalgroup.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 41 of the DRHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. The Equity Shares offered in the Offer have not been have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside of the United States in "offshore transactions" in reliance on Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur.